

વચનામૃત અને શિક્ષણ





શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગવાન શ્રી સ્વામિનારાયણ



સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યાપી
આધ્યાત્મિક સમાજ છે, એક શાંતિચાહક સમાજ છે.
જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી
આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ.
ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી.
સંસ્થાનાં ૨૦,૦૦૦થી વધુ સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે)નો
વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે.
સંસ્થાના ૧,૦૦૦ સુશિક્ષિત સંતો તથા ૫૫,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ
આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું વહન કરે છે.
ચાહે તે રાહત કાર્યો હોય કે શૈક્ષણિક અભિયાન હોય; ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિર્માણ હોય,
વસ્ત્ર-વિતરણ કે જળસંચય અભિયાન હોય. શિક્ષણ સેવાઓમાં ગામડાંઓની પ્રાથમિક શાળાઓથી
માંડી ઇંગ્લેન્ડમાં ભવ્ય વિદ્યાર્થી સંકુલ સુધી અનેક શૈક્ષણિક સોપાન સર કર્યાં છે.
રોગનિદાન યજ્ઞો, વિક્રમસર્જક રક્તદાન યજ્ઞોથી માંડી હોસ્પિટલ સેવામાં સંસ્થાએ
તબીબી સેવાઓ વિસ્તારી છે. વ્યસનમુક્તિથી લઈને એઈડ્સ અને પર્યાવરણ જેવી
સમસ્યાઓના હલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા,
યુનો(UNO) દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.
લંડન (યુ.કે.), શિકાગો, હ્યુસ્ટન, એટલાન્ટા, લૉસ એન્જલસ, રોબિન્સવીલ (યુ.એસ.એ.),
ટોરન્ટો (કેનેડા), નૈરોબી (ઇસ્ટ આફ્રિકા), ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ), સિડની (ઓસ્ટ્રેલિયા)
વગેરે સહિત અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને સંસ્કાર-પ્રવૃત્તિ અને
માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે.
ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું
નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે.
વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિકસિત થયેલી અને પરમ પૂજ્ય
મહંત સ્વામી મહારાજના નેતૃત્વ તળે સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ,
વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ગ્રંથમાળા
વચનામૃત દ્વિશતાબ્દી ગ્રંથમાળા

વચનામૃત અને શિક્ષણ

લેખક
શ્રી હરિકૃષ્ણભાઈ શાસ્ત્રી

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

VACHANAMRUT ANE SHIKSHAN (Gujarati Edition)

By Shri Harikrishnabhai Shastri

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
March 2020. Copies: 3,000

ISBN: 978-81-7526-963-7

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૨૦૨૦

પ્રત : 3,000

કિંમત : રૂા. ૨૫-૦૦

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને એક વિરાટ અને શાશ્વત કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું. એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો. નિત્ય અહોરાત્ર ગુંજતાં એમનાં જ્ઞાનસત્રોમાં મોટે ભાગે માધ્યમ હતું – પ્રશ્નોત્તરીનું. ક્યારેક સંતો-ભક્તો આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા માટે મુમુક્ષુમાત્ર માટે ઉપયોગી એવા અદ્‌ભુત અને વ્યવહારુ પ્રશ્નો પૂછે અને ભગવાન સ્વામિનારાયણ તેનો ઉત્તર આપે. ક્યારેક ભગવાન સ્વયં પ્રશ્નો પૂછે અને સ્વયં ઉત્તર આપે. ક્યારેક પ્રશ્ન વગર પણ કૃપાવચન વરસાવે. ભગવાન સ્વામિનારાયણની એ પરાવાણીમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ વગેરે તમામ શાસ્ત્રોનો અનુભવપૂર્ણ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકતો હતો. એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો. નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને નીરખીને પ્રમાણિત પણ કર્યો.

આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક જગતના ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે. તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ અને અદ્‌ભુત અનુભવપૂર્ણ માર્ગદર્શન છે. આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્નમાત્રનું સર્વોત્તમ સમાધાન છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઊજવાઈ રહેલા આ વચનામૃત ગ્રંથના દ્વિશતાબ્દી પર્વે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વચનામૃત વિષયક વિવિધ પ્રકાશનોની શ્રેણી પ્રકાશિત કરવામાં આવી

રહી છે. વિદ્વાન સંતો અને ભક્તોએ તૈયાર કરેલી આ પ્રત્યેક પુસ્તિકાના સર્જન પાછળ ઊંડું અધ્યયન અને ચિંતન છે.

વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલો બોધ અને તેમની વચનામૃતની બોધશૈલી આધુનિક શિક્ષણજગતને પણ પ્રેરણા આપે તેવી છે. સ્વયં સર્વોપરી પરમાત્મા હોવા છતાં એક આદર્શ શિક્ષક તરીકેનું તેમનું વ્યક્તિત્વ વચનામૃતમાં સહેજે છતું થાય છે. વચનામૃતના આધારે આધુનિક શિક્ષણના પંડિતો બોધ લઈને શિક્ષણનાં મૂલ્યોને જાળવશે તો શિક્ષણનું ખરું રહસ્ય સાર્થક થશે, તે નિર્વિવાદ છે.

સ્વામિનારાયણ અક્ષરપીઠ આ પુસ્તિકાના લેખક શ્રી હરિકૃષ્ણભાઈ શાસ્ત્રીનો હાર્દિક આભાર માને છે.

આશા છે, આપ સૌને અને વચનામૃતને સમજવા ઇચ્છતા મુમુક્ષુઓ માટે આ પુસ્તિકા અત્યંત ઉપયોગી નીવડશે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ,

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ, પુષ્પદોલોત્સવ, વિ.સં. ૨૦૭૬

ક્રમિકા

યુનિવર્સિટી: નિંબતરુની છાયામાં

આંખો ફાટી જાય તેવા ઇન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતી શાળાઓ કૉલેજો અને યુનિવર્સિટીઓ નજરે ચડે છે અને એક્સ-રે મશીનની યાદ આવે છે. રૂડાં રૂપાળાં શરીર સામે એ ગોઠવાય છે કે તરત તૂટેલાં હાડકાંની કરચો દેખાવા માંડે છે.

શિક્ષણ જેવા પ્રાણતત્ત્વની, આઝાદી પછી થયેલી ઉપેક્ષા, ભારતને આઝાદીનાં ૭૦ વર્ષ પછી ભારે પડી રહી છે. આઝાદી સમયે માત્ર ૨૦ યુનિવર્સિટીઓ અને ૫૦૦ કૉલેજો ધરાવતા આપણા દેશમાં, આજે ૫૦૦ યુનિવર્સિટીઓ અને ૫૭,૦૦૦ કૉલેજો ધમધમી રહી છે!

શું આ આંકડાઓ ચિત્તને પ્રસન્ન કરે છે? તો જુઓ, ધોરણ ૧ થી ૮ સુધી ભણતાં કુલ બાળકોમાંથી ૨૭ ટકા બાળકો ભણવાનું મૂકી દે છે. ધોરણ નવમાં પ્રવેશ જ લેતાં નથી. દેશભરનાં જે બાળકો ધોરણ ૧૨ પૂર્ણ કરે છે, તેમાંથી માત્ર ૧૨ ટકા બાળકો જ ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ લે છે. આમ, અઠ્યાસી ટકા યુવાવર્ગ વિશ્વભરના કૌશલ્યવીર અને અભ્યાસનિષ્ઠ યુવાનોની સ્પર્ધામાં લગભગ નિરક્ષર પુરવાર થાય છે. (ઇકોનોમિક સર્વે ઑફ ઇન્ડિયા, ૨૦૧૪)

આ આંકડા થથરાવે તેવા ભીષણ છે. આઝાદી પછી આ ક્ષેત્રમાં કરવાના ગંજાવર કામમાંથી લગભગ કાંઈ નથી થયું, એમ કહેવું તો ખૂંચે છે, પરંતુ એટલું જરૂર કહી શકાય કે આ કામ હિમાલય ખસેડવાનું છે, અને ૭૦ વર્ષથી તો માત્ર કોદાળી-પાવડા શોધાઈ રહ્યાં છે.

સિસ્ટમના દોષ ઘણા છે, પણ આ ક્ષેત્રમાં પ્રવેશીને, સ્વગૌરવ સાથે

પ્રજ્ઞાવાન વિદ્યાર્થીઓ પકવવાની 'આગ' ધરાવતા શિક્ષકો શોધવા, તે પણ દુર્લભ થઈ રહ્યું છે. મીડિયા, ઇન્ટરનેટ અને ઘર બહારના ખૂણે ખૂણેથી મળતાં એક્સપોઝરે આજના બાળકોની બુદ્ધિને તેજ ધાર આપી છે, તર્ક અને પૃથક્કરણની તાકાત આપી છે. અને આવાં બાળકો વર્ગખંડમાં, ટ્યૂશનખંડમાં કે શાળા-કેમ્પસમાં કઈ બાબતો નોંધે છે?

શિક્ષકની આંખોમાંથી ઓલવાયેલી તેજસ્વિતાની રોશનીને; તેના ઉત્સાહના અભાવે ઘસડાતા પગને; જ્ઞાનને બદલે માહિતીઓ ટપકાવતી શિક્ષકની જીભને; તેમના પ્રતિભાહીન કલેવરને કે તેમના અંદરના ખાલીપામાંથી આવતી ખોખલી રાડોને; વર્ગખંડને કલરવને બદલે કોલાહલથી ભરી મૂકવાની 'કુનેહ'ને આ બાળકો નોંધે છે...

ગામડાં-ગામોના શિક્ષકોનાં વ્યસનોથી કદરૂપાં થયેલાં મોંને કે જેમાંથી તમાકુ જ નહીં, ક્યારેક તો દારૂ પણ ગંધાતો હોય, તેને વિદ્યાર્થીઓ નોંધે છે...

ચાલુ વર્ગે શિક્ષકોના મોબાઇલ ઉપર ફેલાતા બબડાટને, બે ખુરશીઓ ભેગી કરીને લંબાયેલા શિક્ષકના પગને, તેના ખોટા હાકોટાથી પછડાતી વર્ગોમાંની દાદાગીરીને આજનાં બાળકો નોંધે છે...

સાથે બાળકો એ પણ નોંધે છે, ક્યાંક મોગરાની કળી જેવા મઘમઘતાં સ્મિત; વરસેલા મેઘ પછીના નિર્મળ આકાશ જેવી શિક્ષકની આંખો; ખભે હાથ ફરે તો જાણે આખો હિમાલય અસ્તિત્વ પરથી ફરી ગયો હોય તેવી ટાઢક; 'વેરી ગુડ' - 'નાઇસ' - 'એબ્સોલ્યૂટલી રાઇટ'નાં પ્રોત્સાહનોમાંથી ઘડાતાં શૈશવનાં અનેક મજબૂત પાસાંઓ; માહિતીઓના કલરવની વચ્ચેથી ફૂટતા 'સર' અને 'ટીચર'ના જ્ઞાન ભરેલા ટહુકાઓ; આ બધું પણ બાળકો નોંધે છે.

વાર્તાની ખનક, વ્યક્તિત્વની નિર્મળતા, વર્તનની પ્રભાવકતા - એ તેમના ડસ્ટર કે રાડો કરતાં, એમની ધમકીઓ કે લાફાઓ કરતાં, વધારે અસરદાર હોય છે, એ બાળકો નોંધે છે.

ઉપનિષદ 'યુવાન, અનુશાસિત, સુદૃઢ અને અધ્યયનશીલ' શિક્ષક ઝંખે છે. ચાણક્ય 'પ્રગતિ અને પ્રલયને ગોદમાં સમાવનાર' શિક્ષક ઝંખે છે. માતાજી 'દિવ્ય ચેતનાનો વાહક શિક્ષક' શોધે છે. જે. કૃષ્ણમૂર્તિ 'પોતાના મહાન જીવનનું પ્રતિબિંબ વિદ્યાર્થીના હૈયે પાડે' તેવો શિક્ષક માંગે છે. ગિજુભાઈ 'માતૃહૃદયી' અને આઇન્સ્ટાઇન 'બાળકની આંતર જ્યોતિને પ્રગટાવનાર'

શિક્ષક ઇચ્છે છે. ગાંધીજી 'ચારિત્ર્યમાં ઉજ્જ્વળ અને વિષયમાં પ્રવીણ', તો બર્ટ્રાન્ડ રસેલ 'કેળવણીને આનંદની યાત્રા' બનાવે તેવા શિક્ષકની ખોજમાં છે.

આવા શિક્ષકની ખોજ જાણે વચનામૃતનાં પાનાંઓમાં પૂર્ણ થાય છે.

ભગવાન સ્વામિનારાયણની અનુભવવાણીમાં કેળવણીના જે સિદ્ધાંતો દૃષ્ટિગોચર થાય છે, તેમાં એ તારણો મળી આવે છે, જેની શિક્ષાના ક્ષેત્રને આશા અને અપેક્ષા હતી... ભગવાન સ્વામિનારાયણની યુનિવર્સિટી દાદાના દરબારના લીમડા નીચે શરૂ થઈ હતી, જે વિવિધ ગામના વિવિધ ભક્તોનાં ઘર-આંગણે પહોંચી હતી. જેમાંથી સમગ્ર જીવનના દરેક પાસાને મહેકવાનો, ખીલવાનો અને વટવૃક્ષ થવાનો મોકો મળતો હતો.

'વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ'ના ઉપક્રમે આવા અનુપમ ગ્રંથની વિશેષતાઓ વ્યક્ત કરતી પ્રકાશન શ્રેણી ભાવિકો સમક્ષ મૂકવાનું આયોજન થયું. આ પુસ્તિકામાં પણ ભગવાન સ્વામિનારાયણ એક આદર્શ વિદ્યાર્થી; ભગવાન સ્વામિનારાયણ એક આદર્શ શિક્ષક; શિક્ષણ વ્યવસ્થા અને કેળવણી અંગે ભગવાન સ્વામિનારાયણનાં મંતવ્ય અને અભિપ્રાયોને ટૂંકમાં વ્યક્ત કરવાનો વિનમ્ર પ્રયાસ થયો છે. અહીં જે જે મુદ્દાઓ લખાયા, તેમાં હજુ અનેક મુદ્દાઓ ઉમેરી શકાયા હોત; પણ અહીં માત્ર મહત્ત્વના થોડા જ મુદ્દાઓ સંક્ષિપ્ત છણાવટ અને વર્તમાન સંદર્ભ સાથે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

વચનામૃત:
વાણીનો તેજ પ્રવાહ

ઉપનિષદો કહે છે કે द्वे विद्ये वेदितव्ये परा च अपरा च!

અર્થાત્ બે વિદ્યાઓ શીખવી જરૂરી છે: એક પરા અને બીજી અપરા. એક આધ્યાત્મિક વિદ્યા છે અને બીજી ભૌતિક વિદ્યા છે.

વચનામૃત એ માત્ર આધ્યાત્મિક ગ્રંથ જ છે. એથી જ તેમાં દર્શન છે, સાધના છે, અંતર્દષ્ટિ છે, એકાંતિક ધર્મથી માંડીને અક્ષરબ્રહ્મ - પરબ્રહ્મના સનાતન વૈદિક સિદ્ધાંતની અનુભવમૂલક સ્પષ્ટતા છે.

ભગવાન સ્વામિનારાયણના ઉપદેશના આ ઐતિહાસિક સંકલનમાં, અનુભવી, વિદ્વાન અને સાચા હૃદયના શુદ્ધ પરમહંસોની ઉદાત્ત શ્રવણશક્તિના પરિચયનો સાક્ષાત્કાર છે. એમણે શ્રીહરિના મુખે જે સાંભળ્યું, તે જ શબ્દશ: ઉતારવામાં જે સજગતા, સતર્કતા, સિદ્ધાંત-સમજ અને પ્રામાણિકતાનાં દર્શન કરાવ્યાં છે, તે અનન્ય છે.

જો એમણે શ્રીહરિના તેજપ્રવાહ જેવી વાણીને આટલી અનુભવગમ્ય રીતે અને સાવધાનીથી ઝીલીને યથાર્થ સ્વરૂપમાં આપણી સામે રજૂ ન કરી હોત, તો આપણે કેટલી બાબતોથી અસ્પષ્ટ, અજ્ઞાત અને અપૂર્ણ રહી ગયા હોત!

સર્વશાસ્ત્રોના દોહન સમાન આ દિવ્ય, પવિત્ર, પરાવાણીના ગ્રંથમાંથી આપણે માત્ર શિક્ષણ કે કેળવણીના જ મુદ્દાઓ ક્યાં ક્યાં પથરાયેલા છે, અને આજના શિક્ષાકેન્દ્રી યુગમાં શ્રીહરિના કેળવણી પ્રત્યેના વિચારો કેટલા અને કેવી રીતે પ્રસ્તુત છે, તે જ સમજવાનો પ્રયાસ કરીશું.

વિષયપ્રવેશ

શ્રીહરિના શિક્ષા-સિદ્ધાંતોને સમજીએ તે પહેલાં તેના આધુનિક પરિપ્રેક્ષ્યને સમજીએ. શિક્ષણ એટલે 'એજ્યુકેશન'. આ સર્વ સામાન્ય ભાષાંતરનું મૂળ મળે છે, લેટિન ભાષાના બે શબ્દોના સંયોજનથી! તે શબ્દો છે: E+duco અહીં E અર્થાત્ out એટલે કે બહાર, અને duco એટલે કે To lead અર્થાત્ દોરવું.

એજ્યુકેશનનો સીધો અર્થ થાય છે: જે અંદર પડ્યું છે, તેને બહાર દોરી લાવવું. સંસ્કૃતમાં આ માટે શબ્દ છે: વિ + નય. એટલે કે વિશેષ રીતે માનવીના ચૈતન્યની વિલક્ષણ શક્તિઓને બહાર પ્રકાશિત કરવાની પ્રક્રિયા.

ગાંધીજીના વિચારો ઉપર ઊંડી અસર ઊભી કરનાર અને 'અન ટુ ધી લાસ્ટ'ના લેખક તેમ જ કેળવણીકાર જ્હોન રસ્કિને શિક્ષણની વેધક વ્યાખ્યા આપી છે : 'Education does not mean teaching people what they do not know. It means teaching them to behave as they do not behave.' શિક્ષણનો અર્થ એ નથી કે તમે લોકોને એ જ ભણાવ્યા કરો કે જે તેઓ જાણતા નથી, પણ શિક્ષણ તો એ છે કે તે શીખી જાય કે અમે જેમ વર્તતા નથી તેમ વર્તવાનું શરૂ કરીએ.

*બિહેવ*નો અર્થ અહીં માત્ર વર્તન કે આચાર નથી, પણ સદ્‌વર્તન કે સદાચાર છે, તે માટે કોઈ સ્પષ્ટતા કરવાની જરૂર નથી.

દેશના વિરાટ ૩૫,૦૦૦ કરોડના સ્ટેમ્પ-પેપર કૌભાંડનો સૂત્રધાર કોણ હતો? આઇ.આઇ.એમ.નો સ્નાતક!

મુંબઈના પોલીસ-કમિશનર એમ.બી.એ. હતા અને તેમણે દેશદ્રોહની અક્ષમ્ય ભૂલ માત્ર પોતાની પદવીના સ્વાર્થ માટે કરી નાખી.

નેપાળના પૂર્વ રાજવી દીપેન્દ્રસિંહે લંડનમાંથી ગ્રેજ્યુએશન કર્યું હતું, અને એક સ્ત્રીની પ્રાપ્તિ માટે આખા રાજકુટુંબને એક જ ગનથી ધડાધડ ઠાર કરી નાખી, આખી દુનિયામાં હાહાકાર અને અરેરાટી મચાવી દીધી હતી.

અણુઊર્જાને કરોડો માનવવસ્તીના હિતમાં વાપરવાને બદલે, તેના બૉમ્બ બનાવનારાઓ શું નિરક્ષર છે?

ગરીબોની કિડની કાઢીને વેચી દેનારા ડૉક્ટરો શું અભણ છે?

આપણે જે શાળાઓ સ્થાપીએ છીએ તે રામ સર્જવા; નહીં કે રાવણ!

કલામનું નિર્માણ કરવું, એ જ શાળાઓનો ઉદ્દેશ છે; નહીં કે કોઈ ગુંડો.

પણ પ્રમુખસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિએ નિરાશાના ઉદ્‌ગારો કાઢ્યા હતા કે અમે વિશ્વવિદ્યાલયોમાં સુશિક્ષિત વાંદરાઓનું નિર્માણ કરીએ છીએ!

આવા સમયે, વચનામૃતની આંગળી પકડીને ચાલવામાં જે હાશકારો અનુભવાય છે, તે આવનારા ભવિષ્યને વધુ આશાસ્પદ બનાવે છે. માહિતી અને સોશિયલ મીડિયા મેસેજોના વિસ્ફોટનો આ યુગ છે. આવા સમયમાં વચનામૃત એક જુદી, ઉત્તમ અને શ્રેષ્ઠ દિશા બતાવે છે. જેમાં શ્રીહરિની માત્ર એ જ મહેચ્છા દેખાઈ રહી છે કે આખરે વિદ્યાર્થી હોય કે સાધક, જો તે માત્ર શિક્ષક પાસે આવે, બેસે, સાંભળે અને પછી ઊઠીને, ખંખેરીને ચાલતો થાય, તો શિક્ષકના ગમે તેવા પ્રયાસોનો પણ કોઈ અર્થ નથી.

તેઓ નક્કર વર્તનના હિમાયતી શિક્ષક છે. આથી જ એમણે આગ્રહ-પૂર્વક પોતાના વર્ગખંડમાં કહ્યું હતું કે ''જો તમે સર્વે આ અમે વાર્તા કરી એવી રીતે વર્તવાનો નિશ્ચય કર્યો હોય તો એક એક આવીને મારે પગે અડીને સમ ખાવ ને એવી પ્રતિજ્ઞા કરો જે, અમારે દૃઢપણે એમ જ વર્તવું છે.' પછી સર્વે પરમહંસ તથા સત્સંગી રાજી થકા ઊઠીને શ્રીજીમહારાજનાં ચરણકમળનો સ્પર્શ કરીને નમસ્કાર કરીને પાછા બેઠા.'' (વચ. ગ.મ. ૩૫)

વચનામૃતમાં નોંધાયેલા દરેક શબ્દને જરા ધ્યાનથી જોવા પ્રયાસ કરીએ, તો અહીં વર્તવા માટે સત્સંગી અને પરમહંસ રાજી થકા ઊઠ્યા છે... જ્યારે ગુરુ પોતે જ વર્તાવવાની ખટક રાખતા હોય ત્યારે, અને વિદ્યાર્થીઓ જ્યારે રાજી થકા સદાચારની પ્રતિજ્ઞા લેવા તત્પર હોય ત્યારે, યુગ-પરિવર્તનનો ચમત્કાર બન્યા વિના રહેતો નથી.

કદાચ આ જ અનુભવને કારણે સ્વામી વિવેકાનંદજીએ કહ્યું હશે કે 'જો કેળવણી અને માહિતી બંને એક જ વસ્તુ હોય, તો પુસ્તકાલયો દુનિયાના સૌથી મોટા જ્ઞાની સાબિત થયા હોત અને વિશ્વકોષો મહાન ઋષિ બની ગયા હોત! પણ એવું કદી બન્યું નથી અને બનશે નહીં.'

હકીકત એ છે કે શિક્ષણ એ વર્ગખંડમાંથી શરૂ થતી પ્રક્રિયા નથી, તે ગર્ભખંડમાંથી શરૂ થતી પ્રક્રિયા છે. એ માનવજીવનના પરિષ્કારની અને

વિકાસની પ્રણાલી છે. માણસ પોતાના જીવનમાં જ્યારે, જ્યાં, જેટલું અને જેવી રીતે કશું પણ સર્જન કરે છે, તે છે શિક્ષણ. બસ, આજે આપણે માત્ર એટલું જ સમજીએ છીએ કે મેળવેલી માહિતી હસ્તાંતરિત કરવી તે શિક્ષણ છે. હકીકત એ છે કે હજારો વર્ષથી માનવ જે પરંપરાઓ જીવ્યો, અનુભવ પામ્યો, સમજ અને સુવિધાઓ વિકસાવી, તેની પાછળના સિદ્ધાંતોને પેઢીઓની પેઢીઓ સુધી આપતા રહેવાની સિસ્ટમ એ છે શિક્ષણ.

આ પ્રક્રિયાનું પહેલું જ સોપાન છેઃ 'જાણવું.' (વચ. લો. ૭)

ભગવાન સ્વામિનારાયણ કહે છેઃ જ્ઞાન તે જાણવાનું નામ છે. આ સાંભળતાં જ વિદ્વાન સંતવર્ય નિત્યાનંદ સ્વામી શંકા વ્યક્ત કરે છે કે હે પ્રભુ! જો જાણવું એ જ્ઞાન હોય તો પુસ્તકોમાં બધું જ લખાયું છે. અને જે લખાયું છે, તે લોકો જાણે જ છે, પણ તેમને કોઈ જ્ઞાની નથી કહેતું. માત્ર જાણકાર કહે છે. અને તેવા માત્ર ઉપરછલ્લા જાણકારોથી જ કોઈનું ભલું થયું હોય, તેવું જણાતું નથી.

તરત જ શ્રીહરિએ પોતાની વ્યાખ્યાને વધારે સ્પષ્ટ અને વિસ્તૃત કરી કે માત્ર જ્યાં જાણવારૂપ માહિતી છે, તે પછી ઈન્દ્રિયો દ્વારા તેની અનુભૂતિ થાય છે. કાનથી શ્રવણ, જીભથી સ્વાદ કે વર્ણન, ત્વચાથી સ્પર્શ કે નાસિકાથી સૂંઘવું આ પ્રક્રિયાને આજનું શિક્ષણજગત 'કાઈનેસ્થેટિક લર્નિંગ મેથડ' કહે છે, જેમાં શારીરિક સંવેદનાઓનું તાદાત્મ્ય જે-તે અભ્યાસ વિષયની સાથે જ વ્યક્તિ અનુભવી શકે છે.

જો કે તે પછી પણ જ્ઞાન અંગેનું એક પગલું આગળ વિસ્તારીને શ્રીહરિ કહે છે કે 'જીવતદાશ્રિત અનુભવજ્ઞાન.' તેને જ સાચા અર્થમાં 'જાણવું' કે 'ભણવું' કે 'શિક્ષણ મેળવવું' એમ કહેવાય.

વિદ્યાર્થીના શિક્ષણ માટેની સૌથી પ્રચલિત પદ્ધતિઓ તો આજ-કાલ માત્ર બે જ પ્રકારની જોવા મળી છેઃ એક છે શ્રવણ કરવું, અને બીજી છે મનન કરવું.

વચનામૃત સારંગપુર પ્રકરણ ૩માં તેઓ સરળ શબ્દોમાં સમજાવે છે કે કાનથી વાત સાંભળવી તેને શ્રવણ કહીએ. અને જે વાર્તા સાંભળી હોય, તે વાર્તાનો મને કરીને વિચાર કરીને જેટલી વાર્તા ત્યાગ કર્યા યોગ્ય હોય, તેટલીનો ત્યાગ કરે અને જેટલી વાર્તા ગ્રહણ કર્યા યોગ્ય હોય, તેટલીનું ગ્રહણ

કરે તેને મનન કહીએ. અને જે વાર્તા નિશ્ચય કરીને મનને વિષે ગ્રહણ કરી હોય તેને રાત-દિવસ સંભારવાનો જે અભ્યાસ રાખવો તેને નિદિધ્યાસ કહીએ. અને તે વાર્તા જેવી હોય તેવી ને તેવી જ ચિંતવન કર્યા વિના પણ સર્વે મૂર્તિમાનની જેમ ઈદમ્ સાંભરી આવે તેને સાક્ષાત્કાર કહીએ.

આ છે શિક્ષણની સાચી પદ્ધતિ. ગ્રંથોમાં લખાયેલી માહિતીની યાત્રા અનુભવના સાક્ષાત્કાર સુધી પહોંચે, તેને જ ભગવાન સ્વામિનારાયણે ઈન્દ્રિયોથી અંતઃકરણ અને ત્યાંથી જીવાત્મા સુધીનું અનુભવજ્ઞાન કહ્યું છે.

આજના શિક્ષણમાં જેની સૌથી મોટી ખામી છે, તે તરફનો નિર્દેશ કરતા હોય તેમ શ્રીહરિએ અહીં અનુભવમૂલક જ્ઞાનને જ શિક્ષાનો આધાર કહીને એક વિશેષ દૃષ્ટિકોણ પ્રસ્થાપિત કર્યો છે.

ઉમાશંકર જોશી 'વર્ગ અને સ્વર્ગ' શીર્ષક હેઠળના એક લેખમાં કહે છે કે અનુભવમૂલક જ્ઞાનનો જલતો આતશ એકના હૃદયમાંથી બીજાના હૃદયમાં પ્રગટે તે માટે જ શિક્ષકને વર્ગ મળે છે.

ભારતીય શિક્ષણ-પ્રણાલી અને પાશ્ચાત્ય શિક્ષણ-પ્રણાલીમાં મહદંશે અંતર જોવા મળે છે. પણ જો બંનેનાં તથ્યોને દર્શન તેમજ સિદ્ધાંતોને સામે રાખીને તપાસીએ તો આશ્ચર્ય થાય તેવી સમાનતા પણ ઘણી જગ્યાએ જોવા મળે છે. યુરોપના અગ્રણી શિક્ષાશાસ્ત્રી ફ્રોબેલે કહ્યું હતું કે શિક્ષણનું લક્ષ્ય એક આસ્થામય, શુદ્ધ, અભંજનીય અને તેથી જ પવિત્ર જીવનનો સાક્ષાત્કાર કરવાનું છે. શિક્ષણને સ્વયં પ્રત્યે અને સ્વયંમાં સ્પષ્ટતા પ્રત્યે નિર્દેશિત કરવું જોઈએ, જેથી તે પડકારોનો સામનો કરી શકે અને ઈશ્વર સાથે એકતા સાબિત કરી શકે.

આ બધા જ હેતુઓને જરા આદિ શંકરાચાર્યના વેદાંત-સિદ્ધાંતો સાથે સરખાવીએ તો કેવું સુંદર સામ્ય જોવા મળે છે! શંકરાચાર્ય કહે છે કે ચૈતન્ય-નગરના ચાર દરવાજા હોવા જરૂરી છે. એક શીલ, બીજો સંતોષ, ત્રીજો વિચાર અને ચોથો સત્સંગ. ફ્રોબેલ જેને આસ્થામય કહે છે, તેને શંકરાચાર્ય સત્સંગ કહે છે; તેઓ જેને શુદ્ધ કહે છે, શંકરાચાર્ય તેને શીલવાન કહે છે; ફ્રોબેલ જેને સ્વયંમાં સ્પષ્ટતા કહે છે, તેને શંકરાચાર્ય વિચાર કહે છે; અને ફ્રોબેલ જેને પડકારોનો સામનો કરવાની ક્ષમતા કહે છે, તેને શંકરાચાર્ય નિઃસ્વાર્થ સંતોષ કહે છે.

ભગવાન સ્વામિનારાયણે અનેક વચનામૃતો દ્વારા શિક્ષણની વિભાવનાને વધુ ને વધુ પ્રકાશિત કરી છે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૦માં તેઓ માત્ર એક જ સૂત્રમાં આ બાબતો પરોવીને કહે છે કે આ દેહમાં રહેનારો જીવ પોતે પોતાને જોતો નથી, પણ બાહ્યદૃષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે, પણ પોતે પોતાને જોતો નથી, તે જ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે...

જે વિદ્યાર્થીને સ્વ માટેની આટલી સ્પષ્ટતા થાય તો સ્વાભાવિક જ હશે કે તે વિચારવાન તો હશે જ! અને વિચારવાન હોવાની આટલી ક્ષમતા તેને સહજ રીતે જ સંતોષ અને શીલ સુધી લઈ જાય છે.

વળી, શ્રીહરિ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૯માં કહે છે કે સાધક કે વિદ્યાર્થી જ્યારે 'ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દૃષ્ટિ કરે છે, તે તો પોતાના સ્વરૂપને અતિ ઉજ્જ્વલ પ્રકાશમાન જુએ છે.' અહીં ભગવાનના પ્રતાપનો વિચાર, એ વિદ્યાર્થીની આસ્થામય પ્રકૃતિનું દર્શન છે. શ્રીહરિના મતે આવી અંતર્દૃષ્ટિ જ શીલનું પ્રવેશદ્વાર છે.

તેઓ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૯માં આ જ સિદ્ધાંતની સ્પષ્ટતા એક રૂપક દ્વારા સમજાવે છે કે રાજાના સિપાઈને હિંમત રહે છે કે કોઈ રાજાને વિઘ્ન કરવા જાય, તો અમે જીવના જોખમે પણ તેનો સામનો કરીશું, પણ રાજાને કષ્ટ પહોંચવા નહીં દઈએ. એમ જ આ સર્વે સંત છે, તે જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો છે, ત્યાં ઊભા રહે છે. અને પોતાના હૃદયને વિષે ધન, સ્ત્રી આદિક માયિક પદાર્થ પેસવા આવે તેનો નાશ કરી નાખે છે, અને શૂરવીરની પેઠે સાવધાન થકા ઊભા રહે છે.

જે શિક્ષણ પાછળ શીલની આવી પ્રતિષ્ઠા છે, ત્યાં 'સર્વ સંત' એટલે કે તમામ વિદ્યાર્થીઓ ખરા અર્થમાં સ્નાતક સિદ્ધ થતા હોય છે.

સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે કેળવણી એટલે પૂર્વથી જ માનવમાં રહેલી પૂર્ણતાની અભિવ્યક્તિ. જ્ઞાન માનવીમાં વારસાનુગત છે. કોઈ જ જ્ઞાન બહારથી આવતું નથી; બધું જ આંતરિક છે. જ્યારે આપણે કહીએ છીએ કે માણસ 'જાણે છે' ત્યારે ખરી રીતે તો શુદ્ધ માનસ-શાસ્ત્રીય ભાષામાં તેનો અર્થ છે – 'માણસ ઊઘડે છે'. માણસ શીખે છે, તે ખરી રીતે તો એ છે કે જે તેને જડ્યું છે. જ્ઞાનની અનંત ખાણ જેવા પોતાના આત્મા ઉપરના આવરણને

દૂર કરીને જે જડે છે, તે છે કેળવણી. (શિક્ષણ વિચાર, પૃ. ૮)

તેઓના આ વિચારોનો અર્થ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૦ મુજબ એટલો જ થાય કે જે સ્વને ઉઘાડતો નથી, જે સ્વને ઓળખતો નથી, જે સ્વને પામતો નથી, તે અજ્ઞાની છે. પણ જો તેણે સ્વને ઉઘાડવાનો આદર કર્યો અને ઓળખવા કે પામવા માટે અજ્ઞાનનાં પડળ દૂર કર્યાં, તો તે જરૂર પોતાના સ્વરૂપને અતિશય ઉજ્જવળ પ્રકાશમાન જુએ છે; તેજસ્વી અને શીલવાન મહસૂસ કરે છે. આનાથી મોટી શિક્ષણની ઉપલબ્ધિ બીજી કઈ હોઈ શકે?

આમ, શ્રીહરિના મતે શિક્ષણ એ ખુમારીનો આવિષ્કાર છે. સ્વનાં દર્શનની સંતૃપ્તિ છે અને તમામ શારીરિક-માનસિક કમજોરીઓથી દૂર એક દૃઢિષ્ઠ અને બલિષ્ઠ વ્યક્તિત્વનું સર્જક બળ છે.

શિક્ષણનો હેતુ

સ્વામી વિવેકાનંદજી પોતાના પ્રવચનમાં જણાવેલા આ વિચારોમાં શિક્ષણનો સ્પષ્ટ હેતુ જણાવે છે કે જે કેળવણી જનતાને જીવનના સંઘર્ષની સામે ઝઝૂમવાની તાકાત આપતી નથી, જે ચારિત્ર્ય-બળને દૃઢ કરતી નથી, જે કેળવણી પરોપકાર કરવાની ઉદારતા અને સિંહ સમાન હિંમત આપતી નથી, તે કેળવણીના નામને લાયક છે ખરી?

બોમ્બે હાઈકોર્ટના એક સમયના ન્યાયાધીશ એમ. સી. ચાગલાએ શિક્ષણના આંતરરાષ્ટ્રીય પાસાંઓની ચર્ચા કરતાં લખ્યું હતું કે શિક્ષણે તેના સર્વશ્રેષ્ઠ અર્થમાં તો માણસે કેમ જીવવું તે શીખવવું જોઈએ. જો આમ થાય છે તો એ શિક્ષણનું વ્યક્તિગત પાસું છે. પણ ભિન્ન ભિન્ન જાતિના, વર્ણના, કોમના લોકોને ભેગા મળીને કેમ રહેવું તે શીખવે તે શિક્ષણનું આંતરરાષ્ટ્રીય પાસું છે. માણસને માણસની સાથે રહેતાં જ ન શીખવે તેને શિક્ષણ કઈ રીતે કહી શકાય?

પ્રાચીન ભારતીય શિક્ષણમૂલ્યોના મૂર્ધન્ય વિદ્વાન એ. એસ. અળતેકરે તત્કાલીન શિક્ષણ માટે લખ્યું છે કે ઈશ્વરભક્તિ, ધાર્મિક ભાવના, ચારિત્ર્ય-નિર્માણ, વ્યક્તિત્વનો વિકાસ, નાગરિક અને સામાજિક કર્તવ્યનું પાલન, સામાજિક કુશળતાની ઉન્નતિ, રાષ્ટ્રીય સંસ્કૃતિનું સંરક્ષણ અને તેનો પ્રચાર-પ્રસાર... આ ભારતીય શિક્ષણનું મુખ્ય લક્ષ્ય હતું. આપણા ઋષિઓનાં

ગુરુકુળોનો હેતુ જ એ હતો કે વિદ્યાર્થીઓને પરમતત્ત્વનું જ્ઞાન કરાવવું, અને 'સ્વ'રૂપનું ભાન કરાવવું...

ઉપરોક્ત ત્રણેય મહાનુભાવોના વિચારોનો સરવાળો એક જ વાક્યમાં આપવો હોય તો એટલું કહી શકાય કે –

- ચારિત્ર્ય સાથેનો આત્મવિશ્વાસ,
- ઉદારતા સાથેની બંધુત્વ ભાવના અને
- નાગરિક-સામાજિક કર્તવ્યના જાણપણા સાથે, સ્વ અને પરમતત્ત્વને સમજવાની જિજ્ઞાસા.

આ ત્રણે બાબતોનું વિદ્યાર્થીઓનાં મન અને હૃદયમાં સ્થાપન કરવું, એ છે શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગ્રંથમાં પોતાના ઉપદેશ દ્વારા કયા હેતુઓ સિદ્ધ કરવા માંગે છે?

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૫માં ઉપરોક્ત તમામ ઉદ્દેશ્યોને માત્ર એક જ ભાવનામાં સમાવી લેતાં તેઓ કહે છે કે તમે સર્વે મારા કહેવાઓ છો, તે જો હું ખટકો રાખીને તમને વર્તાવું નહીં અને તમે કંઈ ગાફલપણે વર્તો તો તે અમારાથી દેખાય નહીં. માટે જે મારા કહેવાયા છો, તેમાં મારે એક તલમાત્ર કસર રહેવા દેવી નથી...

ભગવાન સ્વામિનારાયણના મતે પૂર્ણ એ છે કે જે પોતામાં રહેલી તમામ પ્રકારની સ્વાભાવિક માનવીય કમજોરીઓથી પર ઊઠે, કસર ટાળે અને એક જ લક્ષ્ય તરફ પોતાની સાધનાની સંપૂર્ણ તાકાત લગાવે. અને તેને માટે જ તેણે ગુરુ, ગ્રંથો, માર્ગદર્શન કે સાધનાની શિક્ષા-પદ્ધતિને સ્વીકારવાની હોય છે.

વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણ કેટલીક જગાઓ પર પોતાના કેળવણીના સિદ્ધાંતો વ્યક્ત કરે છે અને કઈ કઈ માનવીય કમજોરીઓ દૂર કરવાની છે તેનો નિર્દેશ પણ અનેક વાર કરે છે...

- **ચારિત્ર્ય :** ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની એ ચાર સંગાથે તો અમારે બને જ નહીં અને કામીનો તો અમારે કોઈ કાળે વિશ્વાસ જ નથી, જે એ ભગવાનનો ભક્ત છે. (વચ. ગ.પ્ર. ૭૬)
- **પલાયનવાદ :** જે કાયર અને દેહાભિમાની વિદ્યાર્થી છે, તેને તો પોતાના લક્ષ્ય સુધી પહોંચવામાં હજાર જાતના ઘાટ-સંકલ્પ થાય છે

કે જો કઠોર નિયમો હશે, વધારે મહેનત કરવી પડશે, તો આપણાથી તો નભાશે નહીં... સુગમ નિયમો હશે તો નભાશે... અને તે એવો પણ વિચાર કરે છે કે 'જ્યાં સુધી ફાવશે ત્યાં સુધી ટકીશું, ને નહીં ફાવે તો ચાલતા થઈશું!' આમ, કાયર છે તે ભાગ્યાના હજારો વિચાર કરે છે... (વચ. ગ.મ. ૨૨)

- **માન-મર્યાદાનો ભંગ અને લઘુતાગ્રંથિ :** ઘણા બીજાથી દબાઈને રહે છે. અહંકાર અને ક્રોધને કારણે સંબંધો બગાડે છે. વળી, પોતાથી મોટા હોય તેમની સાથે બરોબરિયાપણું રાખે છે અને કોઈ પ્રકારે તેમની આમન્યા જાળવતા નથી. વિદ્યાર્થીઓમાં આ ત્રણ બાબતો તો અતિશય ભૂંડી છે... (વચ. ગ.અં. ૨૪)

ભગવાન સ્વામિનારાયણે માનવ-મનના આવા દોષો દૂર કરીને એક પૂર્ણ વ્યક્તિત્વના નિર્માણ માટે, કેળવણીનાં જે જે તથ્યોને પોતાના ભક્તોમાં ઉજાગર કર્યાં, તેના અનેક સિદ્ધાંતો વચનામૃતમાં આ જ રીતે ઠેર ઠેર પથરાયેલા જોવા મળે છે. જેમ કે –

- **સંવેદનશીલતા :** બીજાના દુઃખે દુઃખી થવું... અને ઈષ્ટદેવને ભજતા હોય તેવા સત્સંગી વૈષ્ણવ તેનો પક્ષ રાખવો. (વચ. ગ.મ. ૬૦, ૬૧).
- **સેવા અને ઉદારતા :** શ્રીહરિ પોતાના ચરિત્ર દ્વારા જ, બંધુત્વ અને ઉદારતાની મિસાલ પ્રસ્થાપિત કરતા હોય તેમ, સેવકરામ નામે સાધુની પોતે કેવી રીતે સેવા કરી હતી તેનું તાદૃશ્ય વર્ણન કરે છે... (વચ. ગ.પ્ર. ૧૦)
- **નાગરિક-સામાજિક કર્તવ્યની ભાવના :** જેને ભગવાનને અતિ પ્રસન્ન કરવાની ઇચ્છા હોય તેને પોતપોતાના વર્ણાશ્રમનો ધર્મ અચળ કરીને રાખવો. અર્થાત્ પોતાની ફરજ માટેની સભાનતામાં જરા પણ બેદરકારી ન રાખવી. (વચ. ગ.પ્ર. ૨૧)

  વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૨માં શ્રીહરિ ગૃહસ્થ-પરિવારનું એક ફાઈવ સ્ટાર સ્ટાન્ડર્ડ દર્શાવે છે અને કહે છે કે આ સંસારને વિષે ગૃહસ્થાશ્રમી છે તેને ધન-દોલત, હાથી-ઘોડા, ગાય-ભેંસ, મેડી-હવેલી, સ્ત્રી-છોકરાં, ભારે ભારે વસ્ત્ર-આભૂષણ એ સર્વે શોભારૂપ છે...

આવી જાહોજલાલી સાથે રહેનારને પણ ભગવાન સ્વામિનારાયણ કર્તવ્યપાલન કે પ્રામાણિકતાના પાઠ અંગે પૂરા સાવધાન રાખે છે. એ માટે એમણે ક્યારેય કોઈ જ સમાધાન-વૃત્તિ બતાવી નથી. આવી કેળવણી પામવા પોતાના શિષ્યોને તેઓ આ શબ્દોમાં સમજાવી રહ્યા છે કે –

> "કદાચ દીર્ઘ રોગ આવી પડે અને ખાવા ન મળે, વસ્ત્ર ન મળે ઈત્યાદિક ગમે તેટલું દુઃખ કે સુખ આવી પડે તો પણ ભગવાનની ઉપાસના, ભક્તિ(જીવનના સિદ્ધાંત, નિયમ-ધર્મ, ઈમાનદારી, કર્તવ્ય, ચારિત્ર્ય, શ્રદ્ધા)માંથી રંચમાત્ર મોળો ન પડે પણ રતિવા સરસ થાય, તેને ખરો હરિભક્ત (વિદ્યાર્થી કે નાગરિક) કહીએ..."
> (વચ. ગ.અં. ૨૫)

થોડા આવા જ સિદ્ધાંતોને વિસ્તારથી સમજવા પ્રયાસ કરીએ...

પરમતત્ત્વ સાથેની આસ્થા

ભારતીય શિક્ષણ-પ્રણાલીમાં આ સૌથી મહત્ત્વનો હેતુ છે. તેને સમજવાની જિજ્ઞાસા અંગે ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં ઠેર ઠેર અદ્‌ભુત પાઠ આપે છે. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૭માં તેમણે સરળતા-પૂર્વક સમજાવ્યું છે કે પરમતત્ત્વ એવા જે ભગવાન તેને ભજવાની દરેકને ઈચ્છા હોય છે, પણ સમજણમાં ફેર હોય તો ભગવાન સાથે અનુસંધાન સાધી શકાતું નથી.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૮માં આસ્થાની પ્રકૃતિને કેળવવા માટે જ શ્રીહરિ પોતાના અનુભવની વાત જણાવતાં કહે છે કે અમે પુરુષોત્તમપુરીને વિશે જઈને જગન્નાથજીની મૂર્તિમાં પ્રવેશ કરીને રહ્યા હતા. તે મૂર્તિ તો કાષ્ટની જણાઈ, પણ તેનાં નેત્ર દ્વારા અમે સર્વને દેખતા અને પૂજારીના ભાવ તથા છળકપટ પણ જોતા...

તે પછી સ્પષ્ટતા કરીને શ્રીહરિ કહે છે કે ભગવાનની મૂર્તિને જે ભક્ત પૂજતો હોય ત્યારે તે એવી જ રીતે મૂર્તિની મર્યાદા રાખે કે જેમ પ્રત્યક્ષ ભગવાન સામે બિરાજતા હોય. વળી, સંતના હૃદયમાં અર્થાત્ ગુરુજનોનાં હૃદયમાં પણ ભગવાનની મૂર્તિ રહી છે, તેમની પણ મર્યાદા રાખવી જોઈએ...

આથી જ તેઓએ, આસ્થા પર પ્રહાર કરતા ગ્રંથોને સાંભળવા કે

વાંચવાની મનાઈ ફરમાવતાં કહ્યું છે કે નાસ્તિકપણાનો હેતુ તો નાસ્તિકપણાના ગ્રંથો સાંભળવા એ જ છે... આથી શ્રીમદ્ભાગવત જેવા આસ્તિક ગ્રંથમાં કહી છે તેવી ભગવાનની લીલા સાંભળતો રહે અને ભગવાન તેમજ સંતનો મહિમા સમજતો રહે, ત્યારે તેની નાસ્તિકતા ટળે છે અને આસ્તિકપણું આવે છે...

એક તરફ વિદ્યાર્થી-હૃદયને શ્રદ્ધા અને ભક્તિથી ભીનું કરવા માટે શ્રીહરિનો પુરુષાર્થ છે, ત્યારે આજકાલના તથાકથિત શિક્ષાવિદોની માનસિકતા કેવી છે ? વાંચો, આ સાચી બનેલી ઘટનાને...

શિક્ષણખાતાના એક વડા અધિકારી દોઢસો શિક્ષકો અને ત્રીસેક આચાર્યોની સભામાં સંબોધન આપતા હતા કે બાળકોને દેશનાં યાત્રાધામોની ટૂર ઉપર નહીં લઈ જાઓ તો ચાલશે, તેમને સાયન્સ સિટી જરૂર લઈ જજો...

તેઓના આ પ્રલાપને સાંભળીને કેટલાક સ્તબ્ધ હતા, કેટલાક મૂછમાં હસતા હતા અને કેટલાકની આંખોમાં રોષની ચિનગારી હતી.

શિક્ષણની ઊંચી ખુરશી પર બેઠેલા દરેક જવાબદારોએ પાઠ્યપુસ્તકના પહેલા પાને આવતી પ્રતિજ્ઞા વાંચી છે કે નહીં? 'ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર વારસાનો મને ગર્વ છે.'

આ વૈવિધ્યસભર વારસો કયો છે? ધર્મનો, પરંપરાઓનો, અધ્યાત્મનો, તત્ત્વજ્ઞાનનો, અવતારોનાં અવતારી કાર્યોનો અને તેમની લીલાઓનો !

અને જો કોઈ એમ કહે કે પંખીની એક પાંખ કાપી નાખો તો ચાલશે, પણ બીજી પાંખ પર રોજ માલિશ કરજો, જેથી પંખી ઊડી શકે !

મિત્રો ! આ જેટલી મૂર્ખામી છે, તેટલી જ મૂર્ખામી કરીને વિદ્યાર્થીઓમાં વિચારોનું ઝેર વાવનારાઓ, જ્યારે શિક્ષણની મોટી ખુરશીની જવાબદારી સમજશે, ત્યારે જ આ વિચારમાં પરિવર્તન સંભવિત છે.

ભગવાન સ્વામિનારાયણ ગઢડા પ્રથમ પ્રકરણના ત્રીજા વચનામૃતમાં કહે છે કે જે જે સ્થાનકને વિષે ભગવાને જે જે લીલા કરી હોય, તે સંભારી રાખવી તથા તેમના ભક્તો સાથે હેત રાખવું, તેમને પણ સંભારી રાખવા. અને અમે મોટા મોટા વિષ્ણુયાગ તથા જન્માષ્ટમી અને એકાદશી વગેરે વ્રતના વર્ષોવર્ષ ઉત્સવ કરીએ છીએ, તથા સૌને ભેળા કરીએ છીએ, તેની જો અંતકાળે સ્મૃતિ થઈ આવે તો જીવને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે...

ભગવાન સ્વામિનારાયણ અહીં બાળકોના જીવનને એક ફેસ્ટિવલ બનાવવા ઇચ્છી રહ્યા છે. અને યાત્રાધામો, ઉત્સવો તથા સંબંધિત સેવાભાવી અને સમર્પિત ભક્ત-સમાજને જોઈને, સ્વાર્થ વગર પણ ઘસાવાની બાળકની વૃત્તિનું પોષણ આપવા માટે આગ્રહ કરી રહ્યા છે. ત્યારે એ વાત સ્પષ્ટ સમજાય છે કે વિજ્ઞાન એ શ્વાસ છે, તો અધ્યાત્મ ફેફસાં છે; વિજ્ઞાન એ લોહી છે, તો અધ્યાત્મ એ હૃદય છે; વિજ્ઞાન એ ગતિ છે, તો અધ્યાત્મ એ દિશા છે. અધ્યાત્મની બ્રેક અથવા તો સ્ટિયરિંગ વિનાનું વિજ્ઞાન બંને માત્ર એક્સિલરેટર વિનાનો ખટારો બની જાય છે, શું આ જગતના અનુભવની વાત નથી?

વિજ્ઞાને આપણને સુવિધા જરૂર આપી, પરંતુ સુવિધાને રચનાત્મક માર્ગે વાપરવાની દિશા આપે છે – ધર્મ, અધ્યાત્મ, યાત્રાધામો અને ઉત્સવો દ્વારા શીખવાતી મૂલ્યનિષ્ઠા તેમજ આચાર-વ્યવહારનો સરવાળો.

ધર્મ કે આસ્થા આપણાં બાળકોને મક્કમતા આપે છે. વિદેશની ધરતી ઉપર પણ આપણા ધર્મને કારણે જ, આપણી ધરતીના ધાવણની સુગંધથી, હજારો કુટુંબો ભારતીય બનીને જીવી રહ્યાં છે.

જરા વિચારવાની જરૂર છે કે ચીને સરમુખત્યારશાહીમાં વિકાસને દિશા આપી છે, ત્યાં પણ બૌદ્ધ, કન્ફ્યુશિયસ કે શિન્તો ધર્મનું અનુસરણ કરનારા કરોડો લોકોને તેઓ પ્રોત્સાહિત કરી રહ્યા છે.

રશિયાએ સન ૧૯૪૧-૪૨ પછી સરમુખત્યારોએ બંધ કરેલાં ચર્ચો ખોલી નાખવા પડ્યાં, કેમ કે અધ્યાત્મ વિનાના રશિયામાં કેવળ પશુ જેવી નિર્દય અને મૂલ્યહીન પેદા થઈ રહેલી પેઢીઓ તેમણે સગી આંખે જોઈ હતી. તેથી જ તેઓએ ચર્ચોમાં જઈને પોતાનાં રણ જેવાં હૈયાંને આસ્થા અને ભક્તિથી ભીંજવવાનું શરૂ કર્યું.

આસ્થાઓ અને પ્રણાલી-પરંપરા પર કુઠારાઘાત કરનાર તથા કથિત આધુનિક વિચારકોના આ શબ્દો છે : 'ભારત શું ઓછી સમસ્યાઓનો સામનો કરે છે? ભૌતિક સુખનાં સાધનો આમેય ઓછાં છે, કરોડો લોકો મુઠ્ઠીભર અનાજના મોહતાજ છે;' એમાં વળી, 'આધ્યાત્મિક-ધાર્મિક ઉત્સવો અને અન્ય પ્રણાલીઓ તેમજ યાત્રા કે પ્રેરણાધામોની મુલાકાતો પણ નકામી છે...' વગેરે આવાં વિધાનો દ્વારા પ્રજાનું એક સાદું, સાત્ત્વિક અને આસ્થાજન્ય સુખ પણ હરી લેવાનો અધિકાર, આવા તથાકથિત અધિકારીઓ શા માટે માથે

ઓઢી લે છે?

આ ઉપરાંત, આસ્થાનો એક મહત્ત્વનો અર્થ છે – જિંદગીના અનેક ઉતાર-ચડાવોમાં જરા પણ નાસીપાસ થયા વિના, 'પરમ શક્તિમાન પરમાત્મા મારી સાથે જ છે અને તેઓ જે કરે છે તે મારા હિત માટે જ કરે છે' તેવો કર્તાભાવ અને હર્તાભાવ...

આ જ બાબતને ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૭, કારિયાણી પ્રકરણ ૧૦ અને ગઢડા મધ્ય પ્રકરણ ૨૧માં સુદૃઢ કરાવે છે. તેઓ કહે છે કે સમગ્ર પ્રજા રાજાને આધારે છે, તેમાં દીવાન કે વજીરનું રાજા ચાલવા દે તેટલું ચાલે, પણ ન ચાલવા દે ત્યારે અણુમાત્ર ન ચાલે. તે રીતે દેશ, કાળ, કર્મ, માયા તેનું પરમેશ્વર ચાલવા દે તેટલું ચાલે, પણ પરમેશ્વરના ગમતા બહાર અણુમાત્ર ન ચાલે.

સમાજની વિદ્યાર્થી અવસ્થામાં આ જ ભાવનાની સૌથી વધુ આવશ્યકતા છે, કેમ કે સાવ જ ક્ષુલ્લક કારણો માટે વિદ્યાર્થીઓની આત્મશ્રદ્ધા ડગી જાય છે. થોડી પણ નિષ્ફળતા તેમને ડિપ્રેશન સુધીનાં કળણ સુધી ઢસડી જાય છે. આવા સમયે પરમાત્માનો સાથ હોવાની કે તેમના કર્તા-હર્તાપણાની સમજ અને આસ્થા બાળકો માટે સંજીવની જ પુરવાર થાય છે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૪માં તો તેઓ ત્યાં સુધી જણાવે છે કે ભલે ગમે તેટલી વાતો કરતા હોય, ગમે તેટલા ગ્રંથો વાંચ્યા હોય કે ભણ્યા હોય, ગમે તેટલી બાહ્ય સાધનાઓ કરી હોય કે પછી ગમે તેટલાં કન્સલ્ટિંગ કે કાઉન્સિલિંગનો લાભ લીધો હોય, ગમે તેટલાં પ્રમાણપત્રો કે મેડલ મેળવ્યાં હોય, પણ કેળવણી તો માત્ર સમજણમાં છે. જિંદગીના સંઘર્ષો સામે ટકી રહેવાની સમજણ ભગવાનમાં આસ્થા સિવાય સંભવિત નથી. અને એ જ સાચું શિક્ષણ છે.

સફળતા અને નિષ્ફળતાને પચાવવા માટે વિદ્યાર્થીઓને, એક અદ્‌ભુત સંદેશ આપતાં ઉપરોક્ત વચનામૃતમાં તેઓ કહે છે કે આપણે તો ભગવાનના દાસ છીએ, તો ભગવાનને જેમ ગમે, તેમ રાજી રહેવું. અને એ ભગવાનની ઇચ્છા હશે તો સત્સંગની (કે પોતાની) વૃદ્ધિ થશે અને જો તેમને સત્સંગ ઘટાડવો હશે, તો ઘટી જશે. એ ભગવાન આપણને હાથીએ બેસાડે તો હાથીએ બેસીને રાજી રહેવું, અને ગધેડે બેસાડે તો ગધેડે બેસાડીને રાજી રહેવું.

વળી, તેઓ આગળ કહે છે કે ભગવાનની ઇચ્છાએ કરીને (પોતાની કે) સત્સંગની જેવી રીતે વૃદ્ધિ થતી જાય, તે રીતે રાજી રહેવું. પછી એ ભગવાનની ઇચ્છા હોય કે આખું જગત સત્સંગી થાઓ અથવા તેમની ઇચ્છાએ કરીને સત્સંગી મટી જાઓ, પણ કોઈ રીતે હર્ષ-શોક મનમાં ધારવો નહીં. એ ભગવાનનું કર્યું સર્વે થાય છે, માટે સૂકું પાંદડું જેમ વાયુને આધારે ફરે છે, તેમ એ ભગવાનને આધીન રહીને આનંદમાં એ પરમેશ્વરનું ભજન કરવું અને કોઈ જાતનો મનમાં ઉદ્વેગ આવવા દેવો નહીં...

જો કે આમ કરીને તેઓ કર્મ, ફરજ કે પુરુષાર્થથી વિમુખ રહેવાનું કહેતા નથી. ભગવાનના કર્તવ્યને સ્વીકારીને પોતાના કર્મનું જાણપણું રાખવા, એમણે આ શબ્દોમાં સાચા શિષ્ય જાણીને સલાહ આપી છે કે જેમ રાજાના ચાકર મહેલના દરવાજે ઊભા રહીને કોઈ ચોર વગેરેને રાજા પાસે હાનિ પહોંચાડવા જવા દેતા નથી અને તેમને હિંમત રહે છે કે કોઈ રાજા પાસે વિઘ્ન કરવા જાય તો તેના કટકા કરી નાખીએ... તેમ આ સર્વે સંત છે, તે જાણપણારૂપ દરવાજે ઊભા રહે છે, અને સાવધાન થઈને પોતાના હૃદયમાં રહેલા ભગવાન સામે જોઈને તેમાં કોઈ માયિક પદાર્થ પેસવા દેતા નથી... (વચ. ગ.અં. ૯)

શિક્ષણ અંગે શ્રીહરિનો આ સ્પષ્ટ ઉદ્દેશ છે કે જેનાથી હૃદયની નિર્મળતા બરકરાર રહે. માત્ર માહિતીના ઢગલા માણસને બદલતા નથી, પણ આવી સક્ષમ, અનુભવમૂલક અને હૃદયને બદલી દેનારી પરાવાણી આજે શિક્ષણના તમામ મહત્ત્વના ઉદ્દેશ્યને સ્પષ્ટ કરી રહી છે.

વચનામૃત અને વિદ્યાર્થી

અમેરિકન ફિલસૂફ અને મનોવિજ્ઞાની વિલિયમ જેમ્સે પોતાની ૬૪ વર્ષની પરિપક્વ ઉંમરે સ્ટેન્ફર્ડ યુનિવર્સિટીમાં એક વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં એમણે કહ્યું હતું કે દુનિયા આજે બરાબર સમજી રહી છે કે કોઈ પણ રાષ્ટ્રની સંપત્તિ અન્ય કોઈપણ બાબત કરતાં એ બાબત ઉપર વધારે નિર્ભર છે કે તે રાષ્ટ્રમાં વસતા ઉત્તમ માણસોની સંખ્યા કેટલી છે !

અહીં એ બાબત બહુ સ્પષ્ટ થઈ જાય છે કે જે રાષ્ટ્રમાં જેટલા વધુ ને વધુ કેળવાયેલા માણસો, તેટલો જ તેનો સાચો વિકાસ. આ કેળવાયેલા માણસો એ હશે કે જે એક વાર જાતની કેળવણી માટે, સાચા વિદ્યાર્થી બનીને રહ્યા હશે.

અમેરિકન રાષ્ટ્રપતિ લિન્ડન જ્હોન્સનના શિક્ષણ અને આરોગ્ય સચિવ રહેલા વિદ્વાન વકીલ જોન ડબલ્યૂ ગાર્ડનર એક ગંભીર મુદ્દો વારંવાર છેડતા અને તે હતો – વિદ્યાર્થીઓ દ્વારા ન ઉઠાવાતી જવાબદારીઓનો કોયડો.

તેઓ કહેતા કે જે લોકો સૌથી વધુ કેળવણી પામશે, તે સૌ સરવાળે ચાવીરૂપ સ્થાન પામશે. એટલે એ સવાલ તો અગત્યનો છે જ કે કોણ કૉલેજમાં જશે ? પણ કૉલેજ કર્યા પછીનો સૌથી મોટો સવાલ એ હશે કે કોણ સમાજની વ્યવસ્થામાં જોડાશે ?! આ બાબત એક જોરાવર સમસ્યામાં પરિવર્તિત થાય છે. આ સવાલ હળવાશથી વિચારી શકાય તેવો નથી. આ એક એવો જટિલ સવાલ છે કે જેને ખાતર યુદ્ધો લડાયાં હોય !

હા, વાત વિદ્યાર્થી યોગ્યતાની થઈ રહી છે. તેઓની જવાબદારી

ઉપાડવાની ક્ષમતા કેવી છે, તેની વાત થઈ રહી છે, તેઓના તેજસ્વી અને ઉપયોગી વ્યક્તિત્વના નિર્માણની થઈ રહી છે.

આ સંદર્ભમાં ભગવાન સ્વામિનારાયણના વ્યક્તિત્વ અને ઉપદેશનાં એ પાસાંઓ જોવાં ખૂબ જરૂરી છે કે તેઓ પોતે કેવા આદર્શ વિદ્યાર્થી હતા! અને વિદ્યાર્થીઓમાં કયાં કયાં લક્ષણો હોવાં જોઈએ, જે તેને ખરા અર્થમાં ઉમદા વિદ્યાર્થી બનાવે છે!

રુસોએ કહ્યું હતું કે પ્રત્યેક બાળક જન્મજાત નિર્વિકાર હોય છે, પણ સમાજનો સંપર્ક તેને દૂષિત બનાવે છે. શ્રીહરિ કહે છે કે આત્મા સ્વતઃ શુદ્ધ છે, ચૈતન્ય છે (સા. ૪); સત્, ચિત્, આનંદમય છે, એ જાણપણે (કોન્શિયસનેસ) યુક્ત છે, સૂર્ય અને અગ્નિ જેવો તેજસ્વી છે (ગ.અં. ૩૯); પણ જો સિંધ જેવો દેશ હોય, ભૂંડો કાળ હોય તથા ગણિકાઓ કે દારૂ-માંસના ભક્ષણ કરનારાનો સંગ થાય, તો ક્રિયા પણ ભૂંડી જ થવાની છે (ગ.પ્ર. ૨૯).

આજે જ્યારે વિદ્યાર્થીના પૂર્ણ વ્યક્તિત્વનો વિકાસ કરવા માટે શિક્ષણના માધ્યમનો, તમામ પ્રકારે ઉપયોગ કરવાના પ્રયાસો ચાલે છે, ત્યારે 'અમારે અમને પોતાનેય ઉત્તમ બનાવવા જ છે', તે પ્રકારની માનસિકતા ધરાવનાર વિદ્યાર્થીઓ હોવા પણ એટલા જ જરૂરી નથી?

સ્વામી વિવેકાનંદ કહેતા કે આજે જ્યારે એ માન્યતા સર્વસ્વીકૃત થઈ રહી છે કે માનવની અંતર્નિહિત પૂર્ણતાની અભિવ્યક્તિ કરવી એ જ શિક્ષણ છે; ત્યારે આપણો આજનો શિક્ષક, આદર્શ વિદ્યાર્થીની શોધમાં, દિવસે પણ ફાનસ લઈને ફરી રહ્યો છે કે ક્યાંયથી પણ તેના અણસાર મળે છે ખરા?

શ્રીહરિએ પોતાના વ્યક્તિત્વમાં આવા આદર્શ વિદ્યાર્થીનાં અનેક લક્ષણોનાં દર્શન કરાવીને, આજના વિદ્યાર્થીને ઉત્તમ પ્રેરણાઓ પૂરી પાડી છે.

શ્રીહરિ એક આદર્શ વિદ્યાર્થી

ધ્યેય અને ધ્યેયપ્રાપ્તિ માટેનું સમર્પણ

૧. ઇન્ટરનેટ અને તેના દ્વારા ચળકી રહેલા દરેક પ્રકારના સ્ક્રીન.
૨. રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ અને અભિનેતાઓનું ગ્લેમર.
૩. અનેક સ્થળેથી માત્ર લક્ઝરી અને મનોરંજન મેળવવાની માણસની અદમ્ય ઇચ્છામાંથી સર્જાતાં ભૌતિકવાદનાં સુનામી જેવાં તોફાનો...

આ એ જ ત્રણ મુખ્ય પરિબળો છે જે આજના વિદ્યાર્થીઓના ગમે તેવા ધ્યેયની શિલાને પણ તાણીને તહસ-નહસ કરી નાખે છે.

કોઈ એકાદ માસ્ટર ડિગ્રી, થોડું તગડું ગણાય તેવું બેંક બેલેન્સ, થોડું વી.આઈ.પી. સ્ટેટસ અને મીઠી મધુર પારિવારિક જિંદગી – આ સિવાય આજના વિદ્યાર્થીઓની સફળતાની વ્યાખ્યા પણ કઈ હોય છે ?

આવી જ ભૌતિક લક્ષ્યપ્રાપ્તિની આડે આવતા અવરોધોને પણ ન ઓળખી શકે અને સાવ સસ્તામાં પોતાના ધ્યેયથી સહજ જ વિચલિત થઈ જાય, કે પછી વધારે વિઘ્નો આવતાં જ ભાગી જવાના કે આપઘાત કરવા જેવા 'ઉપાયો' કરવા આતુર બની જાય, તેવા વિદ્યાર્થીઓ માટે સ્વયં ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં એક આદર્શ બનીને ઊભરે છે.

બાળપણથી જ તેઓ પોતાના ધ્યેય માટે સ્પષ્ટ હતા. એમનું લક્ષ્ય હતું – અનંત જીવોનું કલ્યાણ કરવું. અનેક બદીઓ અને કુરિવાજોમાંથી સમાજને મુક્ત કરવો.

આ ધ્યેય પાર પાડવા તેઓની દૃઢતા કેવી હતી ?

તેઓ કહે છે કે જ્યારે અમે ઘર મૂકીને નીસર્યા, ત્યારે રૂમાલ નામે વસ્ત્ર રાખવાનું પણ ગમતું નહીં. બીક તો લેશમાત્ર લાગતી નહીં. વનમાં જ રહેવાનું ગમતું. વનમાં મોટા મોટા સર્પ, સિંહ, હાથી વગેરે અનંત જનાવર જોવામાં આવતાં, પણ કોઈ પ્રકારે હૈયામાં મરવાની તો બીક જ લાગતી નહીં. (વચ. ગ.મ. ૫૫)

એથીય મોટા અવરોધોની વાત જણાવતાં એમણે પોતાની ચૌદ-પંદર વર્ષની વિદ્યાર્થી અવસ્થાનું વર્ણન કર્યું છે. તેઓ કહે છે કે – શ્રીપુરુષોત્તમપુરીમાં કેટલાક માસ સુધી તો અમે વાયુભક્ષણ કરીને રહ્યા, ત્રણ-ચાર ગાઉના પહોળા પટવાળી નદીમાં એક વાર શરીર તણાતું મૂકી દીધું... શિયાળો, ઉનાળો, ચોમાસું આવ્યા, તેમાં છાયા વિના માત્ર કૌપીનભર રહેતા. એવાં વિકટ કષ્ટો સહન કર્યાં પણ તેનાથી વિચલિત ન થયા... (વચ. ગ.પ્ર. ૨૯)

શ્રીહરિ જાણે વિદ્યાર્થીઓને પોતાના જીવનથી જ એ સંદેશ આપે છે કે જેની વાત કેનેડિયન લેખક બ્રાયન ટ્રેઈસીએ લખી છે. બ્રાયન પોકારી પોકારીને વિદ્યાર્થીઓને સમજાવતા કે તમે રોજ એ વિચારજો કે તમે ક્યાંથી આવો છો તે અગત્યનું નથી, પણ તમે કઈ દિશામાં જવા તૈયારી કરી રહ્યા છો, અને તે માટેના તમારા પ્રયાસો કેટલા ગંભીર છે! આ ખૂબ જ અગત્યનું છે.

વિદ્યાર્થીનું પ્રથમ લક્ષણ આ અને માત્ર આ જ હોવું જોઈએ – એવા ભાવથી શ્રીહરિ વચનામૃત કારિયાણી પ્રકરણ ૩માં કહે છે કે 'જે ગામ જવું નહીં તેનું નામ શું પૂછવું?' અને જે વિદ્યાર્થીઓ ધ્યેય વિસારીને 'બધાં ગામનાં નામ પૂછવામાં' સમય વેડફે છે, તે લોકો ક્યાંય નથી પહોંચતા...

શીખવાની વૃત્તિ

જે ભણવાના નામે માત્ર સમય પસાર કરે છે, ટ્યૂશન જવાના નામે મોજ-મજાની વૃત્તિઓનું પોષણ કરે છે, શિક્ષકો જ્યારે પણ શીખવે છે ત્યારે ગંભીરતાના મુખવટા નીચે તેની ખિલ્લી ઉડાવવાની માનસિકતાનો શિકાર બનેલા હોય છે, તેમને માટે જ્ઞાન એ જ્ઞાન નથી, મજાક હોય છે. ભણતર તેમને માટે ઉપયોગિતા નથી, ટાઈમપાસ છે. વિષયો એમને માટે જાણકારીનો સ્રોત નથી, દફતરનો ખભે આવી ગયેલો બોજો છે.

વિદ્યા મેળવવાની સાચી ચાનક તેની ઉપયોગિતા સમજ્યા પછી લાગે

છે, અને શ્રીહરિ એ અર્થમાં કેવા વિદ્યાર્થી હતા ?

તેઓ પિતા ધર્મદેવ પાસેથી શાસ્ત્રોનો અભ્યાસ શીખ્યા હતા. જીવનોપયોગી મહત્ત્વના શાસ્ત્ર-સિદ્ધાંતોનું પૃથક્કરણ કરી એક અલગ ડાયરી (ગુટકો) બનાવવાની શરૂઆત એમણે માત્ર સાત વર્ષની ઉંમરે કરી હતી. વનવિચરણ દરમ્યાન અષ્ટાંગયોગી ગોપાલયોગી પાસે રહી અષ્ટાંગયોગનો ક્રેશ કોર્સ એક જ વર્ષમાં સંપૂર્ણ શીખી લીધો હતો ! વનવિચરણમાં તેઓ જે જે સંત, મહાત્મા કે વિદ્વાનોને મળ્યા, ત્યારે તેઓને જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનાં સ્વરૂપને સમજવા માટે સતત પ્રશ્ન પૂછતા રહ્યા હતા અને હંમેશાં બધેથી ઉમદા અને શ્રેષ્ઠ શીખવાની પોતાની વિદ્યાર્થીવૃત્તિનાં સતત દર્શન કરાવ્યા હતા.

કેળવણીના મુખ્ય ફંડા જેવી આ વૃત્તિ જ્યારે પણ આજના વિદ્યાર્થી પાસે જાગશે, ત્યારે એ ગ્રંથોને થોથા નહીં કહે, ગુગલને માત્ર એફબી કે ઈન્સ્ટા સુધી મર્યાદિત નહીં રાખી શકે, કોચ-ટ્યૂટર કે સર-ટીચરને પોતાની સામે ઊભેલાં પૂતળાં નહીં માની શકે.

શ્રીહરિ પોતાના ચરિત્ર દ્વારા સમજાવે છે કે જે સતત શીખતો નથી તે થીજી જાય છે, જે થીજી જાય તે બંધિયાર બને છે, અને જે બંધિયાર બને છે તે થોડા સમયમાં જ સડી જાય છે...

આજ્ઞાકારિતા અને શિસ્તપાલન

જરા આજના કોલેજિયનોને કહી જોજો કે બેન્ચ નીચેથી કચરો ઉપાડો...

જરા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને કહી જોજો કે બેટા ! વર્ગની ડસ્ટબિન ખાલી કરી આવો...

અને જરા પ્રાથમિક ધોરણમાં ભણતા વિદ્યાર્થીને કહી જોજો કે આવા સ્ટાઈલિશ વાળ કપાવીને કેમ આવ્યો ? સ્કૂલની ડિસિપ્લિનની ખબર નથી ?

— આ વિદ્યાર્થીઓ તમને એવી રીતે ઘૂરીને જોતા રહેશે કે જાણે તમે શિક્ષક કે આચાર્ય કે સંચાલક નથી, કોઈ બીજા ગ્રહ ઉપરથી આવેલા પ્રાણી છો ! મોટાનું કહ્યું કરવાથી ગુલામ કે નોકર હોવાનું અનુભવે, તેવા વિદ્યાર્થીમાં પાત્રતા કેળવવાની કેટલી આશા રાખી શકાશે ?

શ્રીહરિએ નીલકંઠ વર્ણીરૂપે જ્યારે ગુરુ રામાનંદ સ્વામીના આશ્રમમાં

(શાળામાં) પ્રવેશ મેળવ્યો, તે પછી આચાર્યપદેથી રામાનંદ સ્વામીનો પત્ર (સરક્યૂલર) આવે છે, જેમાં એમણે એ ૧૭ વર્ષના તરુણ બ્રહ્મચારી નીલકંઠ-વર્ણીને સંબોધીને માત્ર એટલું જ જણાવ્યું હતું કે જો સત્સંગમાં (એટલે કે શાળા કે કૉલેજમાં) રહ્યાની ગરજ હોય તો થાંભલાને બાથ ભીડીને પણ રહેવું પડશે.

આ વાંચ્યા પછી એક વિદ્યાર્થી તરીકે શ્રીહરિનો પોતાનો પ્રતિભાવ જુઓ... તેઓ કહે છે: થાંભલે બાથ ભરીને પણ સત્સંગમાં રહેવું પડશે, એમ મયારામ ભટ્ટે સંદેશ આપ્યો ત્યારે અમે ઊભા થઈને થાંભલાને બાથ લીધી. પછી મયારામ ભટ્ટે કહ્યું કે આવી રીતે બાથ ભરવાનો મર્મ નથી, પણ મુક્તાનંદ સ્વામી જેવા આશ્રમના (શાળાના) સ્તંભ જેવા વડીલ છે, તેમની આજ્ઞામાં રહો, તે કહે તેમ કરો, તેમ કહેવા માગે છે... પછી અમે રામાનંદ સ્વામીનાં દર્શન થયાં મોર (પહેલાં) નવ મહિના સુધી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા! (વચ. લો. ૩)

જ્યારે આચાર્ય કે શિક્ષકની આવી આમન્યા હોય ત્યારે જ બોલી શકાય કે 'આવી રીતે જેને વચનની (આજ્ઞાની) ખટક હોય તે ધર્મ થકી પડે જ નહીં (ગ.પ્ર.૫૪). માટે વર્તમાન ધર્મ(નીતિ-નિયમ, રુલ્સ અને રેગ્યુલેશન્સ)માં અવશ્ય રહેવું. (ગ.પ્ર. ૨૫)

આવું આજ્ઞાપાલન જ વિદ્યાર્થીમાં 'સારી ટેવો'ને જન્મ આપે છે, આવી ટેવો 'આદત' બને છે અને તે જ આદતો આગળ જતાં એક 'સંસ્કાર' બને છે. મહર્ષિ અરવિંદે કહ્યું હતું કે ભાવ, સંસ્કાર, સાહચર્ય અને સ્વભાવ આ ચારે બાબત મનુષ્યની નૈતિક શક્તિને કેળવવા અનિવાર્ય સાબિત થાય છે. (શ્રીઅરવિંદ: કેળવણીનાં પરિમાણો, પૃ. ૬૭)

આ અનુશાસનની શૈલીને કોઈ સ્વીકારે કે ન સ્વીકારે, કોઈ જ ફરક પડતો નથી, પણ શિક્ષણનો એક સનાતન સિદ્ધાંત છે કે *'નીયતે ઈતિ નીતિઃ'*. જે આગળ લઈ જાય છે તે નીતિ છે. અને આજ્ઞાપાલન કે શિસ્ત એ અર્થમાં વિદ્યાર્થીના આંતર-બાહ્ય અભ્યુદય તરફ લઈ જનાર શિક્ષાપદ્ધતિ છે; કેમ કે તેનાથી જ સદ્‌વિચારો પચે છે.

સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે જો તમે પાંચ વિચારોને પચાવ્યા અને જીવનમાં ઉતાર્યા, તો જે માણસે આખું પુસ્તકાલય ગોખી લીધું છે, તે કરતાં પણ તમે વધુ કેળવાયેલા છો.

વિદ્યાર્થીઓના ત્રણ પ્રકારો છે: કમજોર, અધકચરા અને શ્રેષ્ઠ. શ્રીહરિ આ ત્રણેય પ્રકારના વિદ્યાર્થીઓની કેટેગરીથી પૂરા વાકેફ છે. એટલે જ એમણે એ ત્રણેયને ગુરુ-શિષ્ય પરંપરાની ડિસિપ્લિનના ત્રાજવે તોલી આપ્યા છે.

વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૫માં તેઓ કહે છે કે ભગવાન ઉપર કે ભગવાનને સમાન ગુરુ કે શિક્ષક ઉપર ઘણા વિદ્યાર્થીઓ તો ખૂબ ધોખો કરે, કે અમે તમારે માટે કરી કરીને મરી ગયા, તમને તો અમારી પડી જ નથી. પછી વધારે છેડાય તો તોછડાઈથી એવું પણ સંભળાવે કે અમારે-તમારે કંઈ લેવા-દેવા નથી. અને એવું કડવું પણ બોલે ખરા કે જાણે હમણાં જ બધા સંબંધો પૂરા થઈ જશે! આવા પ્રકારના વિદ્યાર્થીને તેઓ 'મુગ્ધા ગોપી' કહે છે.

જે આજ્ઞાપાલનમાં કમજોર હોય છે, તેવા અધકચરા વિદ્યાર્થી માટેનો તેમનો શબ્દ છે 'મધ્યા ગોપી'. આવા વિદ્યાર્થીઓનું નિરીક્ષણ કરીને નોંધતાં શ્રીહરિ કહે છે કે આવા વિદ્યાર્થીઓ બહારથી પૂરા શાંત હોય છે, પણ દિમાગથી ખલબલી મચાવનારાઓ અને બહાર તો પોતાનો સ્વાર્થ કે પોતાનું ધાર્યું જરા પણ જણાવવા દેતા નથી. એવા વિદ્યાર્થીઓ સમયે સમયે પોતાનો સ્વાર્થ સરળતાથી સાધી લેતા હોય છે. ઉપરાંત, જે તે સંસ્થા, શાળા કે કૉલેજમાં હોય તેના ઉપરીઓનું પણ થોડું-ઘણું સાચવી લેતા હોય છે અને પોતાનું પણ ધાર્યું કરી લેતા હોય છે. આવા અધકચરા સમર્પણવાળા વિદ્યાર્થીને પૂરી વિદ્યા ચડે તેવું લાગે છે? એમને નથી પૂરું પરિણામ મળતું કે નથી એમના પર ગુરુજનોનો કોઈ ભરોસો રહેતો! આમ થવાનું કારણ છે – એ લોકોની એવી માનસિકતા, જે હંમેશાં નિયમોને હાંસિયામાં ધકેલીને ગુરુજનોને ઓવરરુલ કરવાની જ રહેતી હોય છે!

ત્રીજા પ્રકારનો વિદ્યાર્થી મહદંશે પૂર્ણ કક્ષાનો વિદ્યાર્થી છે. આવા વિદ્યાર્થી માટે શ્રીહરિ શબ્દ પ્રયોજે છે: 'પ્રૌઢા ગોપી.' આવા વિદ્યાર્થીઓ પરિપક્વ હોય છે. ગુરુજનો પાસેથી વિદ્યારૂપી આશીર્વાદ લેવા સિવાય, તેમની બીજી કોઈ જ મહત્ત્વાકાંક્ષા હોતી નથી. આથી જ તેઓ બેદરકારીની ગલીઓમાં પ્રવેશ કરતા નથી. સ્વાર્થ કે ઈર્ષ્યા, ક્રોધ કે અહંકાર કરીને ગુરુની કે ગુરુના માનીતાઓની નજરમાંથી ઊતરી જવાની વૃત્તિ ધરાવતા નથી. કહ્યું કરે છે, અને એટલે સેવા પણ સહજ જ કરી દેતા હોય છે. એમના આચરણથી ગુરુ કે શિક્ષક મન, કર્મ અને વચનથી ક્યારેય રાજી થતા નથી. આ બાબતોને

આચરણમાં લાવવાની કેળવણી જ એમને પ્રથમ હરોળના જવાબદાર વ્યક્તિની કક્ષામાં મૂકી દે છે.

અહીં એક વાત સ્પષ્ટપણે નજરે ચડતી દેખાય છે, જ્યાં જ્યાં શ્રીહરિએ આચરણની ઊંચાઈની વાત કરી છે, ત્યાં ત્યાં જાણે રાજગોપાલાચારીજીએ કહી હતી, તેવી શિક્ષણના નામે 'ચેતનાની ખેતી' થતી અનુભવાય છે. ચેતનાની ખેતી પછી ફસલમાં શું પ્રાપ્ત થશે? આ અંગે સ્વયં શ્રીહરિ જ વચનામૃત સારંગપુર પ્રકરણ ૨માં સમજાવે છે કે ગુણો બે પ્રકારના છે: એક બહારલા; જે લોકોની નજરે ચડે છે. જેમાં ક્યારેક દંભ થવાની સંભાવના પણ વધી શકે છે. પરંતુ શ્રીહરિ કહે છે કે ઉપરલે ગુણે કરીને શું થાય? માંહ્યલા ગુણે કરીને જે પણ હેત થાય છે, તે જ સફળતા સુધી પહોંચવાનું મહત્ત્વનું કાર્ય થયું છે. તે કાર્ય અને કાર્ય કરનાર અમર બની જાય છે.

એ સત્ય ક્યારેય વિસારે નહીં પાડી શકાય કે આખરે શિક્ષણના સર્ટિફિકેટ એટલું લાંબું જીવતા, પણ અંદરના ગુણોથી ઊતરેલી ફસલ મેળવનાર વિદ્યાર્થી ગુરુના હૃદયમાં અને સમગ્ર સમાજના હૃદયમાં પણ અમર બની જાય છે...

ભૂલોનો સ્વીકાર

વિદ્યાર્થી હોય કે મોટા, જ્યારે પોતાની ભૂલ બદલ કાન પકડવાના આવે, ત્યારે અહંકારનો હિમાલય પ્રગતિમાં અવરોધ બનીને ઊભો રહી જાય છે. એવા વિદ્યાર્થીઓ નવું શીખવાની ક્ષમતા તો ગુમાવે જ છે, પણ સાથીઓ અને ગુરુજનોનો આદર તેમજ સ્નેહ પણ ગુમાવે છે.

શ્રીહરિએ આથી જ વૃદ્ધો અને વિદ્યાર્થીઓને ભૂલના સહજ સ્વીકાર માટે અનુરોધ કર્યો છે. વચનામૃત લોયા પ્રકરણ ૭માં તેઓ વિદ્યાર્થી સંતોને કહે છે કે જે સંત (શિક્ષક, વડીલ કે માતા-પિતા) તમને ટોકે અને તમારો કોઈ સ્વભાવ જોઈને તેને ટાળવા ખટકો રાખે, અને તમારામાં સુધારો ન આવે ત્યાં સુધી તેનું ફોલોઅપ કરતા રહે, માર્ગદર્શન આપતા રહે, અને ખોટા લાડ લડાવીને તમારી ભૂલોનું ભીનું સંકેલવામાં મદદ ન કરતા હોય, તેવા શિક્ષક ભલે કડક લાગે પણ 'એવાનો સંગ જરૂર કરવો', જે તમને તમારી ભૂલો દેખાડે છે, એટલું જ નહીં, તેનો સ્વીકાર કરાવીને સુધારો પણ કરાવે છે...

શ્રીહરિના મતે એ સિદ્ધાંત સ્પષ્ટ છે કે હથોડી અને ટાંકણાનો ઉપયોગ જ વિદ્યાર્થીના વ્યક્તિત્વને નવા સૌંદર્યથી સજાવી શકે છે.

નિયમિતતા અને સ્વમૂલ્યાંકન

નિયમિત નથી, તે વિદ્યાર્થી કેવો? જેને સ્વમૂલ્યાંકનની સમજ નથી, તેને ઉચ્ચ કેળવણીના સિદ્ધાંતો સમજાશે જ કેવી રીતે?

શ્રીહરિ વિદ્યાર્થીઓને કહે છે કે જ્યારથી સત્સંગમાં પ્રવેશ લીધો, (એટલે કે જ્યારથી ભણવાની સાધના શરૂ કરી) ત્યારથી નિયમિતપણે તપાસતા રહો કે પહેલાંનાં વર્ષમાં મેં આટલી પ્રગતિ કરી, મારું મન આવા પ્રકારનું હતું, આવા પ્રકારના પદાર્થો-કુસંગ વગેરે મને વિચલિત કરતા હતા, આળસ અને પ્રમાદ આટલાં પ્રમાણમાં હતાં, ઉત્સાહ કે સક્રિયતા આટલા પ્રમાણમાં હતી; જે હવે વધી છે કે ઘટી છે? આવી રીતે વર્ષોવર્ષની પ્રગતિ કે અધોગતિનો ચાર્ટ બનાવવો, એ સફળતા સુધી પહોંચવાનો એકમાત્ર રાજમાર્ગ છે. (વચ. ગ.પ્ર. ૩૮)

વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૮માં શ્રીહરિ કહે છે કે આવું નામું માંડી રાખ્યું હોય કે જ્યારે મારે સત્સંગ ન હતો, એટલે કે અભ્યાસની સાધના શરૂ નહોતી કરી, ત્યારે મારો સ્વભાવ, મારું વ્યક્તિત્વ, મારું જ્ઞાન આવું અલ્પ હતું, પણ સત્સંગ કર્યા પછી (એટલે કે કેળવણી લીધા પછી) મારા સ્વભાવ તથા વ્યક્તિત્વમાં આટલી-આટલી ઉમદા બાબતો ઉમેરાઈ છે. આમ, વર્ષોવર્ષ પોતાના વ્યક્તિત્વમાં જે પણ વધારો થયો હોય કે તેમાં ખામી રહી જતી હોય તે સર્વેને તપાસ્યા કરે. એ પછી તેની તમામ નબળાઈઓ દૂર કરવા પ્રયત્ન કરે, ત્યારે તેના આંતરવિકાસનાં દ્વાર ખૂલતાં જાય છે.

ઉત્સાહ અને કર્મઠતા

લીધેલું કામ ધીરજ, કર્મઠતા અને ઉત્સાહના અભાવને લીધે છોડી દીધું હોય, તેવા સેંકડો વિદ્યાર્થીઓને તમે જોયા હશે! શિક્ષકો અને માતા-પિતા પોતાના બાળક માટે ચિંતિત હોય, તેવા પ્રસંગો ઓછા નથી જોયા. શ્રીહરિએ પણ એવા સાધકોનું (વિદ્યાર્થીઓનું) નિરીક્ષણ કર્યું હશે, તેથી જ તો આ લક્ષણની વાત કરતાં વચનામૃત કારિયાણી પ્રકરણ ૧૦માં કહે છે કે જેને જે વાતનો ઈશક

(ઉત્સાહ) હોય, તેને એ બાબત મેળવતાં હજારો અંતરાય કે વિઘ્નો કે અવરોધો આવે, તો પણ તે સાધક કોઈ જ વિઘ્નનો રોક્યો રોકાતો નથી.

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૩માં તેઓ બ્રહ્મચર્યની સાધનાના સંદર્ભમાં વિદ્યાર્થીઓને સાચા અર્થમાં મોટિવેટ કરી રહ્યા છે કે જે સાધુ (વિદ્યાર્થી) જ હોય, તેને તો એમ સાધના કરવી કાંઈ કઠણ નથી... અને મનુષ્ય દેહે કરીને ન થાય એવું શું છે? જે નિત્ય અભ્યાસ રાખીને કરે તે થાય છે. જેમ કૂવાના કાંઠા પર મહાકઠણ પથરો હોય, તેના પર નરમ દોરડીથી રોજ પાણી સિંચાય, તો નરમ દોરડીથી પણ તેના પર કાપા પડે છે. તેમ જે સાધુ જ છે અને તે જે સ્વભાવને ટાળવાનો નિત્ય અભ્યાસ રાખશે, તો તે સ્વભાવ કે ખામી કેવી રીતે રહેશે?

આજે જ્યારે સાવ સામાન્ય સમસ્યાને જોઈને જ હતાશ થઈ જતા વિદ્યાર્થીઓને જોઈએ છીએ, ત્યારે એ બાબત સ્પષ્ટ થાય છે કે વિદ્યાર્થીઓમાં આવી કર્મઠતા અને ચેતના ઉમેરવાનાં વર્કશોપ્સ ગોઠવવાં એ આજના સમયની અનિવાર્યતા બની રહેશે.

પુરુષાર્થ

કેમ જાણે બધું જ ગુગલ દેવતા દ્વારા સ્ક્રીન ઉપરથી ઠલવાઈને ઉપલબ્ધ થઈ જવાનું હોય, તેવી રીતે માત્ર આંગળી અને અંગૂઠા હલાવતી આજની યુવા પેઢીને જોઈએ છીએ, ત્યારે સામે એવા પણ સેંકડો વિદ્યાર્થી-યુવાનો જોવા મળે છે, જે ૨ × ૬ની બેંચ પર, રાતોની રાતો ભૂખ્યા ગુજારીને, દિવસના સમયમાં પોતાનો પરિશ્રમ અજમાવવા નીકળી પડે છે. લક્ષ્ય હોય છે – સફળતાનું, અને સાધન હોય છે – હાથ-પગ અને હૈયું.

શ્રીહરિને આવા વિદ્યાર્થીઓ અપેક્ષિત છે.

વચનામૃત કારિયાણી પ્રકરણ ૨માં તેઓ કહે છે કે કોઈક કારણસર જો બુદ્ધિ નિષ્ક્રિય, શાપિત કે તામસી બની ગઈ હોય, તો તેણે બીજા કોઈ પણ તેજસ્વી વિદ્યાર્થી કરતાં, એક વર્ષ આગળ જઈને વધુ પુરુષાર્થ કરવો પડે. બીજા નિર્માની (વિનમ્ર) રહે, તે કરતાં તેણે વધુ વિનમ્ર રહેવું પડે, બીજા સાધના કરતા હોય, તેના કરતાં વધુ સમય ફાળવવો પડે, બીજા સંયમ રાખતા હોય, તે કરતાં પણ તેણે વધુ સંયમમાં વર્તવું પડે. બીજા સવારે વહેલા ઊઠે તે

પહેલાં એણે આળસ ત્યાગીને, તેમના કરતાં વહેલા ઊઠીને, પોતાનો દિવસ શરૂ કરવો પડે. આમ, સર્વેથી વિશેષ નિયમ પાળે, તો તેની શાપિત બુદ્ધિ ટળે, નહીં તો ન ટળે.

જ્યારે આવો વિશેષ પરિશ્રમ કરનાર વિદ્યાર્થીને જુએ ત્યારે શ્રીહરિને પણ તેને વિશેષ માર્ગદર્શન આપીને કેળવણીના બેઝિક સ્પષ્ટ કરાવવાનો ઉમંગ રહે છે.

વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૧નું તો શીર્ષક જ છે – પુરુષપ્રયત્નનું; જેમાં ઉચ્ચ અને ઉમદા શિક્ષણ માટે શ્રીહરિ જે સાધનો બતાવે છે, તેમાં આજના શિક્ષણમાં ખૂટતાં તત્ત્વોનું પણ અનુસંધાન છે. તેઓ કહે છે: સદ્‌ગુરુ(teacher), સત્શાસ્ત્ર(study material), વૈરાગ્ય(simple living), શ્રદ્ધાવાન હોય(belief system), બ્રહ્મચર્ય(self control) અહિંસામાં પ્રીતિ(balance of emotional mindset), આત્મનિષ્ઠા (self-esteem, self-recognition).

જ્યાં પણ આટલાં તત્ત્વો એકત્ર થઈ જાય છે, તે છે એમના મતે સાચો પુરુષપ્રયત્ન. જે સાધક, જે વિદ્યાર્થી ગુરુ દ્વારા કેળવણી લઈને આટલાં સોપાનો સિદ્ધ કરે, તો તેના પર પરમેશ્વરની કૃપા થયા વિના પણ રહેતી નથી.

જ્યારે વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૪ મુજબ આવા પુરુષાર્થમાં ગાફલાઈ રહે અને તે જ કારણે પ્રમાદ અને મોહનો ત્યાગ ન થાય, તેને અનેક પ્રકારના આંતર-બાહ્ય શત્રુ નડ્યા વિના રહેતા નથી. બસ, એટલે જ તો શિક્ષણમાં સફળતા માટે માત્ર પુસ્તકોનો આધાર અધૂરો આધાર છે.

જંગ મેં કાગજી અફરાત સે ક્યા હોતા હૈ,
હિંમત ઔર મહેનત સે બાત હોતી હૈ, તાદાદ સે ક્યા હોતા હૈ !?

શિષ્ટાચાર

વિદ્યાર્થીઓમાં આવા ગુણોની પાત્રતા કેળવવા, શ્રીહરિએ અન્ય થોડાં મહત્ત્વનાં મેનર્સ પણ શીખવ્યાં છે, જે આજે કોર્પોરેટ ટ્રેઇનર્સ પોતાના હાઇ પ્રોફાઇલ વિદ્યાર્થીઓને ભરપૂર ક્ષમતાઓના વિકાસ માટે લાખોની ફી લઈને આ બધું શીખવી રહ્યા છે.

વચનામૃત લોયા પ્રકરણ ૮માં તેઓ ઇન્દ્રિયોની ચંચળતા દૂર કરવાના

સંદર્ભમાં જે શિષ્ટાચાર શીખવે છે, તે આજના અભ્યાસક્રમનો એક ભાગ કેમ નથી, તેવો પ્રશ્ન જરૂર થાય છે?

વચનામૃતમાં શ્રીહરિ કથિત સારભૂત શિષ્ટાચાર :

- કથા-કીર્તનમાં (ભણવામાં) નિદ્રા આવે, ત્યારે ઊભા થવું. નિદ્રા-આળસને ટાળવા.
- જાણીને ટાઢ-તડકો, વરસાદ સહન કરવા. માત્ર એ.સી.ની ફૂંકો ફેલાવતી લક્ઝરી સુવિધાઓમાં વિદ્યાર્થીની સહનશક્તિ બહેર મારી જાય છે. પછી તે નાના-નાના સંઘર્ષો પણ સહી શકતો નથી.
- માળા ઉતાવળી લહરકે ન ફેરવવી. વિદ્યાર્થીએ શાંતચિત્તે પોતાનાં સાધનોનો યોગ્ય ઉપયોગ કરતાં શીખવું. ઉતાવળ વિદ્યાની શત્રુ છે.
- સંયમની તેજસ્વિતા વધારવા સ્ત્રી-પુરુષ મર્યાદામાં સાવધાનપણે વર્તવું. અસંયમથી તેજસ્વિતા અને એકાગ્રતાનો નાશ થાય છે.
- અતિ સ્વાદ સ્વાસ્થ્યનો દુશ્મન છે. અને બગડેલું સ્વાસ્થ્ય જ્ઞાન-અર્જનનું દુશ્મન છે. માટે જીભને તો ગમતી વસ્તુ ન આપીને, યુક્તાહાર કરીને જીતવી.
- વિદ્વાનો કે અનુભવીઓની વાણી વહેતી હોય, ત્યારે પોતાનું ખોટું ડહાપણ ડહોળીને વચ્ચે ડબકાં ન મૂકવાં. બોલાવ્યા વિના વચ્ચે બોલવું, તેને સમર્થ સ્વામી રામદાસે પણ મૂર્ખતાનું મુખ્ય લક્ષણ કહ્યું છે.
- અતિ શાંત હો, તો થોડા ચંચળ થવું. અતિ ચંચળ હો, તો થોડા શાંત થવું. અહીં શ્રીહરિનો અભિપ્રાય એ છે કે એક્ટિવ હોવું, અને હાઈપર હોવું, બંનેમાં મોટો તફાવત છે. તેમજ સાઈલન્ટ હોવું અને લેઝી(આળસુ) હોવું, બંનેમાં મોટો ફરક છે. વિદ્યાર્થીમાં હંમેશાં આ બંનેનું બેલેન્સ હોવું જોઈએ..
- જેની પાસે શીખો છો, જેની સાથે રહો છો, જેના ગૌરવથી આપણું ગૌરવ વધે છે, તેનો મહિમા હૃદયથી સ્વીકારવાનું શીખો.
- અગ્રણી ગુરુજનોની સેવા-ચાકરી કરવાથી નમ્રતા આવે છે. અને વિનય ન હોય તેવાને વિદ્યા ચડતી નથી.
- યોગ્ય-અયોગ્યનો વિવેક શીખી યોગ્યનું ગ્રહણ કરવું, એટલે અયોગ્યનો

ત્યાગ સહજ જ થઈ જાય છે.

વચનામૃત સારંગપુર પ્રકરણ ૨માં વિદ્યાર્થીના શિષ્ટાચારની જે ટિપ્સ શ્રીહરિ આપે છે, તે આજના યુવાનોને સૌથી વધુ પ્રસ્તુત છે...

- અગ્રણી હોય તેની સાથે વાદ-વિવાદમાં નમી દે, અને તેમને ભોંઠા ન પાડે તેનું ગૌરવ વધે છે.
- ગુરુજનો કોઈ આદેશ આપે તેમને ઓન ધ સ્પોટ ના પાડી દેવાનો સ્વભાવ નિષ્ફળતાને જ ખેંચી લાવે છે. માટે થોડા સમય પછી, શાંતિથી તેમને મળીને, હાથ જોડીને, વિનમ્રતા સહિત કહેવું કે આપ કહો છો તેમાં મને આટલી આશંકા થાય છે. આમ, નમ્ર થઈને કહેવું.

ગઢડા અંત્ય પ્રકરણ ૨૫માં શિષ્ટાચારના આવા જ કેટલાક મુદ્દાઓ રજૂ કરીને તેઓએ વર્તણૂક(મેનર્સ) અંગે વિદ્યાર્થીઓને જાણે વધારે સાવધાન કર્યા છે.

- કેટલાક હંમેશાં સારાં કામ કરવાનું ટાળતા રહેતા હોય છે. અને જો બહુ આગ્રહ થાય તો કહે કે ભગવાન કરાવશે તો તે કામ કરીશ. આમ, દરેક કામ ભગવાન ઉપર નાખે, તે પણ કર્મઠ વિદ્યાર્થીનું લક્ષણ નથી.
- તો વળી 'હું આમ કરીશ કે હું આમ કરીશ...' જેવો અહંકાર પણ ઉત્તમ વિદ્યાર્થીનું લક્ષણ નથી.
- જેમાં આનંદ આવતો હોય કે મનોરંજન મળતું હોય, તેવાં કામ કરવામાં તો શરમ કે આળસ ન હોય, પરંતુ શુભ કામ કરવા, ભગવાનની વાર્તા કરવી અથવા જે પણ કંઈક નવું શીખ્યા હોય, તે બીજાને કહેવામાં આળસ રાખે, તે તેઓને પસંદ નથી.
- કોઈક મોટા સભામાં બેઠા હોય, ત્યાં તેમને કોણી મારીને પોતે આગળ બેસે, એટલે કે વડીલોની આમન્યા ન રાખે, તેની પણ પછીથી કોઈ આમન્યા રહેતી નથી.
- મહિલાઓએ હંમેશાં પોતાના શરીરને યોગ્ય વસ્ત્રોથી ઢાંકીને રાખવું જોઈએ. પણ લજ્જા રહિતનું વર્તન તેઓને પસંદ નથી.
- જે કાર્ય કરતા હોઈએ (દર્શન, સત્સંગ કે અભ્યાસ) તે સમયે કોઈપણ પ્રકારનો અવરોધ કે ખલેલ પહોંચાડે તેવી ઘટનાઓ બનતી હોય, ત્યાં વારંવાર પોતાનું કાર્ય મૂકીને જોતા રહેવું, તે પણ શિષ્ટાચાર નથી.

- જે વિદ્યાર્થી કપટ રાખીને પોતાના અગ્રેસરની સામે પણ પારદર્શક વ્યવહાર રાખતો નથી, તે પણ અશિષ્ટ વર્તન છે...

આમ, શ્રીહરિએ વિદ્યાર્થી લક્ષણોનાં આ જે દીપસ્તંભો દર્શાવ્યા છે, તેનું અનુસરણ કરાવવાનો અભ્યાસ એક સિલેબસના રૂપમાં તૈયાર થાય અને અમલમાં મુકાય, તો એટલી વાત નિશ્ચિત છે કે જે પ્રકારનું સ્વચ્છંદ વાતાવરણ શાળા-કૉલેજોમાં ઉભરાઈ રહ્યું છે, તેમાં રુકાવટ આવે, અને સામે લાભ પણ જરૂર થાય, જેનાથી ભારતીય યુવા વિદ્યાર્થીધનની મેધા, પૌરુષ અને ઋતુંભરા પ્રજ્ઞાનો પણ એટલો જ પ્રભાવક વિકાસ સાધી શકાય.

એકાગ્રતા

વચનામૃત સારંગપુર પ્રકરણ ૨માં શ્રીહરિ જણાવે છે કે જો કોઈ ભક્ત(વિદ્યાર્થી) ભગવાનનાં દર્શન કરતો હોય (અભ્યાસ કરતો હોય), તો તે જો મને સહિત વર્તમાન (પૂરી એકાગ્રતાથી) કરે, તો તે એવું દર્શન (કે અભ્યાસ) થાય કે તે વિસારે તો પણ વીસરે નહીં.

'સર, યાદ નથી રહેતું!' - આજે વિદ્યાર્થી જગતનો આ સૌથી મોટો પ્રશ્ન છે. તેના ઉકેલ માટે ખૂટતી કડી જેવી આ ફોર્મ્યુલા જરૂરથી કામે લગાડી શકાય. જ્યાં એકાગ્રતા છે, જ્યાં મનનો લગાવ છે, ત્યાં સિદ્ધિઓ સહજ રીતે આવી મળે છે. આજનાં ઈલેક્ટ્રોનિક ઉપકરણો(ગેજેટ્સ) જો ભણતરને ગૌણ કરે છે, તો ફરક શ્રવણ, મનન અને નિદિધ્યાસન જેવી શીખવાની પદ્ધતિ ઉપર પડ્યા વિના રહેવાનો નથી.

સ્વગૌરવ - આત્મવિશ્વાસ

સ્વામી વિવેકાનંદજીએ કહ્યું હતું કે 'શિક્ષણ એટલે તમારા મગજમાં ભરવામાં આવેલી, અને આખી જિંદગી સુધી પચ્યા વિના પડી રહેલી અને તોફાન મચાવનારી માહિતીનો ઢગલો નથી. આપણે તો જીવનને, માનવને અને તેના ચરિત્રને ઘડનારા વિચારોનું ગ્રહણ અને મનન કરનારા જોઈએ છે. જે કેળવણીથી જીવનના સંઘર્ષો સામે ઝઝૂમવાની તાકાત આવતી નથી, પરોપકારની ઉદારતા અને સિંહ સમાન હિંમત આવતી નથી, તે શું કેળવણીના નામને લાયક છે?'

આજે નાના-નાના સંઘર્ષો અને નાની-નાની નિષ્ફળતાઓ વિદ્યાર્થીઓને વિચલિત કરી મૂકે છે.

- પ્રવાસના પૈસા ન આપ્યા અને આપઘાત!

- પ્રિલિમમાં એક વિષયમાં માર્ક ઓછા આવ્યા અને આપઘાત!

- માતા કે પિતાએ ઠપકો આપ્યો અને આપઘાત!

- બીજાને મળ્યાં છે, એવા સુખ-સુવિધા-લક્ઝરી કે ગેઝેટ્સ મારી પાસે કેમ નથી? આ વિચારે વેગ પકડ્યો અને આપઘાત!

એક હોનહાર કિશોર કે કિશોરી આવા ક્ષુલ્લક કારણોસર ફટાકડાની જેમ ફૂટી જાય છે, ત્યારે એ અવાજ સમાજમાં મોટા ધમાકા સાથે સંભળાય છે.

શા માટે કાચી કળી જેવાં ઊગતાં કિશોર-કિશોરીઓ જીવતરનો દીવો ઓલવી નાખે છે? એનાં કારણો એ છે કે ક્યાંક તેમના આંતરિક ઘડતરમાં ખામી છે; ક્યાંક તેમની વૈચારિક પરિપક્વતાનું નિર્માણ કરવામાં આપણી કચાશ રહી ગઈ છે; કે પછી ક્યાંક તેમની આંતરિક વિચારધારાને સમજી શકવામાં કેળવણીવિદો ટાંચા પડ્યા છે.

ભગવાન સ્વામિનારાયણ શિક્ષણના ક્ષેત્રની આ ભયાનક સમસ્યાનો ઉત્તર આપતાં કહે છે કે આ સમસ્યા લઘુતાગ્રંથિનો આવિષ્કાર છે. વચનામૃત સારંગપુર પ્રકરણ ૯માં તેઓ સ્પષ્ટ કહે છે કે ભક્તે (વિદ્યાર્થીએ) એમ સમજવું કે મને તો ભગવાન મળ્યા છે, અને રાત-દિવસ હું ભગવાનનું નામ લઉં છું (પ્રાર્થના-પુરુષાર્થ કરું છું), માટે હું તો કૃતાર્થ થયો છું! એમ વિચારીને હંમેશાં આનંદમાં રહેવું. પોતપોતાના ધર્મમાં (નીતિ-નિયમો અને શિસ્તમાં) રહેવું અને પોતાને પૂરણકામ (fullfil within) માનવું.

પણ શું થાય? વચનામૃત લોયા પ્રકરણ ૪માં તેઓ આવા વિદ્યાર્થીઓની માનસિકતા સમજીને ચોખ્ખું જ જણાવે છે કે 'જેને શોક કર્યાનો (દુઃખી થયાનો) સ્વભાવ હોય, તો અંતે જરૂર કંઈક ભૂંડું થયા વિના રહે નહીં.'

માટે વિદ્યાર્થીઓએ પોતાનું ગમતું કરવા-કરાવવા સારુ કોઈ રીતે મૂંઝાવું નહીં, મૂંઝવણે કરીને બુદ્ધિમાં એકલો તમોગુણ છાઈ જાય, એ જ કારણે એ કેવળ દુઃખી જ રહે છે. આવા સમયે જો વિદ્યાર્થીઓમાં શ્રીહરિ કહે છે તેવું 'હું કૃતાર્થ છું, આનંદરૂપ છું, શુદ્ધ છું, ચૈતન્ય છું, આત્મસત્તારૂપ છું...' આવું આત્મગૌરવ સિંચાય, તો તે ક્યારેય વચનામૃત(ગ.પ્ર.૧૭, લો.૬)માં

જણાવ્યા મુજબ, હિંમતરહિત વાત કરી જ શકતો નથી. કેમ કે વિદ્યાર્થીઓ માટે તે બંને વચનામૃતોમાં શ્રીહરિનો સ્પષ્ટ આદેશ છે કે 'નો નેગેટિવ!'

શ્રીહરિ આ વચનામૃતોમાં જણાવે છે કે કેટલાકનાં મનમાં પહેલેથી જ પોતાની જાત માટે એવી ગ્રંથિ હોય છે કે 'આવાં' મોટાં-મોટાં કામ તો બીજાથી થાય, આપણાથી થોડાં થઈ શકે?' પણ આવી હિંમતરહિત વાત તો કરશો જ નહીં. ને જેનાથી આવી નબળી-કમજોર-મોળી વાત થઈ જાય, તેને એમણે એ દિવસે ઉપવાસ કરવાનું પ્રાયશ્ચિત્ત આપીને, તે વિદ્યાર્થીને કે સાધકને સંઘર્ષ સામે સજ્જ થવાની હિદાયત આપી છે.

તેઓ આ પ્રકારની પ્રેરણા આપીને પોઝિટિવિટીને એક ધક્કો આપે છે. વિદ્યાર્થીને સ્વની ખોજ કરવા કહે છે. આપણી શાળાઓમાંથી હવે નિરંતર એક ઘોષ ઊઠવાની જાણે શ્રીહરિ રાહ જોઈ રહ્યા છે, અને એ ઘોષ છે – *અક્ષરમ્ અહં પુરુષઓત્તમદાસોસ્મિ।....*

પ્રમુખસ્વામી મહારાજે કહ્યું છે કે "તમે જો કાયમ એમ બોલતા રહો, કે વિચારતા રહો કે 'હું કાંઈ નથી, કાંઈ નથી...' તો તમે પણ શૂન્ય બની જવાના. આપણાં શાસ્ત્રો, વેદો-ઉપનિષદો આપણને શીખવે છે કે આપણે ભગવાનનાં સંતાન છીએ. જે સર્વ શક્તિમાન ભગવાન છે, તેમના આપણે થયા, તો તે પણ આપણા થશે. માટે મનમાં કોઈ વાતે મૂંઝાવું નહીં."

આ જ વાતને સ્વામી વિવેકાનંદ જાણે આગળ વધારીને કહે છે કે જ્યારથી આપણી પ્રજાએ આત્મશ્રદ્ધા ખોઈ, ત્યારથી જ આપણા પતનની શરૂઆત થઈ છે. આત્મશ્રદ્ધા રાખવી એટલે ઈશ્વરમાં શ્રદ્ધા રાખવી, કારણ કે આપણે સૌ અનંત, દિવ્ય અગ્નિનાં સંતાનો છીએ. આપણને નાહિંમત થવાનું પોસાય તેમ જ નથી.

શ્રીહરિએ આત્મશ્રદ્ધા જગાવવા 'આત્મસ્વરૂપ' બનવાની શીખ આપી, તો સાથે સાથે ભગવાન પ્રત્યે શ્રદ્ધા જગાવવા અને 'તેઓ સર્વ કર્તાહર્તા છે,' તેમ સમજવાની પણ શીખ આપી છે (વચ. ગ.મ. ૨૧), જેની ચર્ચા આપણે અગાઉ કરી ચૂક્યા છીએ. વિદ્યાર્થી-જગતના મનોપ્રદેશને હરિયાળો બનાવવા, અહીં એમણે દર્શાવેલાં કેટલાંક મહત્ત્વનાં અન્ય વિદ્યાર્થી લક્ષણો ઉપર પણ ઝડપથી નજર ફેરવી લઈએ.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨માં તેઓ કહે છે ભક્ત(વિદ્યાર્થી) કેવો

હોય ?

- એને વિષય શત્રુ જેવા લાગે (Study without distraction).
- સત્શાસ્ત્રનો સંગ રાખે (Updated with study material).
- સેવાનો સંગ રાખે (Serve with humbleness).
- શ્રદ્ધાને દિનપ્રતિદિન વધારતો રહે.
- પુરુષાર્થ કરવામાં મંડ્યો રહે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ જમાં ભગવાન સ્વામિનારાયણ વિસ્તારથી પુરાણની એક નાની કથા કહે છે કે એક વાર નારદજી અને તુંબરુ બંને વૈકુંઠમાં લક્ષ્મીનારાયણનાં દર્શન કરવા ગયા. લક્ષ્મીનારાયણ આગળ તુંબરુએ ગાન કર્યું. તેનાથી પ્રસન્ન થઈને લક્ષ્મીનારાયણે તેમને પોતાના વસ્ત્રાભૂષણ ભેટ આપ્યાં. આ જોઈને નારદજીને તુંબરુ ઉપર ઈર્ષ્યા આવી કે હું પણ તુંબરુ જેવી ગાનવિદ્યા શીખું, અને ભગવાનને પ્રસન્ન કરું. નારદજીએ ગાનવિદ્યા શીખીને ભગવાન પાસે ગાયું પણ ભગવાને કહ્યું કે તમને તુંબરુ જેવું ગાતા નથી આવડતું. તેથી તેઓએ શિવજીની આરાધના કરી, તેમની પાસેથી વરદાન મેળવી વિદ્યા શીખી અને ભગવાન સામે ગાયું, છતાં ભગવાન પ્રસન્ન ન થયા. આવી રીતે સાત મન્વન્તર સુધી(યુગો સુધી) ગાનવિદ્યા શીખ્યા અને ભગવાન સમક્ષ ગાયું છતાં ભગવાન પ્રસન્ન થયા નહીં. અંતે તેઓ પોતાનો અહંકાર છોડીને તુંબરુ પાસે જઈને ગાનવિદ્યા શીખ્યા અને શ્રીકૃષ્ણ ભગવાન પાસે દ્વારિકામાં આવીને પોતાની ભક્તિ રજૂ કરી, ત્યારે ભગવાન પ્રસન્ન થયા અને પોતાનાં વસ્ત્ર-અલંકાર વગેરે નારદજીને આપ્યાં.

શ્રીહરિ વિદ્યાર્થીઓને કહે છે કે શીખવા માટે સદા તત્પર રહો. એટલું જ નહીં, પણ જે પોતાથી શ્રેષ્ઠ હોય, તેમની સામે વિનમ્રપણે બેસીને, તેમના શિષ્ય બનીને, ઈર્ષ્યાભાવ ટાળીને, તેમની સામે જ શીખવા બેસી જાઓ. જેમના પ્રત્યે ઈર્ષ્યા હોય, તેમની પાસે જ શીખવા બેસી જાવ. હા, એક વિદ્યાર્થી માટે કોમ્પિટિટિવ સ્પિરિટ હોવી અત્યંત જરૂરી છે, પણ તે બીજાને પછાડવા માટે નહીં, પરંતુ પોતાની ક્ષમતા વધારવા માટે !

તેઓ કહે છે કે ઈર્ષ્યા કરવી તો એવી કરવી જે જેની ઉપર ઈર્ષ્યા હોય, તેના જેવા ગુણને ગ્રહણ કરવા અને પોતાના અવગુણને ત્યાગ કરવા... નારદજીની જેમ સ્વના અહંકારને શૂન્યની સપાટી પર લાવી દેવા જે તૈયાર

રહે છે, તે છે ઉત્તમ વિદ્યાર્થીનું ઉમદા લક્ષણ.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫માં એમણે વિદ્યાર્થીઓને પલાયન કરતાં પહેલાં પુરુષાર્થની મહત્તા સમજવા અનુરોધ કર્યો છે. તેઓ કહે છે કે ધ્યાન કરતાં મૂર્તિ હૃદયને વિષે ન દેખાય, તો પણ કાયર થઈને તે ધ્યાન મૂકી દેવું નહીં. તેનો અર્થ એટલો જ કે ખૂબ મહેનત કરી, પણ તેનું ફળ હાલ તો દેખાતું નથી, તો પણ જરાય નાસીપાસ થશો નહીં. જ્યાં સુધી સિદ્ધિ ન મળે, ત્યાં સુધી સાચો વિદ્યાર્થી પલાયનવાદી બનતો નથી. તેને એક જ ધ્યેય રહે છે કે ડોન્ટ એસ્કેપ ! ભાગો નહીં, જંગે ચઢવા તૈયાર રહો..

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૮ અને ૧૮માં એમણે કુસંગ અને કુસંગના વાતાવરણથી સાવધાન રહેવા ખાસ ચેતવણી આપી છે. વિદ્યાર્થી અવસ્થામાં બુદ્ધિ ભ્રષ્ટ થાય તેવા પદાર્થ, કુસંગ અને વાતાવરણથી એટલા દૂર રહો કે જેથી એ તમારા ધ્યેયમાં અવરોધરૂપ પૂરવાર ક્યારેય ન થાય અને તમે તમારા ધ્યેયને ખૂબ સરળતાથી પામી શકો...

ભગવાન સ્વામિનારાયણના જ શબ્દોમાં જોઈએ :

પંચ ઇન્દ્રિયોને યોગ્ય-અયોગ્ય વિચાર્યા વિના જે મોકળી મેલશે, તેનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ જશે. અને પંચ ઇન્દ્રિયો દ્વારા જીવ જે આહાર કરે છે તે આહાર જો શુદ્ધ કરશે, તો અંતઃકરણ શુદ્ધ થશે અને અંતઃકરણ શુદ્ધ થશે તો અખંડ ભગવાનની સ્મૃતિ રહેશે. અને જો પંચ ઇન્દ્રિયોના આહારમાંથી એક ઇન્દ્રિયનો આહાર મલિન થાય છે, તો અંતઃકરણ પણ મલિન થઈ જાય છે. માટે ભગવાનના ભક્તને (વિદ્યાર્થીને) ભગવાનના ભજનને વિશે (અભ્યાસમાં) જે કોઈ વિક્ષેપ થઈ આવે છે, તેનું કારણ તો પંચવિષય જ છે, પણ અંતઃકરણ નથી. આ જીવ તે જેવી સોબત કરે છે તેવું તેનું અંતઃકરણ થાય છે... અદ્ભુત છે આ અધ્યાત્મગ્રંથમાંથી ફૂટી રહેલાં દિવ્યપ્રેરણાનાં સ્ફુલ્લિંગો ! પ્રાથમિક કક્ષાઓના વિદ્યાર્થીઓથી માંડી પીએચ.ડી. સુધીના વિદ્યાર્થીઓ કે અધ્યાત્મના આરાધકો સમાન આજીવન મુમુક્ષુઓ દરેક પગલે જ્ઞાનઅર્જનની સાધનાનાં પગથિયાંઓ સરળતાથી ચઢી શકે, તેવી સહજ પ્રસ્તુતિ શ્રીહરિનાં આ વચનોમાંથી પ્રકાશિત થઈ રહી છે.

આ ઉપદેશોથી કદાચ આપણે યુવાનોનું ભવિષ્ય ન ઘડી શકીએ, પણ આ જ ઉપદેશોથી આપણે ભવિષ્યના યુવાનો તો જરૂર ઘડી શકીશું...

વચનામૃત અને શિક્ષક

શું શિક્ષક માત્ર એક પાંડિત્યપૂર્ણ વ્યક્તિત્વ જ છે? કદાપિ નહીં.

શિક્ષક, એક પદ છે, એક સંસ્થા છે; જે આચરણથી આચાર્ય અને ગુણોથી ગુરુ છે.

તે અનુકરણીય છે, માટે જ સાવધાન છે.

તે હિતચિંતક છે, માટે મિત્ર છે.

તે અનુભવી છે, માટે માર્ગદર્શક છે.

તે નૈતિક છે, માટે આદર્શ છે.

તે પ્રસન્ન છે, માટે પ્રિય છે.

તે અસરકારક છે, માટે સમર્થ છે.

તે રસાળ છે, માટે જીવંત છે.

તે સંયોજક છે અને સંગઠક છે, માટે નેતા છે.

રવીન્દ્રનાથ ટાગોરની વ્યથા સાંભળો:

'આપણાં દુર્ભાગ્યે આપણા દેશમાં પશ્ચિમની વિદ્યાપીઠોનું બધું જ રાચરચીલું હાજર છે. નથી, તો એક શિક્ષક! સાચા શિક્ષકને બદલે આપણે ત્યાં માત્ર પુસ્તકિયા વિદ્યાને વેચનારા છે. જાણે પુસ્તકની દુકાનના બોલતા-ચાલતા કાગળના દેવતા! પરિણામે, આપણે વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે નોટબુકની દીવાલ ઊભી કરીને, પોતાનો માનસિક ખોરાક દુકાળિયાઓને અપાતા ધાનની જેમ માત્ર મૂઠી ભરીને જ વહેંચીએ છીએ. જે સ્વાદિષ્ટ પણ નથી, કે પૌષ્ટિક પણ નથી. આપણું શિક્ષણ નિયમોથી નક્કી કરેલું 'દુષ્કાળનું

સ્ટેશન' છે, જેનો હેતુ આપણી કે દેશની કે દેશના વિદ્યાર્થીઓની ભૂખ મટાડવાનો નથી, પણ આપણને કેવળ જીવતા રાખવાનો છે. તેમાંથી સંસ્કારિતા પ્રગટે તેવી કોઈ આશા જ રહેતી નથી. કેમ કે, સંસ્કારિતા માણસની જરૂરતો કરતાં ઘણું વધારે માંગી લે છે.'

મહાકવિની આ વ્યથામાં એટલું સ્પષ્ટ થઈ જાય છે કે ભારતીય શિક્ષણ-પ્રણાલીમાં જે કક્ષાના કર્મયોગી, જ્ઞાનયોગી અને ભક્તિયોગી શિક્ષકોની કમી છે, તેનાથી ટાગોર જેવા મહાકવિ પણ ચિંતિત હતા.

અહીં આપણે ચર્ચા એ કરવી છે કે વચનામૃત આ સમસ્યાનો હલ કયો આપે છે? અને કેવી રીતે આપે છે?

શ્રીહરિના મતે શું શિક્ષક એ જ આચાર્ય કે ગુરુ છે? કે ઉત્તમ શિક્ષક અથવા તો ગુરુપદના સ્થાને શોભી રહેલા શિક્ષકનું સ્તર કંઈક જુદું, વિલક્ષણ અને અનેરું હોય છે?

યાદ રહે, સાધારણ શિક્ષક વિદ્યાર્થીની 'બહાર' ઊભો રહેશે, એ ક્યારેય વિદ્યાર્થીની અંદર પ્રવેશી શકતો નથી.

આચાર્ય વિદ્યાર્થીની 'અંદર' હૃદય સુધી પ્રવેશ કરી શકશે, તેને સમજાવશે, પરંતુ તેના અંતરંગ કે આત્મીય નહીં બની શકે.

જ્યારે ગુરુ વિદ્યાર્થી સાથે એકરૂપ થશે, વિદ્યાર્થીની કમજોરી, સ્વભાવ કે ગેરમાન્યતાઓની ગંદકી દૂર કરશે. તે વિદ્યાર્થીના ચૈતન્ય પરની સ્વભાવ-વાસનાની ગંદકીનો કબજો હટાવશે. તે બિલકુલ સીધા-સાદા અને સહજ-સરળ દેખાતા હશે. જાણે કે તે તમારામાંના જ હોય, પરંતુ તે તમારાથી બિલકુલ જુદા હશે, પર હશે, શ્રેષ્ઠ અને દિવ્ય હશે.

ભગવાન સ્વામિનારાયણનું સમગ્ર જીવન, વ્યક્તિત્વ, સંદેશ અને ઉપદેશ આ બાબતનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ઉત્તમ ગુરુની ચર્ચા આદિ શંકરાચાર્ય 'વિવેક ચૂડામણિ' ગ્રંથમાં કરે છે. એમણે ગુરુનાં આઠ મુખ્ય લક્ષણો બતાવ્યાં છે:

श्रोत्रियोऽवृजिनोऽकामहतो यो ब्रह्मवित्तम् ॥ 34 ॥
ब्रह्मण्युपरतः शान्तो निरिन्धन इवानलः ।
अहैतुकदयासिन्धुर्बन्धुरानमतां सताम् ॥ 35 ॥

ભારતીય વિચારધારા મુજબ આદર્શ શિક્ષકની ઊંચાઈ કઈ હોય છે?

૧. એ શ્રોત્રિય હોય, ૨. નિષ્પાપ હોય, ૩. કામનાશૂન્ય હોય, ૪. બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ હોય, ૫. બ્રહ્મમાં ઉપરતિ રાખનાર હોય, ૬. ઈંધણ વિનાના અગ્નિ સમાન શાંત હોય, ૭. અકારણ દયા-કરુણાનો સાગર હોય, ૮. પ્રાણીઓ એટલે કે સજ્જનો સાથે વિનયપૂર્ણ બંધુત્વ ધરાવનાર હોય.

આ આઠે લક્ષણોને જો ત્રણ જ શબ્દોમાં સમાવાય, તો શ્રીહરિની શિક્ષક કે ગુરુ અંગેની વિચારધારાને સમજવામાં વધારે સરળતા રહેશે. એ ત્રણ શબ્દો એટલે પૂર્ણતા, પવિત્રતા અને પરહિતકારિતા. શિક્ષક કદી અપૂર્ણ ન હોય, અપવિત્ર ન હોય અને અહિતકારી ન હોય.

પૂર્ણતા

કવિવર ન્હાનાલાલે શ્રીહરિના વ્યક્તિત્વની વિલક્ષણતા દર્શાવતાં લખ્યું છે કે – બાઈબલમાં ઈસુ ખ્રિસ્તે પોતાનો મનોરથ ઉચ્ચાર્યો છે કે I come to fulfil, but not to destroy. 'હું પૂર્ણત્વ આપવા આવ્યો છું, નાશ કરવા નહીં.' બે હજાર વર્ષ પછી ભગવાન સ્વામિનારાયણે તેથીયે ઉચ્ચ કક્ષાનો મનોરથ ઉચ્ચાર્યો છે કે I come not to destroy, but harmonize. શ્રીહરિ ભાંગવાને નહીં, પણ સમારવાને પ્રગટ્યા હતા. સંસારની અને ધર્મની ફુલવાડીઓના ફૂલક્યારાની ભાંગેલી પાળો શ્રીહરિએ સમારી છે...

જેમ શિષ્ય થવું સહેલું નથી, તેમ જ શિક્ષક કે ગુરુ થવું પણ સરળ નથી. બંનેમાં જબરદસ્ત પૂર્વતૈયારી જોઈએ. પણ શિષ્ય કરતાં ગુરુ હંમેશાં સંયમમાં, નિયમમાં, જ્ઞાનમાં અને અનુભવમાં સવાયા જોઈએ.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૮માં શ્રીહરિ કહે છે કે જે લોક અને વેદની મર્યાદાને લોપીને વર્તતો હોય, તેવા ભ્રષ્ટ જીવની વાત સાંભળવી (કે તેની પાસે તાલીમ લેવી), એ તો લીલાગર ભાંગ પીએ અથવા દારૂ પીએ તેના જેવી છે. તે વાતના સાંભળનારા(વિદ્યાર્થી)નું અંતઃકરણ ભ્રષ્ટ કરી નાખે છે. કદાચ એ જ કારણસર, ભારતીય શિક્ષણ પ્રણાલીમાં જ્ઞાન આપવાનું કાર્ય હંમેશાં ઋષિઓ કરતા. તેઓ ગૃહસ્થ જરૂર હતા, પણ એમનો આંતરિક વૈભવ ત્યાગ અને સંયમથી છલકાતો હતો.

સ્વામી વિવેકાનંદ એટલે જ કહેતા કે જ્ઞાનદાનનો એ ભાર ત્યાગીઓના ખભા ઉપર મૂકવાનો સમય ફરીથી પાકી ગયો છે.

એક આદર્શ જ્ઞાનદાતા તરીકે શ્રીહરિ કેવી રીતે પૂર્ણ હતા ? એક શિક્ષક પાસે પૂર્ણત્વ પ્રાપ્ત કરવા શું હોવું જોઈએ, તેના કેટલાક મુદ્દાઓ વચનામૃતના સંદર્ભમાં સમજવા પ્રયત્ન કરીએ.

વાંચે તે વિકસે

સરેરાશ ઓનલાઇન રહેતા ૭૦% યુઝરો પોતાનો ૪૭ થી ૫૭% સમય માત્ર વ્હોટ્સ એપ, ફેસબુક કે ઇન્સ્ટા પાછળ ખર્ચે છે. આ સર્વે જો સાચો હોય, તો સરેરાશ વ્યક્તિના આશરે અઢીથી ત્રણ કલાકનો સમય ઇન્ટરનેટ ખાઈ જાય છે. તેની ફલશ્રુતિ શું ? માત્ર થોડું ફન, થોડી માહિતી અને ઝીરો પ્રેરણા !

એક શાળાના ટ્રસ્ટી સાથે ગાડીમાં જ થોડી વાતો નીકળી, તમને વિશેષ કંઈ શોખ? ખાસ કરીને વાંચન કે ચર્ચા કે સેમિનારોમાં જઈને શ્રવણ કરવું...?

એમણે સહજ કહ્યું : કંઈ જ વાંચવાનો સમય નથી મળતો, અને હવે શું વાંચવું ? ધોળા આવી ગયા ! અને પછી ચર્ચાએ બરાબર ગરમી પકડી હતી. એ મિત્રને વ્હોટ્સએપ પર પચાસો મિનિટ ગૂંચવાયેલા જોયા હતા, પણ વાંચવાનો ટાઇમ ન મળવાની પાંગળી માનસિકતાના કાચા દોરે લટકતા પણ જોયા હતા.

'એન ટુ ગ્રોથ'ના ચીફ સ્ટ્રેટેજી ઑફિસર માઈક મેટ્ટ થોડા આંકડા આપતાં કહે છે કે 'દરેક મહાન નેતાઓમાં એક આદત સામાન્ય હોય છે, તે છે - *ધે રીડ રિગરસલી*! અકરાંતિયા બનીને તેઓ વાંચે છે. અરે, ઉત્કૃષ્ટ ઇચ્છાશક્તિથી વાંચે છે ! પણ સાથે સાથે એ પણ વાત દુઃખદ છે કે તેઓના કર્મચારીઓ, એક્ઝિક્યૂટિવો વગેરેમાંથી ૬૦ ટકા એવા છે, જે માત્ર એકાદ પ્રકરણ જ વાંચે છે ! પણ જો હું તમને દુનિયાની ઉત્તમ કંપનીઓમાંથી એક ફોર્ચ્યૂનની જ વાત કરું, તો તેની અનેક સબસિડરી કંપનીઓના સી.ઈ.ઓ. દર મહિને ચારથી પાંચ પુસ્તકો વાંચે છે !'

પૌષ્ટિક વાંચન એ બુદ્ધિનું ટોનિક છે, સમજનું વિટામિન છે, વિચારોનું ન્યુટ્રીશન છે, શબ્દો અને અર્થોમાંથી નીપજતી સ્પષ્ટતાનું નિર્મળ આકાશ છે, પડ્યા પડ્યા કાટ ખાઈ જતા ચેતાતંત્રનું ઓઇલિંગ છે, આઇડીયાઝના ઉત્થાન અને સંકલન માટેની ફેક્ટરી છે.

ભલે કોઈ વ્યક્તિગત વિકાસ માટે કે પછી ધંધાકીય પ્રગતિ માટે ભરપૂર

જુસ્સાથી કામ કરતો હોય, પણ જો તે વાંચન કરીને મહાપુરુષોની જેમ સ્પંજ જેવા ચુસણિયા સ્વભાવના નથી હોતા, તો એ કોરા તો હોય જ, અને પછીથી એ કાયમ ખાલી રહી જાય છે... કારણ કે ઉત્તમ વ્યક્તિઓ જ્ઞાન મેળવવા, આવડતો વધારવા, સમજણો સેટ કરવા અને સતત ચાલુ રહેતી જાતજાતની સ્પર્ધાઓમાં સુધારા કરીને જીત મેળવવા આતુર હોય છે.

એક વાર શિક્ષકોનો ઇન્ટરવ્યૂ ચાલતો હતો.

'કયો વિષય છે તમારો?'

'હિન્દી.'

'કયા લેખક હિન્દીમાં તમને પસંદ છે?'

'હિન્દીમાં...' વિચારીને તે બોલ્યા: 'વિનોબા ભાવે! તેમનાં ગીતા-પ્રવચનો ખૂબ સરસ છે!'

'ભાઈ, એ એમના પ્રવચનોનું સંકલન છે, અને તેઓ હિન્દીના સાહિત્યકાર કે લેખક ન હતા... ઓકે, ચલો, આગળ વધીએ. તમારા ગમતા કોઈપણ હિન્દી લેખકનું નામ, તેની કૃતિઓ સાથે જણાવશો?'

જરા વિચારીને તેણે કહ્યું કે 'અબ્દુલ કલામ! એમની કૃતિ છે – મિસાઈલોં કી દુનિયા મેં...'

ઇન્ટરવ્યૂ લેનારે આ ગપ્પાં મારતા ઉમેદવારને ભારે કંટાળા સાથે અને જૂઠું બોલનાર હોવાની ધારણા સાથે રવાના કર્યો.

આથી જ શ્રીહરિના મતે, વિદ્યાર્થી સમક્ષ રજૂ થનાર દરેક શિક્ષક જાણકાર, વિદ્વાન, બહુશ્રુત અને શ્રોત્રીય હોવો જોઈએ. એમણે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૮માં જણાવ્યું છે કે પોતપોતાના ક્ષેત્રની પુષ્ટિ, તે ક્ષેત્રના ગ્રંથોના વાચનથી થાય છે. ગઢડા પ્રથમ પ્રકરણ ૨માં એમણે પહેલું જ લક્ષણ કહ્યું છે: સત્શાસ્ત્રોનો સંગ (એટલે કે શ્રવણ અને વાંચન).

મિત્રો! શ્રીહરિ પોતે પણ કેટલા અભ્યાસુ હતા?!

શ્રોત્રિય-વિદ્વાન-બહુશ્રુત

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮માં તેઓ સેવા અને નિશ્ચય અંગે મહત્ત્વના મુદ્દા ચર્ચીને ભારે આત્મવિશ્વાસ સાથે કહે છે કે, આ વાર્તા જે અમે કરી છે, તે કેવી છે? તો વેદ-શાસ્ત્ર-પુરાણ આદિ જે જે કલ્યાણને અર્થે

પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ અને વાંચન કરીને, તેનું સાર કાઢીને, આ વાર્તા કરી છે. તે પરમ રહસ્ય છે અને સારનું પણ સાર છે...

ક્યાં છે આજે આવા શિક્ષકો કે જેમની પાસે ઢગલાબંધ ઉત્તમ વાંચનની સુટેવ હોય? કે પછી વાંચન બાદ ઉપયોગી સિદ્ધાંતો તારવવાનો નીરક્ષીર વિવેક હોય? અને તે ઉપરાંત તે જ વિચારોને સમય પર યોગ્ય રીતે રજૂ કરવાની પ્રત્યુત્પન્નમતિ હોય?

યાદ રહે, જે શિક્ષકો અપડેટ અને અપગ્રેડ રહે છે, ચુસ્ત અને તંદુરસ્ત રહે છે, વાંચન અને અધ્યયનમાં મગ્ન રહે છે, તેમને જ સરસ્વતીના મોર બનીને વર્ગોમાં ટહુકવાનો હક છે. બાકીના શિક્ષકો, જે કોઈકના ધક્કાથી આ ક્ષેત્રમાં આવ્યા છે, વાંચતા નથી, વિચારતા નથી, અપગ્રેડ રહેતા નથી, અને પોતાના વિષય સાથે જે રીતે ખિલવાડ કરે છે, તે જ રીતે બાળકોના ભાવિ સાથે પણ ખિલવાડ કરવાની વૃત્તિ ધરાવતા હોય, તો તે રાષ્ટ્રીય ભ્રષ્ટાચારના ઉદ્દીપક છે. તેઓ આ ક્ષેત્ર બદલવાનું વિચારી લે, તો રાષ્ટ્રના મોટા નુકસાનને રોકવા માટે તેમનો મોટો સહયોગ ગણાશે.

સ્વાનુભવની પીઢતા

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૩માં શ્રીહરિ કહે છે કે 'આ જે વાત છે, તે મારી દીઠેલ છે, ને મારા અનુભવે કરીને પણ મેં સિદ્ધ કરી છે. અને સર્વશાસ્ત્રમાં પણ તે વાત મળતી આવે છે....'

શિક્ષક જ્યારે જાત-અભ્યાસ, પોતાની જિંદગીના સંઘર્ષો, સરસ્વતીની સાધના અને સામાજિક સંબંધોના આધાર પર અનુભવની મૂડી એકઠી કરતો નથી, તે કાયમ માટે અપરિપક્વ રહી જાય છે.

રવીન્દ્રનાથ ટાગોરે જેમને 'પુસ્તકની દુકાનના બોલતા-ચાલતા કાગળના દેવતા' કહ્યા છે, તે આવા જ શિક્ષકો માટે અપાયેલો અભિપ્રાય છે. એ મહાકવિને માત્ર અહીં એ જ બાબત અભિપ્રેત છે કે જો શિક્ષક પાસે પોતે જ અનુભવેલી સિદ્ધિની બાદબાકી છે, તો એ માત્ર ઘર, ટ્યૂશન અને શાળાના ત્રિકોણમાં ફરતા બિંદુ સિવાય કંઈ જ નથી.

શ્રીહરિ અનુભવની ટોચ પર બેઠેલા એક આદર્શ શિક્ષક હતા. અને તેથી જ તેઓની આશા પણ એ જ રહેતી કે કોઈપણ ઉપદેશક, શિક્ષક કે

આચાર્ય અનુભવની સરાણ પર ઘડાયેલો હોય.

સંગ ઉત્તમનો, ઊતરતાનો નહીં...

ગિજુભાઈ બધેકાએ પોતાનું એક નિરીક્ષણ નોંધતાં લખ્યું હતું કે શિક્ષક ક્યારેય વિદ્યાર્થીઓના વાલી પાસે પદાર્થો માંગે છે, કે મંગાવે છે, ત્યારે તેનું મા-સ્તર વિલીન થઈ જાય છે અને માંગ-સ્તર પ્રકાશિત થાય છે.

બાળકોના વાલીઓ પાસેથી ખેતરોમાં ઊગેલા અનાજની કે નાની દુકાનો ધરાવતા કરિયાણાના વેપારીઓ પાસેથી કોઈક ને કોઈક વસ્તુઓની માંગ વિનામૂલ્યે કરતા રહેવાની કુટેવ આજે પણ અનેક ગામડાંઓમાં જોવા મળી રહી છે. ગામડાંઓની શાળામાં જરા આંટો દઈ આવજો. તમને માત્ર કેટલાય એવા શિક્ષકો જોવા મળશે, જેના તમાકુ ભરેલા મોં જોઈને અરેરાટી થાય. અરે, એવા એક આચાર્યને પણ સગી આંખે જોયાનું યાદ છે કે એક મોટા શિક્ષણ સંસ્થાનના મેઇન ગેટની બહાર જ તે દારૂ પીધેલી હાલતમાં બાઇક સાથે ઊંધે કાંધ પડ્યા હતા. આવી સ્થિતિ સરસ્વતીના મોર બનવા અને વર્ગમાં ટહૂકવાનો હક રાખનારની હોઈ શકે?

શિક્ષક એ છે, જે ઉમદા વ્યક્તિત્વના માલિક હોય, જે ઉદારતા સાથે ઉત્તમ બાબતોની સંગતમાં જ ખુશી અને પ્રસન્નતાનો અનુભવ કરી શકતા હોય...

ભગવાન સ્વામિનારાયણ આવી સંગતમાં જ સુવાણ અનુભવે છે. વચનામૃત લોયા પ્રકરણ ૧૪માં તેઓ કહે છે કે "અમારે સુવાણ તો એવા સાથે થાય છે, જેમાં કામ, ક્રોધ, લોભ, સ્વાદ, માન, ઈર્ષા, દંભ, કપટ ઇત્યાદિક દોષ ન હોય અને ધર્મશાસ્ત્રમાં કહ્યું છે તેવી રીતે ધર્મ(નિયમ) પાળતો હોય અને ભગવાનની ભક્તિએ યુક્ત હોય, તે સાથે જ અમારે બેઠા-ઊઠ્યાની સુવાણ થાય છે. અને જે એવો ન હોય તે અમારી ભેગો રહેતો હોય તો પણ તેની સાથે સુવાણ થાય નહીં..."

પોતાની રુચિ દર્શાવીને શ્રીહરિ શિક્ષકને પોતાની લક્ષ્મણરેખા દોરી આપે છે અને તેમને તે રેખાની અંદર જ રહેવાની સલાહ આપે છે. તેનું કારણ એ છે કે ઉપરોક્ત દોષોનો થોડો અંશ પણ હોય, તો તે વિદ્યાર્થી કે વાલી સુધી છાનો રહી શકતો નથી. જેને કારણે શિક્ષકના શિક્ષકપણાનું ગૌરવ

હણાય છે. માટે એ સત્ય યાદ રહે કે જ્યારે શિક્ષક ઉત્તમનો સંગ રાખે અને ઊતરતાનો સંગ છોડે, ત્યારે તેના શિક્ષકત્વનું જ ગૌરવ પ્રસ્થાપિત થાય છે.

આથી જ સ્વામી વિવેકાનંદજીએ આદર્શ શિક્ષકનું સર્વોત્તમ લક્ષણ ગણ્યું છે : અનઘતા, નિષ્પાપપણું અને પવિત્રતા... તેઓ કહે છે કે જેમની પાસે આત્માની પવિત્રતા છે, તેમના જ શબ્દોની કિંમત છે. ગુરુનું કામ માત્ર બૌદ્ધિક કે અન્ય શક્તિઓ ઉત્તેજિત કરવાનું નથી. ખરેખર તો કોઈ પણ ઉપયોગી વિષયોમાં ચિંતન, વિચાર અને નવી સંકલ્પનાઓનો સંચાર કરવાનું છે. એટલે શિક્ષકો જરૂર સમજે કે કોઈ સાચી બાબત પ્રભાવરૂપે ગુરુમાંથી નીકળીને શિષ્યમાં પ્રવેશે છે. એટલે જ મારે એક શિક્ષક તરીકે પવિત્ર રહેવું અનિવાર્ય છે...

લક્ષ્ય તરફ દૃષ્ટિ

જ્યારે શિક્ષક 'આપવાનું' લક્ષ્ય ચૂકીને નાના-નાના સ્વાર્થમાં 'લેવાના' ઢાળ પર ઢળવા લાગે છે, ત્યારે સમાજ પણ એટલું જજમેન્ટ આપી દે છે કે આવો બુદ્ધિશાળી માણસ, આવા નાના સ્વાર્થમાં કેમ ફસાઈ ગયો હશે ?

વાત છે કેળવણી, જ્ઞાન, તાલીમ, પ્રશિક્ષણ, માહિતી કે કૌશલ્ય આપવાની. જ્યારે 'આપવા' જેવા સિંહાસન પરથી શિક્ષક ઊતરે છે, ત્યારે શ્રીહરિના મતે તે માત્ર જાણકાર છે, પણ બુદ્ધિમાન નથી. લક્ષ્યથી ન ફરે તે બુદ્ધિમાન છે. સાચા-ખોટા કે સાધારણ-અસાધારણનો વિવેક એ શિક્ષકની સહજતા હોવી જોઈએ.

શ્રીહરિ વચનામૃત પંચાળા પ્રકરણ ૧માં કહે છે કે અમારે બુદ્ધિવાળા પર હેત છે, કેમ કે અમે બુદ્ધિવાળા છીએ, તો અમારી એવી રીતે દૃષ્ટિ પૂગે છે કે કોડી(એ સમયનું સૌથી નાની કિંમતનું ચલણ) કરતાં પૈસામાં વધુ માલ છે, ને તેથી રૂપિયામાં વધુ માલ છે. તેમ જ્યાં જ્યાં પંચવિષયનું સુખ છે, તેનાથી ભગવાનના નામનું (અહીં જ્ઞાનના દાનનું) સુખ અતિ અધિક છે. માટે અમારો આ વિચાર, તમારા વિચાર કરતાં અધિક જણાયો છે...

શિક્ષકનું લક્ષ્ય તરફનું તીર સુસવાટા મારતું જતું હશે, તો પોતાને સામાન્ય બનાવતી કોઈ ઘટના તરફ તેની બુદ્ધિ વળી શકશે જ નહીં...

સ્વ-કર્મનું ગૌરવ

અમે કેટલાક શિક્ષકોને ફ્રી ટાઇમમાં શેરબજારની ચર્ચા કરતા જોયા છે, ચાલુ શાળાએ જમીનના દલાલ શિક્ષકો શાળા છોડીને જતા જોયા છે. સામે એવા પણ જોયા છે કે માત્ર ને માત્ર એક જ શાળામાં, ૩૦-૩૦ વર્ષ સુધી કોઈ જ અપેક્ષા વિના, વાલીઓ અને બાળકો માટે જીવન ખપાવી દીધું હોય...!! પણ એ હકીકત યાદ રાખવી જરૂરી છે કે જ્યારે શિક્ષક બાળકો, વિદ્યા અને શિક્ષાસંસ્થા સિવાયના પોતાના અંગત હિતનાં અન્ય સ્થાનો વધારવા લાગે છે, ત્યારે માત્ર તેનું આઇ-કાર્ડ અને બી.એડ., એમ.એડ.નાં સર્ટિફિકેટ તો રહી જાય છે, પણ અંદરનો સંતોષ કે સંસ્થાના મોવડીઓનો આદર, કે સાથીઓની ભાવભરી નજર, કે બાળકોનો નિર્મળ પ્રેમ, કે પછી સરસ્વતીના આશીર્વાદનો તાજ કાયમ માટે ખરી પડે છે...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૩માં શ્રીહરિ કહે છે કે ભગવાનના ભક્તનું (વિદ્યાર્થીનું) સારું થાય, તે સારુ અમે હળીમળીને રહીએ છીએ. અને જે દિવસે અમારા હૈયામાં ભગવાન ને ભગવાનના ભક્ત વિના (જ્ઞાનરૂપ સરસ્વતી અને વિદ્યાર્થી રૂપી બાળપુષ્પો વિના) બીજા ઠેકાણે ક્યાંય પણ હેત જણાશે, તો અમે એમ માનીશું કે અમે અમારી સ્થિતિમાંથી ડગ્યા. પણ અમને એવો નિશ્ચય છે કે અમે એ સ્થિતિમાંથી ડગીએ જ નહીં...

શિક્ષકમિત્રો ! શું આપણે સૌ સાથે મળીને આપણી અવિચલ સ્થિતિ માટેની બાંયધરી જ્ઞાનના ક્ષેત્રને આપી શકીએ તેમ છીએ ? હા, આ જરા અંતર્દૃષ્ટિનો વિષય છે.

વિદ્યાર્થીના હિતની ખટક

જેમને ભણવું જ નથી, તેવા નબીરાઓ શિક્ષક પાસે આવી જાય છે, અને અનેક પ્રયાસો પછી પણ તે સુધરવા માગતા જ નથી, ત્યારે શિક્ષકો, આચાર્યશ્રીઓ તેને લાઇન પર લાવવાનો પ્રયાસ પડતો મૂકતા જોવા મળે છે.

'શું કરીએ, એ સુધરવા જ નથી માંગતો...'

'તેના વાલી તરફથી પણ કોઈ સહકાર નથી...'

'એને તો સંજોગોના બે-પાંચ સપાટા પડશે, પછી જાતે સમજાશે...'

- આવા વિચારો કરતા શિક્ષકને જોઈને એવા યોદ્ધાની કલ્પના આવે છે કે જે સંજોગો સામે પોતાના હથિયાર સમર્પિત કરી દેતા હોય.

ભગવાન સ્વામિનારાયણ પોતાની ભાવનાઓ રજૂ કરતાં વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૫માં કહે છે કે તમે સર્વે ભક્તો (વિદ્યાર્થીઓ) મારા કહેવાયા છો, તે જો હું ખટકો રાખીને તમને વર્તાવું નહીં અને તમે કંઈક ગાફેલપણે વર્તો તો તે અમારાથી દેખાય નહીં. માટે જે મારા કહેવાયા છો, તેમાં મારે એક તલમાત્ર કસર રહેવા દેવી નથી. અને તમે પણ સુધા સાવધાન રહેજો...

પોતાના પ્રૉફેશન મુજબ પોતાની જવાબદારીઓ અને પોતાના સંપર્કમાં આવેલા વિદ્યાર્થીઓના હિત માટે શ્રીહરિનું આ કેટલું જબરદસ્ત કમિટમેન્ટ છે! પ્રતિબદ્ધતાની આવી પરિસીમા, એ જ શિક્ષકની સાચી અને આંતરિક શોભા!

'વિદ્યાર્થીને બને તેટલો શ્રેષ્ઠ કરીને જ જંપીશ' તેવો આત્મવિશ્વાસ જ શિક્ષક માટે પ્રાણવાયુ સાબિત થાય છે. શિક્ષણની પ્રક્રિયામાં આવા જ શિક્ષકનું સ્થાન સર્વોપરી રહે છે – જે જીવનનિર્વાહના જ હેતુથી નહીં, પણ વિદ્યાર્થીના જીવનનિર્માણ માટેની પોતાની કક્ષા સિદ્ધ કરી ચૂક્યા હોય... જેમની પાસે અનુભવપૂર્ણ જ્ઞાન હોય અને જે જાતે વર્તીને પછી શિષ્યોને વર્તાવવા સક્ષમ હોય...

આવા શિક્ષકો ખરા અર્થમાં શિક્ષણ-ક્ષેત્રના કોહિનૂર છે.

શું બી.એડ., એમ.એડ. કે પીએચ.ડી. કરીને વિદ્યાર્થી સમક્ષ પ્રસ્તુત થનાર આજના શિક્ષકોને શ્રીહરિ એક નવી ઊંચાઈ અને અનુપમ પ્રેરણાઓથી પ્રેરિત નથી કરી રહ્યા?

વચનામૃત અને શિક્ષકનું વ્યક્તિત્વ - ૧

વ્યવસાયોના ત્રણ પ્રકારોમાં દુનિયાભરના વ્યવસાયો સમાઈ જાય છે :

૧. ખેતી, ૨. ઉદ્યોગો, ૩. ઉત્પાદકોનું ઉત્પાદન.

જરા સ્પષ્ટતા કરવી હોય તો એમ કહી શકાય કે ખેતી સંપત્તિનું ઉત્પાદન કરે છે. ઉદ્યોગો સંપત્તિ અને સુવિધાઓનું ઉત્પાદન કરે છે, પણ ઉત્પાદકોનું ઉત્પાદન કોણ કરે છે ?

શાળાના વર્ગખંડોમાં શિક્ષકો અને આચાર્ય, યુનિવર્સિટીની કૉલેજોમાં પ્રૉફેસરો અને નિષ્ણાતો, નોકરી જરૂર કરે છે, પણ તે નોકર નથી, કેમ કે તેઓ માનવ સંપત્તિનું સર્જન કરે છે. ઉત્પાદકોનું ઉત્પાદન કરે છે. આ અર્થમાં શિક્ષક એક સમ્રાટ છે. બસ, સમ્રાટોની ગુણ-સમૃદ્ધિમાં અને શિક્ષકની ગુણસંપત્તિમાં સારો એવો ભેદ છે, તે સમજી લેવાની જરૂર છે.

ભગવાન સ્વામિનારાયણ આદર્શ ગુરુનાં એટલે કે ઉમદા શિક્ષકોનાં જે લક્ષણો જણાવે છે, તે સર્વસ્પર્શી છે. બહુ ઝડપથી તે લક્ષણોની ચર્ચા ટૂંકમાં જ કરી લઈએ...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૦નું અધ્યયન (માત્ર વાંચન નહીં) કરશે, તેને શ્રીહરિના વિલક્ષણ વ્યક્તિત્વની હકીકત સ્પષ્ટ થયા વિના રહેશે નહીં. તેઓ અહીં પોતાના જીવનની એક યાદગાર ઘટનાનું સ્મરણ કરે છે કે –

અમે વેંકટાદ્રિથી સેતુબંધ રામેશ્વર જતા હતા. ત્યાં સેવકરામ નામે સાધુ હતો તે શ્રીમદ્ભાગવત આદિ પુરાણને ભણ્યો હતો. તે માર્ગમાં ચાલતાં માંદો

પડ્યો. તેની પાસે રૂપિયા એક હજારની સોનામહોર હતી, પણ ચાકરી કરનારો કોઈ નહીં, માટે રોવા લાગ્યો. પછી તેને અમે કહ્યું જે, કોઈ ચિંતા કરશો મા. તમારી ચાકરી અમે કરીશું. પછી ગામને બહાર એક કેળાંની ફૂલવાડી હતી, તેમાં એક વડનો વૃક્ષ હતો, એ સાધુ ચાલી શકે તેવો રહ્યો નહીં, ને અતિશય માંદો થયો, તે ઉપર અમને અતિશય દયા આવી. પછી વડને ઠેકાણે લાવીને અમે તે સાધુને કેળનાં પત્ર લાવીને, હાથ એક ઊંચી પથારી કરી આપી. અને તે સાધુને લોહીખંડ પેટબેસણું (લોહી પડતા ઝાડા) થયું હતું. તેને અમે ધોતા અને ચાકરી કરતા. અને તે સાધુ પોતાને જોઈએ તેટલું અમારી પાસે ખાંડ, સાકર, ઘી, અન્ન તે પોતાના રૂપિયા આપીને મંગાવતો, તે અમો લાવીને રાંધી ખવડાવતા. અને અમો વસ્તીમાં જઈ જમી આવતા....

મિત્રો, શિક્ષક બાળકો સાથે પોતાની જાતને ક્યારે જોડી શકે ? સાચા અર્થમાં સામાજિક નિસ્બત એ શિક્ષકનો સૌથી મહત્ત્વનો સદ્‌ગુણ હોવો જરૂરી છે. અને તે માટે આ ફકરાનું બે વાર અધ્યયન કરવું જરૂરી છે.

૧. સ્વાનુભવની વહેંચણી.

૨. રસાળતાપૂર્વક તે જ વાત કહેવાની પદ્ધતિ.

૩. અતિશયોક્તિ વિનાની સચ્ચાઈનો રણકો.

૪. માનવીય સંબંધોમાં સેવા અને સમર્પણની મહેક.

૫. બીજાની જવાબદારી ખભે લેવાની તૈયારી.

૬. જીવન જ ઉદાહરણરૂપ છે, તેની વિદ્યાર્થીઓમાં પ્રતીતિ.

૭. કોઈની જવાબદારી લીધી છે તો તેને નિભાવી લેવાની - સેવા કરવાની આવડત...

આ છે શ્રીહરિના વ્યક્તિત્વમાં દેખાતું અતિ ઉત્તમ શિક્ષકના અમર વ્યક્તિત્વનું દર્શન ! જે માત્ર રજૂ થાય કે તરત વિદ્યાર્થીઓનાં હૈયે તે વાત ચોંટી જાય છે કે મારે પણ આમ જ વર્તવાનું છે... તેને કહેવું પડતું નથી કે તમે પણ આવાં લક્ષણો આત્મસાત્ કરવા લાગો...

બસ, આવા વ્યક્તિત્વ ધરાવનાર શિક્ષકો હંમેશાં વિદ્યાર્થીઓનાં હૃદય પર લખાઈને અમર બની જાય છે.

આવો, એમના વ્યક્તિત્વનાં બીજાં પાસાંઓને પણ ઝડપથી જોઈ લઈએ...

જીવન એ જ સંદેશ

વચનામૃત કારિયાણી પ્રકરણ ૩માં શ્રીહરિ પોતાની વિદ્યાર્થી અવસ્થાનું શબ્દચિત્ર આપીને પોતાના શિક્ષકત્વનું અન્ય એક પાસું સિદ્ધ કરે છે. તેઓ કહે છે કે મને બાળપણમાં કાર્તિક સ્વામીની પેઠે એવો જ વિચાર ઊપજ્યો જે, મારે મારા શરીરમાં માતાનો ભાગ જે રુધિર ને માંસ તે રહેવા દેવું નથી. પછી ઘણેક પ્રયત્ને કરીને શરીર એવું સૂકવી નાખ્યું કે શરીરમાં કંઈક વાગે તો પાણીનું ટીપું નીસરે, પણ રુધિર તો નીસરે જ નહીં. એવી રીતે જે સારો હોય તે બાળપણમાંથી જ જણાય...

તમે માનો છો કે કોઈ શિક્ષક, જ્યારે પોતાના બાળપણની અનન્ય, પ્રેરક તથા કષ્ટ કે સંઘર્ષભરી કથા સંભળાવતા હોય, ત્યારે વિદ્યાર્થીઓ સ્વસ્થ રહી શકે ? જરા પણ નહીં. શિક્ષકની એકે-એક સંઘર્ષકથા એ વિદ્યાર્થીઓ માટે પથદર્શક અને ઉત્પ્રેરક બની રહે છે.

હા, શિક્ષકે એટલું જરૂર ધ્યાન રાખવું જોઈએ કે તેમણે હંમેશાં આત્મશ્લાઘાથી બચવાનું છે અને પોતાની પ્રતિમાને બાળહૃદયમાં પ્રેરક વ્યક્તિત્વ તરીકે સ્થાપવાની છે...

સંવેદનાની પ્રતિમૂર્તિ એટલે શિક્ષક

આજનો વિદ્યાર્થી જ સ્વતઃ ધરમૂળથી એટલો સંવેદનશીલ નથી રહ્યો. બધું જ *'ટેકન ફોર ગ્રાન્ટેડ'* સમજનારા આ યુવાન વિદ્યાર્થીઓને, સંબંધની એટલે કે રિલેશનની તો ખબર પડે છે, પણ સંવેદનાની એટલે કે ઇમોશન્સની ખબર પડતી નથી... આ આમ જુઓ તો એક વિચિત્ર વિધાન છે, પણ સત્ય છે. આપણા મોટાભાગના વિદ્યાર્થીઓ પાસે સ્વાર્થના સંબંધો જરૂર હોઈ શકે, પણ એમાં સંવેદનાની ખુશ્બૂ નથી, એ કડવું સત્ય છે. અને તેથીય વધારે કડવું સત્ય એ છે કે એમનાં હૃદય લાગણી વિના, સૂકાભઠ્ઠ થઈ ગયાં છે, તેમાં તેઓને કશી ખોટ હોય તેવું પણ જણાતું નથી !

બાળકોને દયા, કરુણા, પરોપકાર, સ્નેહ અને સ્વીકાર માટેનું ઘડતર શિક્ષકના ઇમોશનલ ટચને કારણે મળતું હોય છે.

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૦માં ભગવાન સ્વામિનારાયણ પોતાની

જ અનુભવેલી કથા સાથે પર્યાવરણ પ્રેમની સંવેદનાનો સ્ફોટ કરે છે...

તેઓ કહે છે: 'હું એક સમયે પૂર્વદેશમાં (જગન્નાથપુરીમાં) એક વૈરાગીની જમાતમાં હતો. મને સર્વે વૈરાગીએ કહ્યું કે જાઓ તાંદળજાની લીલી ભાજી તોડો. ત્યારે મેં કહ્યું જે, એમાં તો જીવ છે, તે અમે નહીં તોડીએ. પછી એક જણે તલવાર ઉઘાડી કરીને ડારો કર્યો. તો પણ અમે લીલી ભાજી ન તોડી. એવો અમારો દયાળુ સ્વભાવ છે...

વનસ્પતિથી માંડી પાણી સુધી, ઊર્જાથી માંડી માટી સુધી, કૂવાથી માંડી દરિયા સુધી જે પણ પ્રાકૃતિક સંસાધનો છે, તેને પૂરી બેદરકારીથી હાનિ પહોંચાડનાર સમાજ, આખરે નાદારીના કગાર પર આવીને ઊભો રહી જાય છે, તેની સૂક્ષ્મ સમજ આપતા શિક્ષકને બાળકો બે-બે પેઢી સુધી ભૂલી શકતા નથી...

આવી જ કરુણા આસપાસના ગરીબ, વિનમ્ર સ્વભાવવાળા કે જરૂરત-મંદ લોકો માટે જગાડવાની પહેલ શિક્ષક વર્ગખંડમાં કરે છે, અને તે પણ પોતાના ચરિત્રથી! આવા ઉચ્ચ સામાજિક સંબંધો શ્રીહરિ પોતાના ચરિત્રથી પોતાના એકે-એક અનુયાયીઓ અને વિદ્યાર્થીઓમાં પ્રેરી રહ્યા છે...

સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ એમની સ્વાભાવિક પ્રકૃતિને આ રીતે શબ્દદેહ આપ્યો છે:

'કોઈને દુખિયો રે, દેખી ન ખમાય,
દયા આણી રે અતિ આકળા થાય,
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે...'

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૦માં તેઓ પોતાના ગુરુ રામાનંદ સ્વામીનું સ્મરણ કરીને કહે છે કે અમે રામાનંદ સ્વામી પાસે માગી લીધું છે જે, તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો મને એક એક રૂંવાડે કોટી કોટી વીંછીનું દુઃખ થાય, પણ તમારા સત્સંગીને તે ન થાય. અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય તે રામપત્તર મને આવે, પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય.

આવી કરુણા કે દયા માટે એમણે કોઈ જ કિનારા રાખ્યા નથી. સંવેદનહીન થતા જતાં સમાજ માટે એમણે પોતાના ચરિત્રથી કોઈ જ બહાનું રાખ્યું નથી. આ જ કારણે તેઓ આવો આદેશ આપી શક્યા છે....

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૨માં તેઓ કહે છે કે ભગવાનનો ભક્ત હોય અથવા કોઈ બીજો હોય, પણ ગરીબમાત્રને લેશમાત્ર દુખવવો નહીં. અને જો ગરીબને દુખવે તો તેનું કોઈ પ્રકારે સારું થાય નહીં.

શ્રીહરિના મતે લાગણીપ્રધાન સમાજના નિર્માણમાં પોતાનું યોગદાન પોતાના જ કરુણાસભર વર્તન અને વલણ દ્વારા આપે, એ છે સાચો શિક્ષક.

સકારાત્મક અભિગમ

ઘણા જાણીતા શિક્ષણવિદોએ 'સ્ટાફરૂમ એટિટ્યૂડ', 'સ્ટાફરૂમ પોલિટિક્સ', 'સ્ટાફ રૂમ ગોસિપ' જેવા મુદ્દાઓ છેડીને સ્પષ્ટરૂપે જણાવ્યું છે કે સ્ટાફરૂમ એ કોઈ પણ શાળા કે કૉલેજનો એકસ-રે છે.... જ્યાં શિક્ષણના રાજકારણથી માંડી મૅનેજમૅન્ટનાં છોતરાં કાઢવામાં આવતાં હોય !

શું આ અભિગમ કેળવણી-ધામોની સાત્ત્વિકતા સિદ્ધ કરે છે ?

અને સાત્ત્વિક વાતાવરણ વિના સરસ્વતીના નિવાસ માટે કે વિકાસ માટે કોઈ અન્ય સિંહાસન તમને સૂઝે છે ખરું ?

આદર્શ શિક્ષક ઇનર પોલિટિક્સથી પર હોય છે, નકારાત્મકતા અને નિંદારસથી અલિપ્ત હોય છે. એ સ્વયં જ એટલો પ્રતિભાશાળી હોય છે કે તેના વિશેના આરોપ-પ્રત્યારોપ તેના ચરિત્રની મજબૂત દીવાલોથી અથડાઈને પાછા જ પડે છે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧માં, શ્રીહરિ એક શિક્ષકની ખુમારીથી અને ગુરુની ઊંચાઈ પરથી પોતાની ભાવના વ્યક્ત કરે છે કે જે કોઈપણ હરિભક્ત-સંતનું ઘસાતું બોલે તે અમને દીઠો ગમતો નથી.

ગઢડા પ્રથમ પ્રકરણ ૭૨માં કહે છે કે કોઈકને માથે જૂઠું કલંક દેવું, તે બ્રહ્મહત્યા બરાબર છે.

ગઢડા પ્રથમ પ્રકરણ ૬માં કહે છે કે કદાચ કોઈ અગ્રણી (સિનિયર) તમને તમારા જ હિત માટે ઠપકો આપે, ખખડાવે, નોટિસ આપે, તો તેને પોતાના હિતકારી માને પણ દુઃખ ન લગાડે. આવો શિક્ષક પોતાના ક્ષેત્રમાં દરેક પગલે નવું શીખે છે, અને મોટા પોલિટિશિયનોને પણ પોતાની ક્ષમતાના આધારે જ પરાજિત કરે છે...

સમભાવ

'મારા-તારા અને ટ્યૂશનવાળા' આ ન ગમતું અને છતાં સમાજમાં ફેલાઈ ચૂકેલું સૂત્ર, શિક્ષણની ગુણવત્તાના નામે પક્ષપાતની ઊધઈ ફેલાવી રહ્યું છે, તેની કોને નથી ખબર ? જ્યાં ગુરુની નજરમાં જ 'મારા-તારા'ની દીવાલો સર્જાવાની શરૂ થાય છે, ત્યાં સરસ્વતીની વીણાના સૂરો સંભળાવવાના બંધ થાય છે.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૩માં સ્પષ્ટ કહે છે કે જે અમારી સાથે રહ્યા છે, તે જાણે છે કે મહારાજ તો આકાશ જેવા નિર્લેપ છે. અને એમને કોઈ પોતાનું પણ નથી અને પારકું પણ નથી...

જે શિક્ષક કે આચાર્ય છાતી ઠોકીને જાહેરમાં આ બોલી શકશે, તેણે પોતાની સ્વીકાર્યતા માટે કોઈ જ ફાંફાં મારવા નહીં પડે. અમેરિકાના પ્રખ્યાત ઇતિહાસવેત્તા હેનરી એડમ્સે કહ્યું હતું કે એવો શિક્ષક અનંત કાળને પ્રભાવિત કરે છે અને કોઈ પણ ક્યારેય કહી શકતું નથી કે શીલવંત, દૃષ્ટિમંત, સહિષ્ણુ અને પ્રસન્ન શિક્ષકનો પ્રભાવ ક્યાં સુધી ફેલાઈ શકે છે...!

આપણે વિદ્યાર્થીની સારપને એન્લાર્જ કરવાને બદલે જો બૂરાઈનો સ્કેલ પબ્લિશ કરવાની આદતને વધારતા રહીશું, તો નકારાત્મકતાનો અપચો સમાજમાં વિકૃતિના જ ગેસ છોડતો રહેશે !

એક વિદ્યાર્થી કેન્દ્રીય વિદ્યાલયમાં છઠ્ઠા ધોરણમાં ભણતો હતો. જેવું નામ તેવો જ એ માસૂમ હતો. પણ સ્વભાવથી ભારે શેતાન. એક પણ મે'મ, સર કે પ્યૂનને તેણે છોડ્યાં ન હતાં. કાં મશ્કરીનું પાત્ર બનાવતો, કાં તેમની વસ્તુઓ ગુમ કરી દેતો. વર્ગની દીવાલો એને માટે ચિતરામણના બોર્ડ હતી, તો સાથી વિદ્યાર્થીઓની વસ્તુઓને બરબાદ કરવી તેને એ પોતાનો અધિકાર સમજતો. પ્રિન્સિપાલ પાસે એની રોજની ફરિયાદોનો તાંતો ચાલુ રહેતો. વાલીઓને બોલાવ્યા, પછી પણ એનામાં કોઈ ફરક પડતો નહોતો.

...એવામાં એક મે'મનું આગમન થયું. બાળકની શયતાનિયતનો અનુભવ થાય તે પહેલાં જ એમને આ હીરોનાં પરાક્રમો સાંભળવાં મળી ગયાં હતાં. અને અચાનક એક વાર એ સામે જ મળી ગયો ! ટીચરે એક જબ્બર માસ્ટર સ્ટ્રોક માર્યો : 'બેટા ! કેટલો સરસ છે તું ! કેટલો સ્માર્ટ ! કેટલો શાંત !'

એ અવાક હતો ! 'તું તોફાની, બેશરમ, ગધા જૈસા' આવા શબ્દો સામે આ એક શીતળ અમૃતનાં છાંટણાં હતાં. 'નમસ્તે મે'મ' કહીને એ દોડી ગયો !

અને એ દિવસથી નવા ટીચરે રોજ એક વાર પોઝિટિવ એનર્જીના રૂપમાં તેની સારપને દિલથી વખાણવા માંડી.... 'વાળ સરસ ઓળેલા છે બેટા....!', 'તને તો ગણિત આવડે જ છે, થોડું આ જરા શીખી લે...', 'તારી એક પણ ફરિયાદ મને માન્યામાં નથી આવતી... કેટલો ડાહ્યો છે તું...!'

અને એમ ને એમ દસમા સુધી આવતાં એ બાળકનું સંપૂર્ણ રૂપાંતર થઈ ગયું !!

અચાનક એક કામસર એ પ્રિન્સિપાલની ઑફિસમાં આવ્યો, જેમણે એને ક્યારેક શિક્ષા પણ કરી હતી. આજે એમણે એને બિલકુલ 'ડિસિપ્લિન્ડ મેનર્ડ અને કુલ' જોયો ! એટલે એમનાથી બોલ્યા વિના રહેવાયું નહીં: તું તો એ જ ને, પેલો તોફાની ! પણ બેટા ! છેલ્લાં બે વર્ષમાં તારી એક પણ ફરિયાદ નથી !'

'થેન્ક યૂ મેમ !' એ હવામાં ઊછળ્યો ! એના ગાલ પર આનંદની લાલ સુરખી ફરી વળી. એ ઘરે પહોંચ્યો અને સહુને કહી વળ્યો : 'પ્રિન્સિપાલ મે'મે મને શાબાશી આપી.' બસ, સમયસર મળેલી કદરના રોજ મળતા સ્ટોકનું આ હતું પરિણામ...! જેનાથી અપરાધના કિનારા સુધી પહોંચી ગયેલી જિંદગીએ 'યુ-ટર્ન' લઈ લીધો...!!

હકીકત એ છે કે પ્રોત્સાહનનું ભોજન માત્ર એક બાળકને જ શું કામ, મોટેરાઓને પણ બહુ ગમે છે. સવળું વાચન, સવળા વિચારો, સવળા આઈડીયાઝ, સવળી દિશાઓ, સવળા દૃષ્ટિકોણ આપણને જીવવા માટે મકસદ પૂરા પાડે છે... જીવતરમાં ઉમંગનાં પ્રોટીન અને વિટામિન રેડી આપે છે.

સ્વમૂલ્યાંકન

આદર્શ શિક્ષક માત્ર લેખિત પરીક્ષાના સમયે જ અને ઘરેડમાં આવતી મૂલ્યાંકન પદ્ધતિના આધારે જ વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન નથી કરતો, તે પ્રત્યેક ટાસ્ક પછી વિદ્યાર્થીઓને વિચારવા મજબૂર કરે છે કે હું ક્યાં છું ?

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮માં શ્રીહરિએ મુમુક્ષુ ભક્તો અને સદ્‌ગુરુ સંતોને પણ પોતાના વિદ્યાર્થી માનીને સ્પષ્ટ પ્રશ્ન પૂછ્યો હતો કે

અમારી સાથે રહ્યા, અમારી વાતો સાંભળી, અમારી આજ્ઞાઓનું પાલન કર્યું, તેમાં તમે વારંવાર સાંભળ્યું છે કે કામ, ક્રોધ અને લોભ એ ત્રણ નરકનાં દ્વાર છે, તો જે સંતને (વિદ્યાર્થીને) આ ત્રણમાંથી જે દોષ પોતાને જીત્યામાં આવ્યો હોય, તે સર્વે કહો...

વિચારવંત વિદ્યાર્થી સિવાય પોતાનું મૂલ્યાંકન કરવાનું ગજું કોઈનું હોતું નથી. શ્રીહરિ દરેક વિદ્યાર્થીને સ્વમૂલ્યાંકન માટે જાત સાથે તટસ્થ અને લોકલાજથી પર થવાનું ગર્ભિત સૂચન કરી રહ્યા છે. અહીં એક ઉમદા શિક્ષક, વિદ્યાર્થીઓને અંતર્દૃષ્ટિ કરીને સ્વમૂલ્યાંકનનો અવસર આપે છે કે તમે સ્વયં શોધો તમારી ખામીઓ અને અને સ્વયં કરો ખુદનું મૂલ્યાંકન...

જે કોઈ આવી પરીક્ષામાં ઉત્તીર્ણ થાય, જાતનું પૃથક્કરણ કરીને પોતાને જેવા છે તેવા ઓળખે, અને જાહેરમાં સૌની સમક્ષ આ વ્યક્ત કરે, આવી નિખાલસતા પણ ઓછી મહત્ત્વની નથી હોતી. જ્યારે શ્રીહરિના વિદ્યાર્થીઓ સ્વામી આત્માનંદ, સ્વામી યોગાનંદ, સ્વામી ભગવદાનંદ અને સ્વામી શિવાનંદ વગેરેએ પોતાની કક્ષાને જાણીને સૌની સમક્ષ રજૂ કરી, ત્યારે શ્રીહરિએ પણ તેમને પોતાની ચરણપ્રસાદી આપીને હૃદયપૂર્વક પ્રોત્સાહિત કર્યા હતા. હું ક્યાં છું, અને મારા જ હિત માટે શું શું કરી શકું તેમ છું, અને મને શું પ્રાપ્ત થયું છે, આ ચાર પ્રશ્નોનો જવાબ શોધવા વિદ્યાર્થીઓને મજબૂર કરે છે તે છે સાચો શિક્ષક...

પ્રોત્સાહન

શ્રીહરિ મનોવિશ્લેષક હોય, તેમ મનુષ્ય સ્વભાવનું એક રહસ્ય જાણતા કે માણસને પોતાના સ્વીકારની ઊંડી ઝંખના હોય છે, અને જે નેતા, શિક્ષક કે વડીલો એ બાબતે કંજૂસ નથી બનતા, તેને માટે પ્રજા, વિદ્યાર્થી કે પરિવાર-જનો પોતાનાં હૈયાંનાં આખેઆખાં સિંહાસનો પરમેનન્ટ ખાલી કરી આપે છે...

વચનામૃત લોયા પ્રકરણ ૩માં તેઓ કેટલાક સુપર શિષ્યોની નામાવલી જાહેર કરે છે. ડડૂસરવાળા રજપૂત ગલુજી તથા ધરમપુરવાળાં કુશળકુંવરબાઈ... વગેરે થઈને અહીં વીસ શિષ્યોની તેઓ હૃદયપૂર્વક પ્રશંસા કરે છે...

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૪માં પણ એમણે પોતાના હજારો

શિષ્યોમાંથી કોઈ સુપર થઈને યાદ કરતા હોય, તેમ મુક્તાનંદ સ્વામીથી માંડીને દાદાખાચર અને ત્યાંથી માંડીને બાઈ-હરિભક્તો લાડુબાઈ, જીવુબાઈ અને રાજબાઈ સુધીનાં ભક્તોને નામ દઈને યાદ કર્યાં છે. એમને તે ભક્તોની કેવળ સેવા કે સાધના જ નહીં, એમનાં ગામ, જ્ઞાતિ અને પરિવારજનોનાં નામ સુધ્ધાં યાદ હતાં! આ છે એમની વિદ્યાર્થી કે શિષ્યો સાથેની આત્મીયતાની ઊંચાઈ!! જાણે તેઓ સૂચવી રહ્યા છે કે સાચી કેળવણીની પ્રક્રિયાનો સૌથી મહત્ત્વનો ભાગ છે – વિદ્યાર્થીઓને સાચા કામનું, યોગ્ય સમયે, યોગ્ય પ્રોત્સાહન! અને આવું ત્યારે જ સંભવિત છે, જ્યારે ગુરુને પોતાના શિષ્ય અથવા વિદ્યાર્થીઓનો ઊંડાણપૂર્વક પરિચય હોય... જે પોતાના વિદ્યાર્થીઓને નામથી ઓળખીને બોલાવી શકતા નથી, તે શિક્ષકની વિદ્યાર્થી સાથેની આત્મીયતા પ્રશ્નાર્થની ધાર પર જ હોય છે.

શ્રીહરિ તો પોતાના શિષ્યની કલા-કૌશલ્યની, કુનેહની પણ ભારે પ્રશંસાથી નોંધ લેતા. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૮નો પ્રારંભ જ એક અદ્‌ભુત સંતકવિના કવિ કૌશલ્ય અને સંગીતના ભાવાવરણથી થાય છે: ''સાધુ પ્રેમાનંદ સ્વામી ભગવાનના ધ્યાનની ગરબીઓ 'વંદું સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ' એ ગાવતા હવા. એ ગાઈ રહ્યા ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, બહુ સારાં કીર્તન ગાયાં....''

હા, વિદ્યાર્થીની પ્રશંસા માટે આદર્શ શિક્ષક મુહૂર્તની રાહ જોતો નથી.

આગળ શ્રીહરિ કહે છે કે 'આ કીર્તન સાંભળીને અમારા મનમાં એમ વિચાર થયો જે, આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે, માટે એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવતપ્રણામ કરીએ...'

शिष्यात् पुत्रात् इच्छेत् पराजयम्। - આવી ભાવનામાં, શિષ્ય સાથેની જે વિનમ્રતાનો ઉલ્લેખ છે, તે સ્પષ્ટ બતાવે છે કે સક્ષમ વિદ્યાર્થી યોગ્ય ગુરુની પ્રશંસાનો જ નહીં, એમના સાચા રાજીપાનો પણ અધિકારી બની જાય છે.

ભૂલ બતાવવાની હિંમત

ઉપરોક્ત વાતનો અર્થ એવો નથી કે બસ, કોઈ પણ મુદ્દે વિદ્યાર્થીઓની વાહ-વાહ જ કરતા રહેવું. સમયે-સમયે રોકવા-ટોકવા કે સાચી દિશા બતાવવાનો શિક્ષકનો અધિકાર છે. શ્રીહરિ પોતાના જ ચરિત્ર દ્વારા એ

બાબતને ઉજાગર કરે છે. એમણે સદ્‌ગુરુ પંક્તિના મહાવિદ્વાન સંતકવિ બ્રહ્માનંદ સ્વામીને પણ સાચું કહેવામાં શેહશરમ નથી રાખી...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૪માં શ્રીહરિને તેઓ જ્યારે સ્નેહની વ્યાખ્યા અંગે ઉત્તર આપે છે, ત્યારે ભરી સભામાં ચાલુ વર્ગે શ્રીહરિએ તેમને કહ્યું હતું કે તમને તો સ્નેહની દિશ જ જડી નહીં. વળી, એ જ વચનામૃતમાં પોતાના અનન્ય ભક્ત વિદ્યાર્થી સોમલાખાચરને, તેમણે પૂછેલા પ્રશ્નનો ઉત્તર સંબોધતાં શ્રીહરિ કહે છે કે તમે અડધો અમારો પ્રસંગ કરો છો ને અડધો જગતનો પ્રસંગ કરો છો...

જે શિક્ષક પોતાના સિદ્ધાંતો(કન્સેપ્ટ)માં સ્પષ્ટ હોય, જે શિક્ષકને પોતાના કે પારકા જેવી કોઈ સંકુચિત ભાવનાઓ ન હોય અને જે શિક્ષકને કોઈનું રાખવા - ન રાખવા બાબતે કોઈ પક્ષપાત ન હોય, તેવા જ શિક્ષક જાહેરમાં આટલું હિંમતથી પોતાના વિદ્યાર્થીઓને કહી શકવાનો અધિકાર ધરાવે છે.

વિદ્યાર્થીનો તમામ ખામી અને ખૂબી સાથે સ્વીકાર

'બુધ્ધુ રહ્યો સાવ... એક પૈસાભારની ખબર પડતી નથી... તારે તો દિમાગ છે કે દીવાલ, કંઈ ઘૂસતું જ નથી તારા ભેજામાં !...'

અકળાયેલા શિક્ષકની આ તકિયા-કલામ પંક્તિઓ હોય છે. વિદ્યાર્થીએ જવાબ આપ્યો, પણ જો એ ખોટો પડે તો એને કેવી રીતે તોડી પાડવો, એ જાણે કેટલાક શિક્ષકોની ફાવટનો ક્રમ બની ગયો હોય છે. પણ શું એમ કરવાથી વિદ્યાર્થીના મનમાં શિક્ષક માટે આદર જીવંત રહેશે ? કે પછી શિક્ષક જે ધારે છે તે બાબત તેને આવડી જશે ? કે પછી તેના જીવનમાં કે વિચારોમાં કે માન્યતાઓમાં કોઈ બદલાવ આવશે ?

શ્રીહરિને વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪માં વાંચો...

એક ઉત્તમ કક્ષાના સંત, જીવનભર જેમણે વિશાળ મઠમાં મહંતાઈ કરી છે, એવા સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામી સ્વીકારે છે કે હે મહારાજ ! (મારા મનમાં) ઈર્ષ્યા તો રહે છે...

કોઈ વિદ્યાર્થી જ્યારે શિક્ષકને કહે છે કે સર ! આળસ તો રહે છે, ખરાબ અક્ષર તો નીકળે છે, ત્યારે શિક્ષકનું રિએક્શન કેવું હોય ? અને

શ્રીહરિનું અહીંનું રિએક્શન કેવું છે?

તેઓ કહે છે કે ચિંતા ન કરો, ભલે ઈર્ષ્યા થાય... પણ તે ઈર્ષ્યા નારદજી જેવી કરવી. આ વિધાન પછી તેઓ એક સરસ પૌરાણિક પ્રસંગ દ્વારા પોતાની માન્યતાને સરળતાથી સ્પષ્ટ કરે છે.

શિષ્યને રોકવાનો, ટોકવાનો કે ખખડાવવાનો પૂરો મોકો મળતો હોય, ત્યારે પણ તેને તોડી ન પાડવાનું સૌજન્ય જેમનામાં પણ હોય છે તે શિક્ષક અને વિદ્યાર્થીના સંબંધની આગવી મૂડી છે.

વચનામૃત ખરેખર તો સિદ્ધાંતોનો સાગર છે. તેના પ્રત્યેક વાક્યમાં અનુભવોનો નિતાર છે, શાણપણનાં મોતી છે. પ્રત્યેક ક્ષેત્ર અને તેમાંથી દિગ્વિજયી સફળતાના અદ્ભુત અને અનુભૂત સોપાનો જડી આવતાં હોય તો એટલી બાબત સ્પષ્ટ છે કે અહીં શ્રીહરિ માનવીય સંબંધોની દરકાર અને સાધક, શિષ્ય કે વિદ્યાર્થી સાથેની આત્મીયતામાં તેઓનું ઘડતર જોઈ રહ્યા છે. જ્યારે આવા પ્રશિક્ષિતો રાષ્ટ્રને મળવાના શરૂ થાય છે, ત્યારે તે રાષ્ટ્રની વિકાસયાત્રાને કોઈ રોકી શકતું નથી.

બર્ટ્રાન્ડ રસેલે શિક્ષકો માટે જે વિચારો શબ્દસ્થ કર્યા છે તે શ્રીહરિના સિદ્ધાંતો સાથે સરખાવી જોવા જેવા છે, તેના આધારે આપણે સ્પષ્ટ સમજી શકીએ છીએ કે આધુનિક શિક્ષણશાસ્ત્રીઓ શિક્ષકોનાં જે પણ વર્તન અને વ્યવહારની સમજૂતી દર્શાવે છે, તેમાં ભગવાન સ્વામિનારાયણ કેટલી ઊંચાઈ સિદ્ધ કરી ચૂક્યા હતા...!

વાંચો, બર્ટ્રાન્ડ રસેલને: 'જ્યાં ઉચિત હોય ત્યાં ત્યાં વિદ્યાર્થીઓની પ્રશંસા કરવી જોઈએ અને ભૂલો હોય ત્યાં આંગળી ચીંધવી જોઈએ, પણ તેમાં તેનું સન્માનનું ખંડન કરવાનું વલણ કદી પણ અપેક્ષિત નથી. શિક્ષક હંમેશાં વિદ્યાર્થીનો મિત્ર હોવો જોઈએ, તેની જ્ઞાનપ્રાપ્તિની પ્રવૃત્તિ અત્યંત આનંદમય બની રહેવી જોઈએ.

શ્રીહરિએ આવી શિક્ષકમંડળી પોતાના વિદ્યાર્થી સંતોના ગ્રૂપમાં સર્જી હતી, જેમણે માનવીને પડકારો સામે ટટ્ટાર કર્યો, દુઃખો સામે કરુણાર્દ્ર કર્યો અને દોષો સામે આચરણબદ્ધ કર્યો.

વચનામૃત અને શિક્ષકનું વ્યક્તિત્વ - ૨

બે પૂંઠાં વચ્ચેનું શિક્ષણ આપવું એ શિક્ષકનો કર્મભાગ છે, પણ બાળકને વિશ્વ નાગરિક બનવાની કેળવણી આપવી એ શિક્ષકનો ધર્મભાગ છે.

વસિષ્ઠ, યાજ્ઞવલ્ક્ય, ચાણક્ય કે તુલસી જેવા શિક્ષક બનવાની સાધના કેવું વ્યક્તિત્વ નિર્માણ કરે છે? એવા ઉમદા શિક્ષકોના વ્યક્તિત્વની વિશેષતાઓને વચનામૃતના સંદર્ભમાં બહુ ટૂંકમાં સમજવા પ્રયત્ન કરીએ.

આપણા વાલીઓ અને આપણા શિક્ષકો માર્ક્સની ટેપ લઈને જ બાળકોના વિકાસની માપણી કરે છે અને તેવા સમયે વિષયનો, કેળવણીનો, નૈતિકતાનો, દેશભક્તિનો, સેવાભાવનાનો સંયમ કે મનોનિગ્રહની વૃત્તિનો કન્સેપ્ટ જાણે ખાટલે પડ્યો પડ્યો મૃત્યુની રાહ જોતો હોય છે! આપણને શું બાળકોને માત્ર 'પાસ' કરવામાં જ રસ છે? શું તેને 'ખાસ' કરવા માટે શિક્ષકના વ્યક્તિત્વની ઊંચાઈઓ અપેક્ષિત નથી? કેવાં હોય છે તેવા ઉત્તમ શિક્ષકના વ્યક્તિત્વનાં પાસાંઓ? આવો વચનામૃત ઉઘાડો...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૨માં ભગવાન સ્વામિનારાયણ સામે બેઠેલા મુમુક્ષુઓને (વિદ્યાર્થીઓને) પ્રશ્ન પૂછે છે :

જેમ પક્ષી ચારો ચરીને પોતાના માળામાં આવે છે, તેમ તમે સર્વે ભગવાનની મૂર્તિ અને (અહીં વિદ્યાભ્યાસની) કથા, કીર્તન રૂપી ચારો ચરીને પાછા ભગવાનના સ્વરૂપ રૂપી માળામાં (અહીં અભ્યાસના ઊંડાણમાં) વિરામ કરો છો? કે બીજે જ્યાં-ત્યાં, એટલે કે (જ્યાં શિક્ષણ ક્ષેત્રની ઊંચાઈ સાથે કોઈ લેવા-દેવા નથી તેવી જગ્યાઓ – શેરબજાર, મેચ, મલ્ટિપ્લેક્સ,

સોશિયલ મીડિયા, જમીન દલાલી, વ્યસનોના ગલ્લે, ગપ્પાં મારવાં વગેરે જગ્યાઓ) પર જઈને ત્યાં વિરામ કરો છો?

આટલું પૂછીને શ્રીહરિ એક ઈલેક્ટ્રિક હંટર જેવી અસર ઊભી કરતા હોય તેવું દૃષ્ટાંત આપે છે:

"જેમ ધણિયાતું ઢોર સીમમાં ચરીને સાંજે પોતાના ખીલે આવે, પણ જે હરાયું ઢોર છે તે ખીલે ન આવે, ને જેનું-તેનું ખેતર ખાઈને જ્યાં-ત્યાં બેસી રહે, પછી કોઈક ધોકા મૂકે... તેમ તમે તે ધણિયાતા ઢોરની પેઠે પોતાના ખીલે (એટલે કે અધ્યયનમાં, પુસ્તકાલયમાં, પ્રયોગશાળામાં, સ્ટડી ટેબલ પર, મ્યુઝિયમોમાં, શૈક્ષણિક યાત્રા-પ્રવાસમાં, વિદ્યાર્થીઓના પ્રશ્નોમાં, નવી એક્ટિવિટીઓના વિચારોમાં કે તેના અમલમાં) આવો છો કે હરાયા ઢોરની પેઠે કોઈનું ખેતર ખાઈને જ્યાં-ત્યાં બેસીને વિરામ કરો છો? આ પ્રશ્નનો ઉત્તર મોટા મોટા (શિક્ષકો) હો, તે પોતાના અંતરમાં વિચારીને કહો."

'અંગદના પગ' નવલકથામાં લેખક હરેશ ધોળકિયા પોતાનું સૂક્ષ્મ નિરીક્ષણ નોંધતાં કહે છે કે શિક્ષક જ્યારે મહત્ત્વાકાંક્ષાને કારણે, વર્ચસ્વ કે પદની હરીફાઈમાં જોતરાઈ જાય છે, ત્યારે એ સ્વયં પોતાના, સાથીઓના કે સંસ્થાના ભવિષ્યનાં અજવાળાં પણ વિલુપ્ત કરતો હોય છે...

શિક્ષકનો માત્ર આ જ ખીલો છે: અધ્યયન અવલોકન, નિરીક્ષણ અને સ્વમૂલ્યાંકન, અને તે પછી જ વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન. 'માળામાં રહેવા બાબતના' શ્રીહરિના આ પ્રશ્નનો મર્મ શિક્ષક તરીકે આપણી સાથે કેટલો સંકળાયેલો છે?

પૂર્વ તૈયારી

આવી રીતે અધ્યયનના માળામાં રોજ પાછા ફરવાની વિધિ સામાન્ય ભાષામાં પૂર્વ તૈયારી તરીકે ઓળખાય છે. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૮માં વર્ગ (એટલે કે સભા) શરૂ કરતાં પહેલાં શ્રીહરિ શું કહે છે? પરમહંસો નોંધે છે કે સૌ સંતો-ભક્તોને વિદ્યાર્થીઓને તેડાવ્યા ને ઘણી વાર સુધી પોતે વિચારી રહ્યા પછી બોલ્યા જે....

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૨માં લખાયું છે કે ઘણીક વાર સુધી વિચારીને બોલ્યા જે...

આવું તમે અનેક વચનામૃતોમાં વાંચી શકો છો...

હા, શિક્ષક કદી વિચારહીન પ્રલાપ કરતો નથી અને કરે તો આદર-પાત્રતાને ખુએ છે. વિદ્યાર્થીઓના સમયનો, પૈસાનો, બૌદ્ધિક ક્ષમતાનો અને તેમણે મૂકેલા ભરોસાનો ભંગ કરે છે.

સરળ કમ્યુનિકેશન

પૂર્વ તૈયારીના ભાગરૂપે જ હોય તેવાં અન્ય નિરીક્ષણો શ્રીહરિમાં રહેલા આદર્શ શિક્ષકને જ અભિવ્યક્ત કરે છે. સરળ દૃષ્ટાંતોથી સિદ્ધાંતોને સમજાવી દેવાની કુનેહ શિક્ષકના વ્યક્તિત્વનો શણગાર છે.

કમ્યુનિકેશનની કળાને કે કૌશલ્યને વિસારે પાડીને, કોઈ શિક્ષક સફળતા સુધી પહોંચી શક્યો નથી. શ્રીહરિની આ કળાનો ચમત્કાર આખા ગ્રંથમાં જાણે બગીચાની સૌરભની જેમ ફેલાયેલો માણવા મળે છે. જુઓ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૮ની રસાળતા, ચિત્રાત્મકતા અને હેતુપૂર્વકના નિરીક્ષણનો ઉઘાડ... શ્રીહરિ કહે છે :

'આ જીવ છે તે જેવી સોબત કરે છે તેવું એનું અંતઃકરણ થાય છે; તે જ્યારે એ જીવ વિષયી જીવની સભામાં બેઠો હોય અને તે જગ્યા પણ સુંદર સાત માળની હવેલી હોય, તે હવેલીને વિષે કાચના તકતા સુંદર જડ્યા હોય ને સુંદર બિછાનાં કર્યાં હોય, તેમાં નાના પ્રકારનાં આભૂષણ તથા વસ્ત્રને પહેરીને વિષયી જન બેઠા હોય અને દારૂના શીશા લઈને પરસ્પર પાતા હોય અને કેટલાક તો દારૂના શીશા ભરેલા પડ્યા હોય અને વેશ્યાઓ થેઈથેઈકાર કરી રહી હોય ને નાના પ્રકારનાં વાજિંત્ર વાગતાં હોય, તે સભામાં જઈને જે જન બેસે તે સમે તેનું અંતઃકરણ બીજી જાતનું (અશુદ્ધ, વિકારી) થઈ જાય છે. અને તૃણની ઝૂંપડી હોય ને તેમાં ફાટેલ ગોદડીવાળા પરમહંસની સભા બેઠી હોય... ને ભગવદ્‌વાર્તા થાતી હોય, તે સભામાં જઈને જે જન બેસે ત્યારે તે સમે તેનું અંતઃકરણ બીજી રીતનું (શુદ્ધ) થઈ જાય છે...'

વળી, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૩માં તેઓ કહે છે:

'જેમ પાણીનો ઘડો ભરીને એક ઠેકાણે ઢોળી આવીએ, પછી વળી બીજે દિવસ અથવા ત્રીજે દિવસ તે ઠેકાણે પાણીનો ઘડો ઢોળીએ તેણે કરીને ત્યાં પાણીનો ધરો ભરાય જ નહીં... અને જો આંગળી જેવી નાની જ પાણીની સેર્ય

અખંડ વહેતી હોય તો મોટો પાણીનો ધરો ભરાઈ જાય.'

અહીં શ્રીહરિ શિક્ષક તરીકે વિદ્યાર્થીને સાતત્યપૂર્ણ પ્રયાસનું રહસ્ય સરળ દૃષ્ટાંતથી સમજાવી રહ્યા છે.

વળી, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૫માં તેઓ કહે છે:

જેમ કોઈ કૂવો હોય ને તે ઉપર વીસ કોશ ફરતા હોય ને તેનો પ્રવાહ જુદો જુદો ચાલતો હોય ત્યારે તે પ્રવાહમાં જોર હોય નહીં અને તે વીસે કોશનો પ્રવાહ ભેળો કરીએ તો નદીના જેવો અતિશય બળવાન પ્રવાહ થાય, તે કોઈનો હઠાવ્યો પાછો હઠે નહીં. તેમ જેની વૃત્તિઓ નિર્વાસનિક (વાસના, સ્વભાવ, અપેક્ષા રહિત) થાય છે અને તમામ ઈન્દ્રિયોની વૃત્તિઓનો પ્રવાહ એક જ લક્ષ્ય તરફ એટલે કે ભગવાનના સ્વરૂપમાં એટલી તીવ્રતાથી જોડાય છે કે તેને કોઈપણ આ સંજોગોમાં અટકાવી શકતું નથી.

પોતાની વૃત્તિઓ ક્યાં હોવી જોઈએ અને તેના પ્રચંડ પ્રવાહને કઈ દિશા તરફ વાળવો જોઈએ, તે સમજાવનાર શિક્ષક કદી પણ સાધારણ ન હોઈ શકે. તે એક કેળવણીકાર છે. અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જનાર ગુરુ છે.

શ્રીહરિ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૫માં કહે છે કે –

જેમ ભેંસનું સુંદર દૂધ હોય, તેમાં સાકર ઘોળી હોય, ને તેમાં સર્પની લાળ પડી એટલે એ સાકર અને દૂધ હતું, તે ઝેર થયું. પછી તેને જે પીએ તેના પ્રાણ જાય. કેમ કે ઘણાની પાસે બુદ્ધિ તો ઘણી છે, પણ એણે કોઈ મોટા સંત કે પરમેશ્વરનો અવગુણ લીધો (નિંદા કરી, કુસંગ કર્યો) તે દોષ અવગુણ લેનારની બુદ્ધિમાં આવી ગયો. તે સર્પની લાળ જેવો છે. પછી એ કલ્યાણના માર્ગે (પોતાના હિતના રસ્તે) ક્યાંથી ચાલી શકે?

શ્રીહરિના મુખેથી સરી આવતાં આવાં સહજ દૃષ્ટાંતો દર્શાવે છે કે નિરીક્ષણો કરવાં અને કરતાં જ રહેવું, એ શિક્ષકની આદત હોવી જોઈએ, તે તો ખરું, પરંતુ તે નિરીક્ષણોને વિદ્યાર્થીઓના હિત માટે સમયે-સમયે રજૂ કરતાં આવડે તે પણ એટલું જ જરૂરી છે. જો કે આવી આવડત પાછળ વિદ્યાર્થીઓ માટે સતત હિતનું ચિંતન કરતાં રહેવાની ઊંડી ભાવના પણ એટલી જ મહત્ત્વની હોય છે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૩માં તળાવમાં ડૂબકી ખાતા પુરુષનું

નિરીક્ષણ છે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૪માં બળબળતો ડામ દીધા પછીની વેદનાનું વર્ણન છે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૦માં વસ્ત્રોની વચ્ચે દોરીઓથી ભરાતાં આભલાંનું નિરીક્ષણ આપીને શ્રીહરિ જીવના સ્વરૂપનો સિદ્ધાંત સમજાવે છે.

- શિક્ષકની નિરીક્ષણ-ક્ષમતા આટલી સૂક્ષ્મ હોય, તો તેઓની કલ્પનાની ઉડાન પણ નીચી ન હોઈ શકે.

એમણે જેમ નિરીક્ષણોમાંથી દૃષ્ટાંતો તારવ્યાં, તેમજ કલ્પનાઓ પણ તારવી છે. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૩માં તેઓ એક અદ્ભુત કલ્પના આપે છે અને કહે છે કે જેમ કીડીના પગમાં કાંટો વાગ્યો હોય, તેને બરછી તથા નરણીએ કરીને કાઢે તો નીસરે નહીં. તે તો અતિશય ઝીણું લોઢું હોય તેણે કરીને નીસરે.

વચનામૃત અમદાવાદ પ્રકરણ ૧માં તેઓએ એ કલ્પના રજૂ કરી છે કે પૃથ્વી ઉપરથી તો ચંદ્ર નાનો જણાય છે, પણ જેમ જેમ ચંદ્રની નજીક જતા જઈએ, તેમ તેમ તેનું વિરાટ કદ નજરે ચડે છે... જે સમયે પરિવહન માટે ગાડાં કે ઘોડા સિવાય કોઈ વિકલ્પ ન હતો, તે સમયે ચંદ્ર સુધીની યાત્રા કરવાની કલ્પના રજૂ કરીને શ્રીહરિ સામે બેઠેલા વિદ્યાર્થીઓને કલ્પનાશીલતાના નવા આલોકમાં લઈ જતા...

સંભવ છે કે આવી અનુપમ કલ્પનાઓની અભિવ્યક્તિ થતી હશે, ત્યારે વિદ્વાન પરમહંસો પણ એકમેકની સામે જોઈને મલક્યા વિના નહીં રહી શક્યા હોય!

હા, ગંભીર થઈ જતા વાતાવરણને જીવંત બનાવવા શ્રીહરિ પાસે એક સહજ હથોટી હતી.

વચનામૃત કારિયાણી પ્રકરણ ૨માં તેઓ સભામાં બેસીને તત્ત્વજ્ઞાનની ગૂઢ વાતો સાંભળી રહેલા સંતો-ભક્તોના ચહેરા વાંચી રહ્યા હશે! વર્ગમાં જ્યારે બિલકુલ ભારેખમ વાતાવરણ થઈ જાય, તેનો ખ્યાલ શિક્ષકને વિદ્યાર્થીઓના ચહેરા વાંચીને આવી જવો જોઈએ. અને તે જ સમયે પોતાની વાણી કે શીખવવાના હોશ ઉપર કાબૂ મેળવીને વાતાવરણને હળવું બનાવવા,

અન્ય એક્ટિવિટીનો સહારો જરૂરથી લેવો જોઈએ. શ્રીહરિ જુએ છે કે સામે બેઠેલા સભાજનો શૂન્યમનસ્ક થઈ રહ્યા છે, ત્યારે તેઓ કહે છે કે 'હવે આટલી વાર્તા રાખો અને સભા સર્વે શૂન્ય થઈ ગઈ છે, માટે કોઈક સારાં કીર્તન બોલો...'

શિક્ષકમાં એ સમજ જરૂરી છે કે ક્યારે અટકવું. વર્ગના વિદ્યાર્થીઓના ચહેરા જોઈને પોતાનું કામ સમાપ્ત કરીને, તેમને અન્ય એક્ટિવિટીમાં સામેલ કરવા માટે પિરિયડ બદલાવાની રાહ જોવાની હોય ખરી?

પ્રખ્યાત ચિંતક સ્પોલ્ડિંગે લખ્યું હતું કે શિક્ષણમાં કાર્યક્રમો, સ્પર્ધા, વિવિધ આયોજનો કરતાં રહેવું જરૂરી છે. પણ તે કદાચ ગૌણ હશે તો ચાલશે. શિક્ષક દ્વારા વિદ્યાર્થીને રસરુચિપૂર્વક શું શીખવાય છે, અને કેટલી ચેતનાથી શીખવાય છે, તે વધારે મહત્ત્વનું છે. વિદ્યાર્થીની અંતઃચેતનાનું ઘડતર એ જ શિક્ષણકારનું ધ્યેય હોવું જોઈએ. શ્રીહરિને આજનો શિક્ષક-સમાજ આ અર્થમાં આદર્શ તરીકે સ્વીકારે, તો તેઓની પોતાની ગુણવત્તામાં હજારો ગણી તેજસ્વિતા ઉમેરાઈ શકે, તે નિર્વિવાદ સત્ય છે.

વર્ગખંડની રસાળતા

અતિ ઉત્તમ શિક્ષકના વ્યક્તિત્વની અનેક ખૂબીઓ શ્રીહરિનાં વક્તવ્ય અને વ્યક્તિત્વમાં વચનામૃત દ્વારા સ્પષ્ટ તરી આવે છે. તેમાંય વર્ગખંડ વ્યવસ્થાપનના બી.એડ.ના અભ્યાસક્રમમાં જ એક મુદ્દો એ છે કે વર્ગખંડ હંમેશાં જીવંત રહેવો જોઈએ. જે આમ રાખી શકે છે, તે ઉમદા શિક્ષક છે. અને આ માટે શું કરી શકાય? દૃષ્ટાંતો અને વાર્તાઓથી સમજાવો, કહેવતો અને અન્ય પુસ્તકનાં રેફરન્સ રજૂ કરો, પ્રશ્નો પૂછો અને ઉત્તર આપો, પરસ્પર પ્રશ્નોત્તરનો કાર્યક્રમ ગોઠવો અને છેવટે ઉપસંહારરૂપે ઉત્તર આપો. વિદ્યાર્થીઓનું પણ સાંભળો, તેમની કલ્પનાશીલતા વિકસાવો. અનુભવોનું વર્ણન કરીને, ચાલુ વિષયમાં તેની રસ-રુચિ અને અનુભવના ઊંડાણને માવજતપૂર્વક સ્પર્શ કરવાની આ બધી પ્રવિધિઓ છે. અને એટલે જ તો તે વિધિઓ વર્ગને જીવંત રાખે છે.

વચનામૃત આવી અનેક ખૂબીઓથી, છેલ્લાં બસ્સો-બસ્સો વર્ષથી લાખો મુમુક્ષુઓને પ્રેરણા આપીને, અધ્યાત્મ સાથે ભૌતિકમાર્ગની સફળતાનાં

સોપાનો પણ સર કરાવી રહ્યું છે, ત્યારે વર્ગને જીવંત રાખતા શિક્ષકનું દર્શન આપણે દૃષ્ટાંતોની વિશેષતા દ્વારા તો જોઈ ચૂક્યા છીએ, પરંતુ સાથે સાથે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૦માં ચોરની વાર્તા કેટલી સરળ શૈલીમાં કહી છે ! અહીં ભગવાન સ્વામિનારાયણ કહે છે કે –

"(સંસારમાં) અતિશય દુઃખ થવાનું હોય તો તેમાંથી પરમેશ્વરનો આશરો કરીએ તો થોડુંક ઓછું થાય ખરું, પણ એ જીવને એમ સમજાતું નથી. અને જો શૂળી લખી હોય તો કાંટેથી ટળી જાય એટલો તો ફેર (પરમેશ્વરનો આશરા કરવાથી) પડે છે.

ત્યાં એક વાર્તા છે જે, એક ગામમાં ચોર બહુ રહેતા. તેમાંથી એક ચોર સાધુને પાસે બેસવા આવતો હતો. તેને માર્ગને વિષે પગમાં કાંટો વાગ્યો, તે પગમાં સોંસરો નીકળ્યો. તેણે કરીને પગ સૂણ્યો(સૂજી ગયો) તે ચોરીએ ન જવાયું અને બીજા ચોર તો ચોરી કરવા ગયા. તે એક રાજાનો ખજીનો ફાડીને ઘણું ધન લઈ આવ્યા અને સૌએ માંહોમાંહી વહેંચી લીધું. તે પૈસા બહુ આવ્યા. તેને સાંભળીને ચોર જે સાધુ પાસે આવતો હતો ને કાંટો લાગ્યો હતો તેનાં મા-બાપ, સ્ત્રી અને સગાં સર્વે વઢવા લાગ્યાં જે, 'તું ચોરી કરવા ન ગયો અને સાધુ પાસે ગયો તે આપણું ભૂંડું થયું ને તે ચોર ચોરી કરીને લાવ્યા તો કેટલાય પૈસા એમને આવ્યા.' ને એમ વાર્તા કરે છે ત્યાં રાજાનું લશ્કર આવ્યું. તે સર્વે ચોરને ઝાલીને શૂળીએ દીધા, તેને ભેળે એને પણ ઝાલીને શૂળીએ દેવા સારુ લઈ ગયા. ત્યારે તે સર્વે ગામને માણસે તથા સાધુએ સાખ પૂરી જે, 'આ તો ચોરી કરવા નો'તો ગયો, એને તો કાંટો વાગ્યો હતો.' ત્યારે તે ઊગર્યો. એમ સત્સંગ કરે છે તેને શૂળી જેટલું દુઃખ હોય તો કાંટે મટે છે..."

આ જ રીતે, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૦માં કૃતઘ્ની સેવકરામનો સ્વાનુભવ, ગઢડા પ્રથમ પ્રકરણ ૩૮માં જનક રાજાનો પૌરાણિક પ્રસંગ, ગઢડા પ્રથમ પ્રકરણ ૪૨માં ભરતજીનું આસક્તિ-બંધન અને તેનું પરિણામ, ગઢડા પ્રથમ પ્રકરણ ૫૯માં હનુમાનજી જ્યારે પોતાની શક્તિ વીસરી ગયા તે સમયની અસમંજસ અને સ્વરૂપના બોધની કથા, તથા ગઢડા પ્રથમ પ્રકરણ ૪માં નારદજીની તુંબરુ જેવા સાધારણ સંગીતકાર અને અસાધારણ ભક્ત સામેની ઈર્ષ્યાનો પ્રસંગ... વગેરે અંશો એવા છે, જે વચનામૃતની જીવંત કથાશૈલી પર પ્રકાશ પાડી રહ્યા છે.

આ ઉપરાંત, ગઢડા પ્રથમ પ્રકરણ ૩૮માં શ્રીહરિ કહેવતોનો પ્રયોગ પણ કરે છે: 'કૂતરાનું મુખ કૂતરો ચાટે, સાપને ઘેર પરોણો સાપ,' કે 'આવ બાઈ! હું જેવી તું પણ થા...'

વક્તૃત્વની અસર વધારવા માટેની આવી અનેક ચમત્કૃતિઓ નીંબતરુની છાયા નીચે ભરાયેલા શ્રીહરિના 'વર્ગને' જીવંત બનાવી રાખતી...

શિક્ષક બહુશ્રુત કે વિદ્વાન ન હોય, તે જરા પણ ન ચાલે. પણ તેથીયે વધુ વિદ્વત્તાનો દેખાવ કરે તો બિલકુલ ચલાવી ન લેવાય.

શ્રીહરિની બહુશ્રુતતા, વિદ્વત્તા તથા એમની યાદશક્તિ, તેમ જ યોગ્ય સમયે, યોગ્ય માત્રામાં, યોગ્ય રીતે, પોતે ધારી રાખેલા શાસ્ત્રોના સંદર્ભોને વાપરવાની અનુપમ કળા વગેરે આજના શિક્ષકોએ શ્રીહરિ પાસેથી શીખવાની જરૂર છે.

ભગવાન સ્વામિનારાયણનાં ઉપદેશ-વચનોમાં ઝલકતી એમની વિદ્વત્તાનો સ્પષ્ટ અણસાર ત્યારે આવે છે, જ્યારે એમની સરળ અને ૨૦૦ વર્ષ પહેલાંની ગુજરાતી બાનીમાં, ભારતીય સનાતન ધર્મના વૈદિક વારસાના ઢગલાબંધ ગ્રંથોના સંદર્ભો(રેફરન્સ) સહજતાથી અવતર્યા કરે છે. અહીં તેમાંના થોડા સંદર્ભ ગ્રંથોનાં નામ જોઈએ, જેથી શ્રીહરિની વિદ્વત્તાની રેન્જનો ખ્યાલ આવી શકે. શ્રીમદ્‌ભાગવત, શ્રીમદ્‌ભગવદ્ ગીતા, તૈતરીય અને ઐતરીય ઉપનિષદ, બૃહદારણ્યક અને છાંદોગ્ય ઉપનિષદ, વેદસ્તુતિનું ગદ્ય, મણિરત્નમાલા, ચર્પટપંજરી, મહાભારત-શાંતિપર્વ, મુંડક ઉપનિષદ અને સુબાલ ઉપનિષદ...

આ બધા ગ્રંથો શ્રીહરિ બાળવયે ભણ્યા હતા, પણ એમનાં સ્મરણોમાં સચવાયેલી સત્શાસ્ત્રોની રત્નકણિકાઓની રોશની, સમગ્ર ગ્રંથને તેમ જ વાચક વિદ્યાર્થીને નવો પ્રકાશ પૂરો પાડે છે. શિક્ષક જ્યારે વિદ્વત્તાના બોજ વિના સ્વીકાર્ય બનશે, ત્યારે વિદ્યાર્થીઓ પણ એમની બહુશ્રુતતામાંથી ખૂબ વાંચન અને ખૂબ ગ્રહણની પ્રેરણા લેતા રહેશે.

શિક્ષણ વ્યવસ્થાપન

મૅનેજમૅન્ટ ચાહે કોઈ પણ ક્ષેત્રનું હોય, પાયાના સિદ્ધાંતો બધે એક સમાન જ હોય છે. જો કે શિક્ષણ વ્યવસ્થાપનના એક મુદ્દાનું અહીં એટલા

માટે સ્મરણ કરવાનું કે વચનામૃતમાં શ્રીહરિએ તેને ખૂબ સહજ રીતે વણી લીધું છે.

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૪માં તેઓ કહે છે કે આપણા કરતાં ગુણોથી જે મોટા હોય તેમનામાં ગુરુભાવ રાખીને માન આપવું જોઈએ. જેઓ સમાન સ્તરના છે તેમની સાથે મિત્રભાવ રાખીને વ્યવહાર કરવો. અને જે પોતાનાથી નાના છે તેમને શીખવતા રહેવું, તેમની સાથે શિષ્યભાવે વર્તીને તેમને પ્રોત્સાહિત કરવા...

અહીં ભાવના જે ત્રણ પ્રકાર બતાવ્યા છે, તેમાં ક્યાંય નફરતભાવ, સ્વાર્થભાવ, ઉપેક્ષાભાવ જેવા શબ્દો આવ્યા ?

ગુરુભાવનો અર્થ છે – ઉપલી ખુરશીવાળાએ હંમેશાં સ્વીકારતા રહેવું અને શીખવતા રહેવું. મિત્રભાવનો મર્મ છે – બોસીઝમનો ત્યાગ અને પારદર્શકતાની ખાતરી. તો શિષ્યભાવનો અર્થ છે – શીખતા રહો, ભૂલો થાય, તો સ્વીકારતા રહો અને બને તેટલો સાથીઓ કે ઉપરીઓને સહયોગ આપતા રહો.

શ્રીહરિ કથિત આવી ભાવનાઓ ખરા અર્થમાં શિક્ષણ વ્યવસ્થાપનનું માળખું મજબૂત કરવાની જાણે મુખ્ય કૂંચી છે. અહીં એક નાનકડી ઘટના કહેવાનું રોકી શકાય તેમ નથી...

પ્રતિષ્ઠિત ગણાતી એક પ્રાઈવેટ શાળામાં ધોરણ ૯નો સેમિનાર પૂરો થયો. વક્તા અને તેમની સાથેના અતિથિઓ આચાર્યની ઑફિસમાં આવી પહોંચ્યા. સૌની નજર ચારે બાજુ આશ્ચર્યપૂર્વક ફરતી હતી. પસ્તી ભંડારની દુકાનમાં બેઠા હોઈએ, તેવો અનુભવ હતો. ઉપર સુધી બાઝેલાં જાળાંઓ, કબાટની વ્યવસ્થા વિના ધૂળ ખાતી ફાઈલો કે નોટબુકનાં બંડલો... કંઈક વિચિત્ર વાસ...

આચાર્યે બે-ત્રણ વાર ઘંટડી મારી પણ એક પણ પટાવાળો કે આયા બહેન પાણી આપવા ડોકાયાં નહીં !

'સોરી હોં સાહેબ, જરા પાણીનું કહીને આવું...' એમ કહીને આચાર્ય પૂરા ક્ષોભ સાથે જાતે જ ઊભા થયા. પાંચેક મિનિટ આમતેમ ફર્યા. છેવટે 'કોઈ નહીં, તો હું...' એમ જાતે જ પાણી ભરી લાવ્યા. ચહેરા ઉપર જાતે કામ કરવાની પીડા નહોતી, પણ વ્યવસ્થાને સુધારી ન શક્યાનો રંજ ડોકાઈ રહ્યો

હતો. આંખોમાં લાચારી હતી, વલણમાં નિષ્પ્રાણ થઈ રહેલી ગરોળીનો તરફડાટ હતો, અને આખું શરીર શરમના માર્યા જુદાં જુદાં વળ ખાતું હતું.

'શું કરીએ સાહેબ, ટ્રસ્ટીઓ આવે ત્યારે જ એ બધાં દોડી-દોડીને કામ કરે. સ્ટાફની નજરે અમારી કોઈ વેલ્યૂ જ નથી.' માહિતી જાતે જ સરી પડી.

જો કે પછીથી તો એ પણ જાણ થઈ કે લગભગ દૂરંદેશી વિનાના ટ્રસ્ટીઓ આ આચાર્ય કે શિક્ષકોને રોડના પથ્થર હોય તેમ બધાની વચ્ચે જ હલકી ભાષામાં ખખડાવતા રહેતા. અણઘડ નેતાગીરીએ આચાર્યના વ્યક્તિત્વને તદ્દન કાંતી નાખ્યું હતું... જ્યારે ચારેક વર્ષ પછી એ ટ્રસ્ટીઓને ફરી મળવાનું થયું, ત્યારે જાણ થઈ કે શાળા શિસ્ત, સહયોગ, સ્વચ્છતા, પ્રોત્સાહન અને ટીમવર્કના અભાવને કારણે તેમજ અધિકૃત વ્યક્તિઓને હંમેશાં દબડાવતા રહેવાની માનસિકતાને કારણે ૨,૨૦૦ વિદ્યાર્થીઓની સંખ્યામાંથી ઘટીને ૭૦૦ની સંખ્યા ઉપર આવીને અટકી ગઈ હતી ! અને ગયા વર્ષે તો તે અઢીસોની સંખ્યા પર અટકી ચૂકી છે !! હવે તો તે શાળાના અસ્તિત્વનો જ સવાલ ઊભો થયો છે...!!!

મિત્રો ! જ્યાં શાળાઓમાં ઉત્સાહની લાલિમા છે, સેવક ભાઈ-બહેનોની આંખોમાં દરેક આગંતુક માટે આદર છે, વસ્તુઓથી માંડી નોટિસ બૉર્ડ સુધી, આંગણાં કે પગલૂછણિયાંથી માંડી માઇક સિસ્ટમ, યુનિફૉર્મ અને વર્ગખંડોમાં લહેરાતી ખુશીની લહેરખી સાથેની વ્યવસ્થા હિલ્લોળ લે છે, તેવી શાળાઓના માળી જેવા ટ્રસ્ટીઓને મળ્યા છો ?

એક રમતોત્સવ પી.ટી.ના એક સરની દસ દિવસની અથાગ મહેનતથી પૂર્ણ થાય છે અને ટ્રસ્ટીઓ દ્વારા તેમને એ જ દિવસે એક આખો પગાર એક્સ્ટ્રા આપીને પ્રોત્સાહન અપાય છે. પ્રાર્થનાસભામાં સંગીત શિક્ષક બાળકોમાં વાજિંત્રો સાથેનો ભાવોદ્રેક ઉમેરી આપે છે, અને ટ્રસ્ટીઓ એ સંગીત-શિક્ષકને પૈસા અને તેને વ્યક્તિગત રીતે કામ લાગે તેવાં સાધનો વસાવી આપે છે. વૉચમેન સજાગતા દાખવે છે, કોઈ દીકરીઓની મશ્કરી ઉડાડતાં આવારાં તત્ત્વો સામે જંગ ખેલીને શાળાની સલામતીની આલબેલ પોકારે છે, તેના ઘરે એક વર્ષનું રાશન ટ્રસ્ટીઓ પોતાના ખર્ચમાંથી પહોંચાડી દે છે. એ ટ્રસ્ટીઓ કોઈ પણ શાળામાં જાય છે, ત્યાંથી નવું, સારું અને ઉપયોગી મટીરિયલ લેતા આવે છે. શાળાના ખૂણેખૂણાને સજાવવા અને

વિદ્યાર્થી તેમજ સ્ટાફનાં દિલ-દિમાગને અજવાળવાં જાતે જ જાગતા રહે છે.

એક આવા જ ટ્રસ્ટીનો અનુભવ સાંભળો :

"જો શિક્ષક પૂર્વતૈયારી કરીને જાતના સુધારા ન કરે, તો વિદ્યાર્થીઓ જાકારો આપે છે. અને અમે ટ્રસ્ટીઓ કે સંચાલકો સતત સુધારણા અને અપગ્રેડેશનની તૈયારીઓ નથી કરતા, ત્યારે સુજ્ઞ વાલીઓ જાકારો આપે છે. અમે સ્વીકારની દુનિયાનાં દર્શન ઇચ્છીએ છીએ, અને એટલે માનીએ છીએ કે સુધારાને કોઈ સીમા નથી હોતી..."

સ્વાગત, નવીનતાનું...

જ્યાં પાઠશાળા છે, ત્યાં પ્રયોગશાળા છે. જ્યાં પ્રયોગશાળા છે, ત્યાં પ્રયોગો છે, અને જ્યાં પ્રયોગો છે, ત્યાં નવીનતાનું નવનીત છે.

શ્રીહરિએ પણ પરંપરાગત રીતે ચાલી આવતી અનેક વિચારધારાને દૂર કરી હતી અને નૂતન પ્રયોગો, નૂતન વિચારો અને એક જ શાસ્ત્રના વિચારોને જડતાપૂર્વક વળગી રહેવા કરતાં, ચાર જુદાં જુદાં શાસ્ત્રોનો અદ્‌ભુત સમન્વય કરીને પોતાની સમજાવટના સિદ્ધાંતોમાં પ્રાણ પૂર્યા હતા.

ગઢડા પ્રથમ પ્રકરણ ૧૯ જુઓ. જ્યાં ભગવાન સ્વામિનારાયણે માત્ર ધર્મની કે માત્ર જ્ઞાન કે વૈરાગ્યની કે માત્ર ભક્તિની મહત્તા નથી ગાઈ. ચારેયને એકબીજાની અપેક્ષા છે, તે વાતને વિસ્તારપૂર્વક અને પૂરી નવીનતાથી છણાવટ કરીને સમજાવ્યું છે.

ગઢડા પ્રથમ પ્રકરણ ૫૨માં એમણે સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, વેદાંત-શાસ્ત્ર અને પંચરાત્ર આ દરેકની મર્યાદાઓ જણાવી છે, તો સાથે જ દરેકની વિશેષતાઓ પણ જણાવી છે. આ ચારે શાસ્ત્રોના સમન્વયથી જે નવી જ સ્પષ્ટતા ઊભી થઈ, તે રજૂ કરીને શ્રીહરિએ એ સમજાવવા પહેલ કરી છે કે કોઈ પણ શિક્ષક કે કેળવણીકાર એમ માને કે 'મારું જ સાચું અને બીજાનું ખોટું કે નબળું;' તો એ વિદ્યાર્થી કે શિક્ષક નવીન વિચારોના સ્વીકારથી માઈલો દૂર થઈ શકે છે.

એ. પી. જે. અબ્દુલ કલામ સાહેબ પોતાનાં મંથન મોતીઓ જણાવતાં કહે છે કે "શિક્ષકો કોઈ પણ દેશની કરોડરજ્જુ સમાન છે. એ જ એક એવો સ્તંભ છે, જેને કારણે દેશની પેઢી દેશનાં સ્વપ્નો સાકાર કરવા સક્ષમ બને છે.

શીખવા માટે વિચારવાનું અને કલ્પના કરવા માટે વાતાવરણ બનાવવાનું સ્વાતંત્ર્ય જરૂરી છે. શિક્ષણ-વ્યવસ્થા અને શિક્ષકોએ આ બંને માટે સગવડ ઊભી કરવાની છે. શિક્ષકે શિક્ષણને જ નહીં, બાળકોને પણ ચાહવાના છે. તેમને માત્ર સૈદ્ધાંતિક અને વ્યવહારુ બાબતો જણાવો. સમાજની સભ્યતાનો વારસો અને મૂલ્યોનું શિક્ષણ પણ તેમનામાં સીંચીને વ્યક્તિત્વનો નક્કર પાયો નાખવાનો છે...''

પણ આ બધું કેવી રીતે બને? નવી પ્રણાલી, નવા વિચારો, નવી વ્યક્તિઓ, નવાં સાધનો અને નવી શૈલી આવકારવાનાં બારી-બારણાં જ નહીં, વેન્ટિલેશન સુધ્ધાં પેક કરીને બેઠા હોઈએ ત્યારે આંતરિક ચેતનાની ચિનગારી જેવો શિક્ષક જાણે હોળીનાં અડધાં લાકડાંની જેમ ધૂંધવાતો રહે છે. આ સમયે આપણે એવા જ બાળકો તૈયાર કરી શકીશું, જે સમાજને નહીંવત્ ઉપયોગી હોય.

આથી જ આપણે એટલું નક્કી કરી રાખીએ કે આપણે અસાધારણ પ્રતિભાઓને વિકસાવીને, ખરા અર્થમાં ખોટાનો પ્રલય અને સાચાનું નિર્માણ કરવું હોય, તો નાવીન્યનો સ્વીકાર અને સારપનો સમન્વય અનિવાર્ય છે...

ઉપસંહાર

એ પ્રશ્ન ઘણાનો છે કે શિક્ષકનું કામ તો વિદ્યાર્થીઓને ભણાવવા સાથે! શિક્ષકનું વ્યક્તિગત જીવન ભલેને ગમે તેવું હોય, તેની કોઈ અસર વિદ્યાર્થી ઉપર પડતી નથી. આ માન્યતા અસત્યની ખૂબ જ નજીક છે.

કચકડામાં મઢેલી ત્રણ કલાકની ફિલ્મની અસર જોનારના મન ઉપર પ્રગાઢ રીતે પડતી હોય, જેલ કે હૉસ્પિટલની માત્ર એકાદ કલાકની મુલાકાતની અસર દિવસો સુધી મન ઉપર દુઃખ અને ઉદાસી ભરી દેતી હોય, તો શિક્ષક તો એક જીવંત વ્યક્તિત્વ છે. રોજના પાંચ કલાક એ બાળકની સામે અને સાથે હોય છે. તેનાં વ્યક્તિત્વની, વિચારોની, વલણની અસર બાળક ઉપર શા માટે ન થાય? અને જો અસર જ ન થતી હોય તો એ શિક્ષક કહેવાય પણ કેવી રીતે?

યુગોથી માણસ ગુરુ-શિષ્ય સંબંધની પ્રણાલીથી જ્ઞાન મેળવતો રહ્યો છે. આપણી જ્ઞાન-ઉપાર્જન અને જ્ઞાન-વિતરણ કે પછી જ્ઞાન-વિસ્તરણની મથામણનું

પરિણામ શું આવ્યું છે?

જાણીતા શિક્ષણવિદ્ દક્ષેશ ઠાકરે નોંધ્યું છે કે રોટલા ઉપર જેમ તેને ઘડનારી આંગળીઓની છાપ અંકાયેલી હોય, તેમ આપણે તો માણસોને ઘડવાના છે, કેળવવાના છે. જેને આપણે ઘડીએ છીએ, તેના ઉપર આપણી કશી છાપ ઊભી છે કે નહીં તે તપાસવાનું કામ કોણ કરે છે?

છેલ્લાં ૨૦૦ વર્ષમાં વચનામૃતના આધારે કેળવાયેલા એવા લાખો સંતો, ભક્તો, યુવાનો મળી આવશે, જેમાં સનાતન વૈદિક વારસાની ખુશ્બૂનો અનુભવ થાય. નિયમ, ધર્મ, જ્ઞાન, સકારાત્મક વલણ, અનેક પ્રકારના સ્વભાવની કમજોરીથી પર ઊઠ્યાની પવિત્રતા, આ બધી આંતર કેળવણીમાં જાણે શ્રીહરિની આંગળીઓની છાપ દેખાઈ રહી છે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૦માં શ્રીહરિ આવું જ શિક્ષણ પામેલા પોતાના વિદ્યાર્થી સાધકોને જોઈને જાણે સંતોષ વ્યક્ત કરતા હોય તેમ કહે છે કે આવી ભગવાનની વાર્તા થાય છે (એટલે કે તમને તાલીમ અપાય છે) તેને ધાર્યા-વિચાર્યા કરે, તો આ સત્સંગનો (પ્રશિક્ષણનો, કેળવણીનો) પ્રતાપ એવો છે કે રજોગુણ-તમોગુણના ઘાટની નિવૃત્તિ થાય છે. (એટલે કે વિદ્યાર્થી સાચા અર્થમાં શાંત, ધીર, ગંભીર અને અંતઃસ્થ માનસિકતાની લગોલગ પહોંચી જાય છે)

એક શિક્ષક માટે વિદ્યાર્થીમાં આવેલું આવું મોટું પરિવર્તન એ શાશ્વત સંપ્રાપ્તિથી જરા પણ ઓછું નથી...

શ્રીહરિની અદ્વિતીય શિક્ષણ-પદ્ધતિને આજની શિક્ષણ-પદ્ધતિઓ સાથે સરખાવીએ તો કેટલીક એવી બાબતોની સ્પષ્ટતા જરૂર થશે કે જે આજના શિક્ષકોમાં પણ ઉમેરવાની જરૂર હોય...

૧. ભણાવવાની પદ્ધતિ સુગમ હોય...
   'આ વાત તો સર્વને સમજાય તેવી સુગમ છે.' (વચ. ગ.પ્ર. ૧૮)
૨. અભ્યાસમાં સારાંશ પ્રાપ્ત થતો હોય...
   આ વાર્તા કહીશું તેમાં કલ્યાણને અર્થે સર્વ સાધનમાત્ર આવી જાય છે. (વચ. ગ.મ. ૧૨)
૩. ભણાવવામાં અનુભવનો અર્ક વિદ્યાર્થીઓને પ્રાપ્ત થતો હોય...
   'આ જે વાત છે તે... મારા અનુભવે કરીને પણ મેં સિદ્ધ કરી છે.'

(વચ. ગ.મ. ૧૩)

૪. વિદ્યાર્થીઓ ન જાણતા હોય તેવો, કોઈ અનન્ય જીવનવિકાસ માટેનો સિદ્ધાંત અવારનવાર રજૂ કરવો...
'આવી વાત તો અમે કોઈ દિવસ કરી નથી.' (વચ. ગ.અં. ૨૩)

૫. જે કંઈક કર્મ કરે તે આનંદ પામે. માત્ર બોલે તે આનંદ કેમ મેળવી શકે? – આ સિદ્ધાંત દૃઢ કરાવવાનો હોય...
'આત્માના સુખનો અનુભવ ને આનંદ થાય છે તેવો એની કેવળ વાત કરે તેણે કરીને થતો નથી...' (વચ. ગ.અં. ૨૭)

૬. જેમાં વિદ્યાર્થીનું આંતર-બાહ્ય હિત જ સમાયેલું હોય...
'જો આવી વાર્તા સમજી રાખી હોય... તો એના જીવનું બહુ સારું થાય; માટે આ વાર્તા કરી છે.' (વચ. ગ.અં. ૩૭)

૭. વિદ્યાર્થીઓની સમસ્યા હલ થાય તેવી કેળવણી અપાતી હોય...
'જેમ બાહેર ગૂમડું થયું હોય તેને ઓષધ ચોપડે ત્યારે જ કરાર થાય પણ કેવળ વાર્તા સાંભળ્યે કરાર થાય નહીં.' (વચ. ગ.મ. ૨)

૮. ભણાવવાના કન્ટેન્ટમાં શિક્ષકનું ઊંડાણ હોય...
'સર્વે ગ્રંથનો એ જ ગલિતાર્થ છે. આ જે અમે વાત કરી છે તે સર્વે શાસ્ત્રનું રહસ્ય છે.' (વચ. ગ.મ. ૧) તથા ઉત્કૃષ્ટ જ્ઞાનવાળો વક્તા મળે તો સર્વોત્કૃષ્ટ નિશ્ચય થાય. (વચ. લો. ૧૨)

હા, વચનામૃતમાં કેટલીક બાબતો વારંવાર પુનરાવર્તિત થતી જણાય છે. અને યાદ રહે, શિક્ષણની પ્રણાલીમાં જે ચાર 'આર' છે તેમાં રીડિંગ, રાઈટિંગ, રિસાઈટેશન અને રિવિઝન છે. તેમાં એક ઉમદા શિક્ષક તરીકે શ્રીહરિએ કેટલીક મહત્ત્વની વાતો વારંવાર રિવિઝનના ભાગરૂપે ઉચ્ચારી છે. જેનો હેતુ હતો – શ્રોતાઓનાં મન-હૃદયમાં સિદ્ધાંતને દૃઢ કરાવવો.

એક વાર કાકા કાલેલકરે એક શિક્ષકને પૂછ્યું હતું કે છોકરાઓને એકની એક વાત વીસ વખત કહેતાં તમને કંટાળો નથી આવતો? ત્યારે તે શિક્ષકે જણાવેલું કે 'ઓગણીસ વાર મેં કહેલું નકામું ન જાય, એટલા માટે જ હું વીસમી વખત પણ કહું છું...'

બાળકોને કે કર્મચારીઓને, સેવકોને કે કુટુંબીઓને ભૂલ થાય ત્યારે તે બાબત વારંવાર કહેવી જરૂરી છે. કારણ કે, તેઓ કહેતા કે કેળવણી એક

લડત છે. જો તાલીમ આપનારનો પક્ષ હારી બેસે છે, તો જગતની શક્તિ નામશેષ થઈ જશે. માટે એક જ રસ્તો છે – ફરી ફરી સમજાવો અને ફરી ફરી જાગ્રત કરો. અખૂટ ધીરજ ધરો અને સમયે-સમયે સાવધ કરો.

વારંવાર આ અનેક બાબતો ઉપર કહેતા રહેવાની શ્રીહરિની શ્રદ્ધા જોઈને શિક્ષકની ઉચ્ચ ભાવનાઓનો અનુભવ થયા વિના રહેતો નથી.

અંતે એટલું જ કહેવાનું કે જગતના ઉદ્ધારની જવાબદારી શિક્ષક અને સાધુ જેટલી બીજા કોઈની નથી. અને નવાઈ એ છે કે તેમને એ ઉત્તરદાયિત્વ લેવાનું કોઈએ સોંપ્યું નથી હોતું, છતાં તેઓ અનન્ય ઉત્સાહ અને સાચા ઊંડાણ સાથે સમાજ-ઉદ્ધાર માટે મક્કમપણે સક્રિય રહે છે.

વચનામૃતમાં જગતના ઉદ્ધાર સાથે સમાજ-કલ્યાણની આવી ભાવનાનાં દર્શન પાને-પાને થઈ રહ્યાં છે. અને ત્યાંથી નીકળી રહ્યા છે :

સરસ્વતીની વીણાવાદન જેવા કૌશલ્યના ઝણકાર.


સરસ્વતીના હંસ જેવી પવિત્રતાની ઉડાન.

અને સરસ્વતીની જ્ઞાન-સમૃદ્ધિનો ભંડાર !

તમે જાણો જ છો કે સરસ્વતી હંમેશાં શ્વેત કમળ ઉપર આસન ગ્રહણ કરે છે. આવો, શ્રીહરિના પુનિત હૃદયસ્થાને બિરાજેલી સરસ્વતીના એમણે જ જણાવેલા સિદ્ધાંતોને આત્મસાત્ કરીએ અને શિક્ષણના ક્ષેત્રને વધુ ને વધુ ઉજાગર કરીએ.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

(૧૯૨૧-૨૦૧૬)




બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ

પ્રમુખસ્વામી મહારાજ એટલે 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!' જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર એક વિરલ સંતવિભૂતિ. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ આ વિશ્વવંદનીય સંતે નિર્વ્યાજ વાત્સલ્યવર્ષામાં બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલા કે અભણ, દેશ કે વિદેશના સૌ કોઈને ધન્ય કર્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ; ૨,૫૦,૦૦૦થીય વધુ ઘરોની મુલાકાત; ૭,૦૦,૦૦૦થીય વધુ પત્રોનું લેખન; કરોડોની વ્યક્તિગત મુલાકાત વગેરે દ્વારા આ મહાન સંતે અસંખ્યનો જીવન-ઉત્કર્ષ કર્યો છે. અક્ષરધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧,૧૦૦થીય વધુ મંદિરોનું સર્જન કરીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે. ભારત અને વિશ્વના અનેક દેશોમાં અનેક કુદરતી આપત્તિઓમાં તારાજ થયેલા લોકો માટે આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. એટલે જ, આંતરરાષ્ટ્રીય ધુરંધરોથી લઈને આદિવાસી સુધીના અસંખ્ય લોકોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે. સાધુતાના શિખર સમાન આ મહાન સંતની વિરાટ સિદ્ધિઓનું રહસ્ય એટલે પરમાત્માનો સાક્ષાત્કાર. અસંખ્યોએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ અધ્યાત્મ-શિખર પ્રાપ્ત કર્યું છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

(જન્મ : તા. ૧૩-૯-'૩૩, જબલપુર, મધ્ય પ્રદેશ)



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજ

પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક વિરલ સંતવિભૂતિ છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પુરોગામી ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૬૧માં તીર્થધામ ગઢડા ખાતે એક સાથે ૫૧ સુશિક્ષિત નવયુવાનોને દીક્ષા આપ્યા બાદ નવદીક્ષિતોના મહંત તરીકે તેમને નિયુક્ત કર્યા ત્યારથી તેઓ 'મહંત સ્વામી'ના નામે વિશેષ આદરણીય બન્યા. તપ, વ્રત, સંયમ, ભક્તિ, સાધુતા, વિનમ્રતા, સરળતા ને બુદ્ધિમત્તા વગેરે અનેક સદ્‌ગુણો અને સેવામય જીવનથી તેઓ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સતત પ્રસન્નતા પામતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેક સેવા-પ્રવૃત્તિઓમાં નેતૃત્વ પૂરું પાડીને તેમણે સેવકભાવે અનન્ય સેવાઓ આપી છે. સંસ્થાના વિરાટ આંતરરાષ્ટ્રીય મહોત્સવો, અક્ષરધામ જેવાં મહાન સર્જનો, બાળ-યુવા પ્રવૃત્તિઓ વગેરેમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું છે. તેમનાં ગહન ચિંતનશીલ વ્યાખ્યાનોએ લાખો લોકોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી છે; તેમની ભગવન્મય પ્રતિભા અને સાધુતાએ સંતો, હરિભક્તો અને અસંખ્ય ભાવિકોનાં જીવન પર ઊંડો પ્રભાવ પાથર્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના છઠ્ઠા ગુરુદેવ તરીકે બિરાજીને તેઓ પ્રમુખસ્વામી મહારાજે વિસ્તારેલાં વિરાટ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોના સૂત્રધાર તેમજ લાખો આબાલવૃદ્ધ ભક્તોના ગુરુદેવ બન્યા છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે તેઓ, બી.એ.પી.એસ.ના અસંખ્ય ભક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે.

1819–2019

વચનામૃત

દ્વિશતાબ્દી મહોત્સવ

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને
એક વિરાટ અને કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું.
એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો.
એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન
અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો.
નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને પ્રમાણિત પણ કર્યો.
આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે.
જેમાં વેદ-વેદાંત-પુરાણ-ઇતિહાસ-સ્મૃતિ ગ્રંથો વગેરે તમામ શાસ્ત્રોનો
અનુભવ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકે છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા
ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે.
તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ, અદ્‌ભુત, અનુભવપૂર્ણ માર્ગદર્શન છે.
આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.
પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે
વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વિવિધ દૃષ્ટિકોણથી વચનામૃતનું આચમન કરાવતી
આ પુસ્તિકા-શ્રેણીને માણીએ અને વચનામૃતને હૈયે ઊતારીએ...

स्वामिनारायण
BAPS

B G 3 7 3
ISBN 978-81-7526-963-7